અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : 08 જુલાઈ 2026 બુધવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 8

વર્ષ : 18
અંક : 09

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ચીનનો નવો 'મિસાઈલ મેસેજ': પરમાણુ સબમરીનમાંથી બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ, હિન્દ મહાસાગરમાં.....

4

ટીકા કરવી એ વિરોધ નથી પણ લોકશાહીનો સાચો મર્મ છે

6

આમિરની 'લલકારા' પહેલાં શાહરુખ અને રાજુ હિરાની આ બાયોપિક બનાવવાના હતા

7

ચાંદી ₹4,408 ઘટીને ₹2.29 લાખ પર આવી: સોનું ₹1,442 સસ્તું થઈને ₹1.44 લાખનું થયું

# PM મોદીનો ઈન્ડોનેશિયાથી ચીનને કડક સંદેશ

## ભારત સ્વતંત્ર ઈન્ડો-પેસિફિકનો સમર્થક છે, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ બોલ્યા- હું મોદીનું કરિયર કોપી કરું છું

**જકાર્તા, તા.07**

PM મોદીએ કહ્યું, 'ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિનો પક્ષકાર છે. બધા દેશો આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરે અને દરિયાઈ માર્ગો બધા માટે ખુલ્લા રહે.' મોદીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે આ ક્ષેત્રમાં ચીનની વધતી ગતિવિધિઓને લઈને ઘણા દેશોની ચિંતા વધી છે. બીજી તરફ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવોએ મોદીના વખાણ કરતા કહ્યું, 'હું તમારી કારકિર્દીની નકલ કરું છું.' તેમણે આટલું કહેતા જ તાળીઓ પડવા લાગી. તેમણે કહ્યું, 'મોદી સરકારની ઘણી યોજનાઓ સફળ રહી છે. તેથી તેઓ તેમને અપનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સારું થયું કે આ યોજનાઓ પર 'કોપીરાઈટ' નથી. ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે મંગળવારે જકાર્તામાં 20 કરારો થયા. સૌથી મહત્વપૂર્ણ બ્રહ્મોસ ડીલ રહી. આ અંગે બંને દેશો વચ્ચે છેલ્લા 4 મહિનાથી વાતચીત ચાલી રહી હતી. ભારત ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ મિસાઈલના વધારાના યુનિટ આપશે. આ સાથે ફિલિપાઈન્સ, વિયેતનામ પછી ઈન્ડોનેશિયા બ્રહ્મોસ ખરીદનાર ત્રીજો દેશ બની ગયો છે. વડાપ્રધાન સાંજે જકાર્તામાં ભારતીય સમુદાયને સંબોધિત કરશે. તેઓ બુધવારે ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન જશે. આ મંદિર 1000 વર્ષથી પણ વધુ જૂનું છે. ભારત અને ઈન્ડોનેશિયા માત્ર સમુદ્રથી જ નહીં, પરંતુ સહિયારા ઈતિહાસથી પણ જોડાયેલા છે. આપણા સંબંધોના મૂળ રામાયણ અને મહાભારતના વારસામાં છે. ઈન્ડોનેશિયાનું રાષ્ટ્રીય પ્રતીક ગરુડ પણ આપણા સાંસ્કૃતિક સંબંધોની ઓળખ છે. બાલી જાત્રા જેવા ઉત્સવો આપણી સહિયારી પરંપરાઓને દર્શાવે છે. છેલ્લા એક દાયકામાં ભારત-ઈન્ડોનેશિયા વચ્ચેનો વેપાર વધીને 25 અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. આજે આખી દુનિયા અવકાશ ક્ષેત્રમાં ભારતની ક્ષમતાને માને છે. આ ક્ષેત્રમાં ભારત, ઈન્ડોનેશિયાને પોતાનો મહત્વનો ભાગીદાર માને છે. આપણી રાજધાનીઓ ભલે હજારો કિમી દૂર હોય, પરંતુ સમુદ્રમાં આપણી વચ્ચે 150 કિમીનું



જ અંતર છે. બીજા દેશોમાં ભલે સમુદ્ર અંતરનું કારણ રહ્યો હોય, પરંતુ ભારત અને ઈન્ડોનેશિયા માટે સમુદ્ર એક સેતુ છે.

અસ્ત્ર એર-ટુ-એર મિસાઈલની ખરીદી ઈન્ડોનેશિયાએ ભારતમાં વિકસિત અસ્ત્ર એર-ટુ-એર મિસાઈલ ખરીદવાનો નિર્ણય લીધો છે. બ્રહ્મોસ મિસાઈલ સહયોગનું વિસ્તરણ ભારત ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમની વધારાની બેટરીઓ સપ્લાય કરવામાં સહયોગ કરશે. સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવો બંને દેશો સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા અને તેમની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા સંમત થયા. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) પર સહયોગ ભારત ઈન્ડોનેશિયાની જરૂરિયાતોને અનુરૂપ વિશિષ્ટ EVM વિકસાવવામાં મદદ કરશે. મહત્વપૂર્ણ ખનિજોમાં રોકાણ ભારત ઈન્ડોનેશિયામાં સ્ટીલ, નિકલ અને રેયર અર્થ પરમેનન્ચ મેગ્નેન્ટના ઉત્પાદનમાં રોકાણ કરશે. સબાંગ બંદરનો સંયુક્ત વિકાસ બંને દેશો સંયુક્ત રીતે સબાંગ બંદરનો વિકાસ કરશે, જેનાથી દરિયાઈ સંપર્ક અને વ્યૂહાત્મક સહયોગ વધશે. દરિયાઈ સુરક્ષા સહયોગ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા અને દરિયાઈ જોડાણને મજબૂત બનાવવા માટે એક કરાર થયો. વ્યૂહાત્મક માળખાગત સુવિધાઓનો વિકાસ બંને દેશોએ વ્યૂહાત્મક માળખાગત પ્રોજેક્ટ્સ પર સહયોગ વધારવાનો નિર્ણય કર્યો. વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવી બંને નેતાઓ 2018માં સ્થાપિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ આપવા સંમત થયા. પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં સહયોગ રક્ષા, દરિયાઈ સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો, ચૂંટણી ટેકનોલોજી અને વ્યૂહાત્મક માળખાગત સુવિધાઓ સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કરાર થયા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'બિંતાંગ આદિપૂર્ણા ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા' મેડલ ઓફ ઓનરથી સન્માનિત કર્યા. આ ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.

દુનિયામાં મચેલી ઉથલપાથલના આ સમયમાં, ભારત માને છે કે સંવાદ અને રાજદ્વારીની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. પેલેસ્ટાઈન મુદ્દા અંગે, અમે 'ટુ-સ્ટેટ સોલ્યુશન' (બે-દેશ સમાધાન) અને કાયમી શાંતિનું સમર્થન કરીએ છીએ. આપણા બંને રાષ્ટ્રો માટે એક સુવર્ણ યુગ રાહ જોઈ રહ્યો છે. આપણે ઈતિહાસમાં સમાન સાંસ્કૃતિક વારસો, વર્તમાનમાં પરસ્પર વિશ્વાસ અને ભવિષ્યમાં સહિયારી સમૃદ્ધિના ભાગીદાર છીએ. મને પૂરો વિશ્વાસ છે કે આપણે સાથે મળીને 'ઈન્ડોનેશિયા એમાસ' (સુવર્ણ ઈન્ડોનેશિયા) અને વિકસિત ભારતના સપનાં સાકાર કરીશું. લોકશાહી મૂલ્યો અને વિવિધતામાં એકતા એ ભારત અને ઈન્ડોનેશિયા બંનેની સહિયારી તાકાત રહી છે. બંને દેશોના ચૂંટણી પંચો વચ્ચેના સમજૂતી કરાર (MoU) દ્વારા અમે અમારા લોકશાહી સહયોગને વધુ મજબૂત કરવા માટે સજ્જ છીએ. વૈશ્વિક મુદ્દાઓ પર ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેનો સહયોગ પણ સતત વધી રહ્યો છે. ઈન્ડો-પેસિફિક અંગેના અમારા દ્રષ્ટિકોણમાં પણ સમાનતા છે. ભારતે હંમેશાં આસિયાન (ASEAN)ની કેન્દ્રીય ભૂમિકાને વિશેષ મહત્વ આપ્યું છે.

## રામ મંદિર દાન ચોરી કેસ : 3 આરોપીઓના 24 કલાકના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર, સામસામે બેસાડી કરાશે પૂછપરછ

**અયોધ્યા, તા.07**

અયોધ્યાના રામ મંદિર દાન ચોરી મામલામાં તપાસ તેજ થઈ ગઈ છે. અયોધ્યા કોર્ટે આ મામલામાં ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓના 24 કલાકના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરી દીધા છે. પોલીસ હવે ત્રણેય આરોપીઓને સામસામે બેસાડીને પૂછપરછ કરશે, અને મામલા સાથે જોડાયેલા પુરાવા એકત્રિત કરવાનો પ્રયાસ કરશે. કોર્ટના આદેશ અનુસાર, આરોપી લવકુશ મિશ્રા, અનુકલ્પ મિશ્રા અને કરુણેશ પાંડે 24 કલાક સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ પર રહેશે. અયોધ્યા પોલીસ બુધવારે સવારે 10 વાગ્યાથી ત્રણેયની પૂછપરછ શરૂ કરશે. તપાસ દરમિયાન પોલીસ ત્રણેય આરોપીઓને તેમના ઠેકાણા પર પણ લઈ જશે. ત્યાં કૌભાંડ સાથે જોડાયેલી સામગ્રી અને અન્ય પુરાવાઓ રિકવર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તપાસ એજન્સીઓના નિશાન પર અનુકલ્પ મિશ્રાની તાજેતરમાં ખરીદાયેલી મિલકતો પણ છે. પોલીસ તેના નવા ઘર અને ગાડીને લઈને પણ પૂછપરછ કરશે. જરૂર પડ્યે આ સ્થળોની તલાશી પણ લેવામાં આવશે. આ દરમિયાન મામલામાં રચાયેલી સ્પેશિયલ



ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT)નો વચગાળાનો અહેવાલ પણ સામે આવ્યો છે. અહેવાલમાં પ્રથમ દૃષ્ટિએ 6 લોકોની સંલિપ્તતા હોવાનું જણાવવામાં આવ્યું છે. જેમાં અવનીશ શુક્લા, અનુજ કુમાર મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કૃષ્ણમ પાંડે અને રામશંકર મિશ્રાના નામ સામેલ છે. SITએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે, સંબંધિત લોકોએ સુરક્ષાના પગલાંનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કર્યું ન હતું. નિયમોના પાલનમાં ખામીઓ હોવાની જાણકારી હોવા છતાં, પૂરતા સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા. આનાથી કથિત ગેરરીતિઓને રોકવામાં બેદરકારી સામે આવી છે. રિપોર્ટ અનુસાર, તપાસ દરમિયાન CCTV ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. ટ્રસ્ટે SITને જણાવ્યું કે, CCTV સિસ્ટમની સ્ટોરેજ ક્ષમતા મર્યાદિત હતી. આ જ કારણે ફૂટેજ એક નક્કી સમયગાળા પછી આપમેળે ડિલીટ થઈ જતા હતા.

## મહારાષ્ટ્રમાં 'કેબ સેવા'ના નિયમોમાં ફેરફાર, બાઈક-ટેક્સી નહીં ચલાવી શકે બહારના લોકો, મરાઠી પણ ફરજિયાત

**મુંબઈ, તા.07**

મહારાષ્ટ્રમાં સરકારે બાઈક-ટેક્સી સેવાઓના સંચાલનને લઈને એક મોટો નિર્ણય લીધો છે. રેપિડો, ઓલા, ઉબેર કે અન્ય એગ્રીગેટર્સની બાઈક-ટેક્સી સેવાઓ માટે હવે ડોમિસાઈલ એટલે કે સ્થાનિક નિવાસી પ્રમાણપત્ર (Domicile Certificate) ફરજિયાત રહેશે. તેનો અર્થ એ કે જેઓ મહારાષ્ટ્રના મૂળ નિવાસી હશે, તેઓ જ બાઈક-ટેક્સી ચલાવી શકશે. આ સાથે જ તેમને મરાઠી ભાષા આવડવી પણ ફરજિયાત છે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં આ અંગેની માહિતી આપી. પ્રશ્નકાળ દરમિયાન શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડે દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં તેમણે આ જાહેરાત કરી હતી. મહારાષ્ટ્રમાં હાલ 3.5 લાખથી વધુ બાઈક-ટેક્સીઓ રસ્તા પર દોડી રહી છે. જોકે, તેના માટે કોઈ કડક નિયમો નક્કી ન હોવાના કારણે સતત સવાલો ઉઠી રહ્યા હતા. ત્યારબાદ હવે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે અનધિકૃત એપ આધારિત લાખો બાઈક-ટેક્સી સેવાઓને



નિયમિત કરવાની દિશામાં આ મહત્ત્વનું પગલું ભર્યું છે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં જણાવ્યું કે, આગામી 1 ઓગસ્ટથી એપ આધારિત બાઈક સેવાઓ માટે નવા પરમિટ જારી કરવામાં આવશે.

પરિવહન મંત્રીએ આગળ જણાવ્યું કે, બાઈક-ટેક્સી ઓપરેટર્સે સરકારને દરરોજ 5 રૂપિયા ફી ચૂકવવી પડશે. આ ફી દ્વારા થનારી આવકના 2% વેલફેર ફંડ એટલે કે કલ્યાણ કોષમાં જમા કરવામાં આવશે અને આ રકમનો ઉપયોગ જનકલ્યાણના કાર્યો માટે કરવામાં આવશે.

બાઈક-ટેક્સી મુદ્દે આજે 7 જુલાઈ, મંગળવારના રોજ વિધાનસભામાં સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડેએ કહ્યું કે, ગેરકાયદેસર બાઈક-ટેક્સી ઓપરેટર્સના કારણે ઓટો અને ટેક્સી ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરે જૂથના ધારાસભ્ય સુનીલ પ્રભુએ પણ અનેક બાઈક-ટેક્સી ચાલકો દારૂના નશામાં વાહન ચલાવતા હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ બાબતે પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે આશ્વાસન આપ્યું હતું કે, નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પરિવહન વિભાગને એક વિશેષ અભિયાન ચલાવવાનો નિર્દેશ આપવામાં આવશે.

# રામ મંદિર પર બોલનારા વકફ જમીન કૌભાંડ પર કેમ ચૂપ છે?, યોગી આદિત્યનાથના સપા-કોંગ્રેસ પર પ્રહાર

**પ્રતાપગઢ, તા.07**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે(7 July, 2026) પ્રતાપગઢમાં એક જનસભાને સંબોધતા સમાજવાદી પાર્ટી(SP) અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મુખ્યમંત્રીએ અયોધ્યા રામ મંદિરના દાનની ચોરીના કેસનો ઉલ્લેખ કરીને વિપક્ષ પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે અયોધ્યાની એક ઘટનાને લઈને હિન્દુ આસ્થા પર હુમલો કરતો વિપક્ષ વકફ બોર્ડની જમીનોના મુદ્દે કેમ મૌન છે?

વિપક્ષી પાર્ટીઓ પર આકરા કટાક્ષ કરતાં યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, 'સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના રાજકીય યુ-ટર્ન જોઈને તો કાચિંડા પણ શરમાઈ જાય. આજે અયોધ્યા વૈશ્વિક સ્તરે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને દેશ-વિદેશમાંથી લાખો લોકો ત્યાં આવી રહ્યા છે. જેનું વિપક્ષને ભારે દુ:ખ થઈ રહ્યું છે. આ લોકો માત્ર એક ઘટનાને પકડીને તેને એટલી



ચગાવી રહ્યા છે. જેથી હિન્દુઓનું અપમાન કરી શકાય અને તેમની આસ્થાને ઠેસ પહોંચાડી શકાય.'

યોગીએ વિપક્ષને સવાલ કર્યો કે, 'હું સપા અને કોંગ્રેસને પૂછવા માંગુ છું કે અયોધ્યામાં થયેલી ચોરી પર તમે હિન્દુ આસ્થા સાથે રમત રમી રહ્યા છો, પરંતુ વકફના નામે વેચાયેલી હજારો હેક્ટર જમીન પર તમે ક્યારેય એક પણ શબ્દ બોલ્યા છો?' સીએમ યોગીએ દાવો કર્યો કે જે જમીન ગરીબો અને નબળા વર્ગના લોકોને ફાળવી શકાતી હતી, તેને કેટલાક ચોક્કસ લોકો દ્વારા વકફના નામે કબજે કરીને વેચી દેવામાં આવી. છતાં કોંગ્રેસ કે સપા આ મુદ્દે મોઢા પર તાળા લગાવીને બેઠા છે. રામ મંદિર કેસમાં ત્વરિત એક્શન: રામ જન્મભૂમિ ટ્રસ્ટે પોતે આ મામલે SIT તપાસની માંગ કરી હતી. SIT તપાસના આધારે તાત્કાલિક FIR નોંધીને પુરાવા મળતા જ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ચૂંટણી નજીક આવતા વિપક્ષ દ્વારા જ્ઞાતિવાદ અને ધાર્મિક ભાગલા પાડવાની રાજનીતિ શરૂ કરાઈ હોવાનો આરોપ લગાવતા યોગીએ ભૂતકાળની યાદ અપાવી હતી. કોંગ્રેસે એક સમયે ભગવાન રામ અને કૃષ્ણના અસ્તિત્વને જ નકારી કાઢ્યું હતું. અયોધ્યામાં સપા અને કોંગ્રેસે બાબરી માળખાનું સમર્થન કર્યું હતું અને મગરના આંસુ સાર્યા હતા. સપા સરકારે રામભક્તો પર ગોળીઓ ચલાવી હતી, તેથી તેમને અયોધ્યા અને આસ્થા પર બોલવાનો કોઈ અધિકાર નથી. અગાઉની સરકારો હિન્દુ ધાર્મિક સ્થળોના વિકાસ માટેના નાણાંનો ઉપયોગ સ્મશાનની દિવાલો બનાવવા માટે કરતી હતી અને ગેરકાયદે કતલખાના તેમજ ગાયોની તસ્કરીને પ્રોત્સાહન આપતી હતી.

પોતાની સરકારના વિકાસ કાર્યોની સરખામણી કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, '2017 પહેલા ગરીબો, ખેડૂતો અને યુવાનો પરેશાન હતા. અગાઉની સરકારોએ યુપીને 'વન ડિસ્ટ્રિક્ટ, વન માફિયા' આપ્યા હતા, જ્યારે અમારી સરકારે 'વન ડિસ્ટ્રિક્ટ, વન મેડિકલ કૉલેજ' આપી છે.' તેમણે ઉમેર્યું કે પ્રતાપગઢમાં હવે મેડિકલ કૉલેજ કાર્યરત છે અને ટૂંક સમયમાં નર્સિંગ કૉલેજ પણ શરૂ થશે. આ ઉપરાંત ગંગા એક્સપ્રેસવે (Ganga Expressway) દ્વારા કનેક્ટિવિટી મજબૂત કરીને વિકાસને વેગ આપવામાં આવી રહ્યો છે.



# સુરત શહેરમાં 8 કલાકમાં 10 ઈંચ વરસાદથી જળબંબાકાર

## સિટી, BRTS અને ST બસ વ્યવહાર ઠપ્પ, NDRF-SDRF તૈનાત, ખાડીની સપાટી વધતા 2100 લોકોનું સ્થળાંતર





**સુરત, તા.07**

ગુજરાતમાં સુરત સહિત પાંચ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સવારથી જ સુરતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સોમવારે 5 ઈંચથી વધુ વરસાદના કારણે અનેક વિસ્તારો પાણી ડૂબ્યા હતા. આજે પણ સવારથી ધોધમાર વરસાદ શરૂ થતા ચારેકોર જળબંબાકારના દૃશ્યો જોવા મળી રહ્યા છે. શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં કેડસમા પાણી ભરાઈ જતા લોકોનું ટ્રેક્ટર અને બોટથી રેસ્ક્યૂ કરવાની ફરજ પડી રહી છે. સુરત શહેરમાં ધોધમાર વરસાદની વચ્ચે એક બાળકીનું કરંટ લાગતા અને એક મહિલાનું વીજળી પડતા મોત નિપજ્યું છે. સહારા દરવાજા ગરનાળામાં મુસાફર ભરેલી એસટી બસ ફસાઈ હતી, જોકે તમામ મુસાફરો સુરક્ષિત છે. અતિભારે વરસાદની આગાહીને પગલે સુરત મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ આંગણવાડીઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખી સંપૂર્ણ રજા જાહેર કરવામાં આવી છે. શહેરના રસ્તાઓ પર ઠેર ઠેર પાણી ભરાયેલા સુરત શહેરમાંથી ઉપડતી તમામ એસટી બસો રોકી દેવામાં આવી છે. પાણી ઉતર્યા બાદ સ્થિતિની નિરીક્ષણ કર્યા બાદ બસ વ્યવહાર પૂર્વવત કરાશે.

રાજ્યમાં સવારે 6 થી બપોરે 4 વાગ્યા સુધીમાં 164 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના કામરેજમાં 12 ઈંચ, સુરત શહેરમાં 10 ઈંચ અને સુરતના પલસાણા અને નવસારીમાં 8-8 ઈંચ વરસ્યો છે. ભાવનગરના શેત્રુંજી ડેમમાં ધસમસતી પાણીની આવક થતાં તમામ 59 દરવાજા ફૂટ છ ઈંચ ખોલવામાં આવ્યા છે.

ગુજરાત પર એક સાથે પાંચ શક્તિશાળી હવામાન સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આજે (7 જુલાઈ) પણ 5 જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ', જ્યારે અન્ય 3 જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. આ ઉપરાંત બપોરે 4 થી સાંજે 7 વાગ્યા દરમિયાન સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદર અને નગર હવેલી, ભાવનગર, દાહોદ, પંચમહાલ, મહિસાગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદની આગાહીનું રેડએલર્ટ આપવામાં આવ્યું છે. નવસારી જિલ્લામાં રેડ એલર્ટની આગાહી વચ્ચે વહેલી સવારથી સરેરાશ 2.7 ઈંચ (70 mm) વરસાદ ખાબક્યો છે અને આજે ભારે વરસાદની સંભાવના છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે કલેક્ટરે તમામ નાના-મોટા અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કડક આદેશ આપ્યા છે અને પૂર્ણા, અંબિકા તેમજ કાવેરી નદીઓના જળસ્તર પર 24 કલાક મોનિટરિંગ શરૂ કરાયું છે. કોઈપણ ઈમરજન્સી માટે SDRFની ટીમ તૈનાત કરી દેવાઈ છે અને NDRF સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સીઝનનો 25% એટલે કે 23 ઈંચ વરસાદ વરસી ચૂક્યો હોવાથી વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા ખાસ અપીલ કરવામાં આવી છે.

સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પલસાણા અને ઉપરવાસના વિસ્તારોમાં પડેલા ભારે વરસાદને કારણે સ્થાનિક ખાડીઓમાં મોટા પ્રમાણમાં નવા પાણીની આવક નોંધાઈ છે, જેના પરિણામે ખાડીઓની જળસપાટીમાં વધારો થયો છે. આ પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે અને સુરતના નીચાણવાળા વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં આશરે 2100 જેટલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા અને સ્થાનિક રાહત કામગીરીને વધુ મજબૂત બનાવવા માટે NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) અને SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની વિશેષ ટીમો આજે જ સુરત આવી પહોંચશે, જેથી પૂરના સંકટ સમયે બચાવ કાર્ય ઝડપથી કરી શકાય. બીજી તરફ, સહારા દરવાજા ગરનાળામાં એસટી બસ ફસાઈ હતી. જોકે તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આટલું જ નહીં, ગરનાળામાં પાણી ભરાઈ જવાને કારણે લોકો જીવના જોખમે કોંક્રિટ પિલર (થાંભલા) પર ચડીને રેલવે ટ્રેક ક્રોસ કરતા નજરે પડ્યા હતા. આ રેલવે ફાટક ગરનાળાની ઉપર આવેલું છે. છેલ્લા 24 કલાકમાં ગુજરાતના 34 જિલ્લાના 225 તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના વાપીમાં સૌથી વધુ 8 ઈંચથી વધુ, તેમજ પારડી, ઉમરગામ, સુરતના કામરેજ અને ભાવનગરના ઘોઘા તાલુકામાં 6-6 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. 07 જુલાઈ, 2026 સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 20.44 ટકા થઈ ગયો છે, જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ 26.79 ટકા અને કચ્છમાં સૌથી ઓછો 1.92 ટકા વરસાદ થયો છે.

જળસંગ્રહની સ્થિતિ જોઈએ તો, નર્મદા ડેમમાં હાલ 2.17 લાખ MCFT (આશરે 65 ટકા) પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે રાજ્યના અન્ય 206 જળાશયો 40.01 ટકા ભરાઈ ચૂક્યા છે, જેને પગલે 11 ડેમ હાઈ એલર્ટ અને 4 ડેમ એલર્ટ પર છે. ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં તંત્ર દ્વારા 1,528 નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર અને 134 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે, તેમજ કોઈપણ કટોકટીને પહોંચી વળવા માટે NDRF અને SDRFની કુલ 36 ટીમો વિવિધ જિલ્લાઓમાં તૈનાત કરી દેવાઈ છે.

ભારે વરસાદને કારણે સુરતમાંથી ઉપડતી તમામ બસોને હાલ પૂરતી સ્થગિત કરી દેવામાં આવી છે. કારણ કે સુરતના તમામ રસ્તા પર ચારથી પાંચ ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા છે વાહન વ્યવહાર ખોરવાયો છે. ત્યારે સુરત જીએસઆરટીસી વિભાગ દ્વારા જણાવ્યું છે કે જ્યાં સુધી પાણી નહીં ઉતરે ત્યાં સુધી હવે એક પણ બસને જવા દેવામાં આવશે નહીં.

મહેસાણાના વિજાપુરમાં મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતાં બપોરે 2 થી 4 વાગ્યાના માત્ર બે કલાકમાં જ 54 મિમી આશરે બે ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. આ મુશળધાર વરસાદને કારણે વિજાપુરના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશો ભારે પરેશાનીમાં મુકાયા છે. સામાન્ય વરસાદમાં જ આ પ્રકારે જળબંબાકારની સ્થિતિ સર્જાતાં નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ થઈ હોવાના આક્ષેપો સાથે પાલિકાની નબળી કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સુરત શહેરમાં 10 ઈંચથી વધુ વરસાદ વરસી જતા શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ભેદવાડ અને સીમાડા ખાડી ભયજનક સપાટી વટાવી ગઈ હોય ખાડીપૂરનો ખતરો છે. જેના કારણે સુરત મનપાના 6800 કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવી છે, લિંબાયત અને ઉધના ઝોનના નીચાણવાળા વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર શરૂ કરી દેવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે શહેરમાં બીઆરટીએસ અને સિટી બસ સેવા તાત્કાલીક ધોરણે બંધ કરી દેવામાં આવી છે. સુરતમાં ભારે વરસાદના પગલે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકાના આઈ-ટ્રિપલ સી (Integrated Command and Control Centre - I-CCC) સેન્ટર પરથી આખા શહેર પર 24 કલાક સતત બાજ નજર રાખવામાં આવી રહી છે. જે પણ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે, ત્યાં પાણીના ઝડપી નિકાલ માટે આ કંટ્રોલ રૂમમાંથી સીધી જ સૂચનાઓ આપીને તાત્કાલિક કામગીરી શરૂ કરાવવામાં આવી રહી છે. કટોકટીની આ પરિસ્થિતિમાં પળેપળનું લાઈવ મોનિટરિંગ કરીને વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરીનું સુચારુ સંચાલન કરવામાં આવી રહ્યું છે. સુરતમાં અવિરત વરસી રહેલા ભારે વરસાદના કારણે વેડ પંડોળ અને હોળી બંગલા વિસ્તારમાં ઘૂંટણસમા વરસાદી પાણી ભરાઈ ગયા છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિસ્તારોમાં જળબંબોળની ગંભીર સ્થિતિ દર્શાવતા એરિયલ શોટ્સ (આકાશી દ્રશ્યો) પણ સામે આવ્યા છે, જેમાં ચારેય તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે અને સમગ્ર વિસ્તાર જાણે બેટમાં ફેરવાઈ ગયો હોય તેવા ચિંતાજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ટાંકી ગામમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અહીં કન્યા આશ્રમ શાળા નજીકથી પસાર થતી ખાડીના વરસાદી પાણીના તેજ વહેણમાં તીસકરી તલાટ પટેલ ફળિયામાં રહેતા અજય ગાવીત નામના યુવક અચાનક ખેંચાઈ ગયા હતા.

આ દુર્ઘટના અંગે સ્થાનિક અગ્રણીઓ દ્વારા તાત્કાલિક આ અંગે ધરમપુર મામલતદાર અને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને વલસાડ ખાતે તૈનાત NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની ટીમને તાબડતોબ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે. હાલ સ્થાનિક વહીવટી તંત્ર અને NDRFના જવાનો દ્વારા ખાડીના ઊંડા પાણીમાં ડૂબેલા યુવક શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# ભારે વરસાદ અને ચાંદીપુરા વાયરસ વચ્ચે ગુજરાત 'હાઈ એલર્ટ' પર

## આરોગ્ય તંત્રને 24x7 તૈયાર રહેવાનો આદેશ, ગોધરામાં બે બાળકોના મોત બાદ યુદ્ધના ધોરણે કાર્યવાહી

**ગાંધીનગર, તા.07**

રાજ્યમાં એક તરફ ભારે વરસાદ અને અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટની સ્થિતિ છે, તો બીજી તરફ ગોધરા તાલુકામાં ચાંદીપુરા વાયરસથી બે માસૂમ બાળકોના મોત બાદ ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં વરસાદી સ્થિતિ, આરોગ્ય સેવાઓની તૈયારી અને ચાંદીપુરા વાયરસ સામેની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.



મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું કે, વરસાદની મોસમમાં પાણીજન્ય રોગો તેમજ ઝેરી જીવજંતુ કરડવાના બનાવો વધતા હોવાથી રાજ્યની તમામ 108 એમ્બ્યુલન્સમાં જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. સાથે જ રાજ્યના તમામ PHC અને CHC કેન્દ્રોમાં પણ પૂરતી દવાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે. જ્યાં દવાઓની જરૂર પડશે ત્યાં તાત્કાલિક પુરવઠો પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ આરોગ્ય કેન્દ્રો પર ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફને 24 કલાક સેવા માટે તૈયાર રાખવાના પણ નિર્દેશ આપવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગે ખાસ કરીને રેડ એલર્ટ ધરાવતા અમરેલી, રાજુલા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર તેમજ સુરત, નવસારી, વલસાડ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આરોગ્ય તંત્રને વધુ સતર્ક રહેવા સૂચના આપી છે. રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે હાલ કોઈ ગંભીર અથવા ચિંતાજનક પરિસ્થિતિ નથી, પરંતુ આગોતરી તૈયારીના ભાગરૂપે દરેક જિલ્લાના આરોગ્ય માળખાની સમીક્ષા કરીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

બીજી તરફ, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બે બાળકોના ચાંદીપુરા વાયરસથી મોતની પુષ્ટિ થતાં આરોગ્ય વિભાગે તાત્કાલિક અસરથી વિશેષ કામગીરી શરૂ કરી છે. તપાસ દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારમાં 'સેન્ડ ફ્લાય' જોવા મળતાં ગામોમાં દવાનો સઘન છંટકાવ, ઘર-ઘર સર્વે અને આરોગ્ય તપાસની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

મંત્રી પાનસેરિયાએ જણાવ્યું કે, ગોધરા અને વડોદરા મેડિકલ કોલેજની વિશેષ ટીમો અસરગ્રસ્ત ગામોમાં પહોંચી ગઈ છે અને સ્થાનિક આરોગ્ય ટીમો સતત દેખરેખ રાખી રહી છે. વર્ષ 2024માં જ્યાં ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા તે તમામ ગામોમાં પણ તકેદારીના ભાગરૂપે સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. તમામ આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓ અને પાવડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રીએ લોકોને અપીલ કરી છે કે, બાળકોમાં તાવ, ઉલ્ટી, બેભાન થવું જેવા લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે પહોંચવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે હાલ ગોધરા તાલુકાના બે ગામો સિવાય અન્ય ક્યાંય ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા નથી. ગભરાવાની જરૂર નથી, પરંતુ ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવી, કાચા મકાનોની તિરાડો પૂરવી અને બાળકોને માખી તથા મચ્છરથી સુરક્ષિત રાખવા જેવી સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે.

### આધેડને માર મારનાર આરોપીને એક વર્ષની જેલની સજા

# પેથાપુરમાં સાયકલ ધીમે ચલાવવા બાબતે ઝઘડામાં આધેડને લાકડાના ધોકાથી માર માર્યો હતો.....

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયકલ ચલાવવા બાબતે થયેલી તકરારમાં આધેડને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડનાર આરોપીને ગાંધીનગરની પાંચમા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ)ની કોર્ટે દોષિત ઠેરવી એક વર્ષની કેદની સજા અને એક હજારનો દંડ ભોગવવાં આદેશ કર્યો છે.



આ ઘટનાની વિગત મુજબ, ફરિયાદી મનુભાઈ બબાભાઈ પરમાર તા. 3 જુલાઈ, 2022ના રોજ સરઢવ ગામના વણકર વાસ પાસે આવેલા ધોબીઘાટ પાસેથી પોતાની સાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે આરોપી બિંદેશકુમાર ઉર્ફે બળદેવભાઈ કાળીદાસ રાજવી ત્યાંથી ખૂબ જ નજીકથી સાયકલ લઈને પસાર થયો હતો. ફરિયાદીએ આરોપીને સાયકલ ધીમે ચલાવવા માટે ટકોર કરતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી ફરિયાદી પર તૂટી પડ્યો હતો.

જેમાં ગડદાપાટુનો માર મારવાની સાથે લાકડાના ધોકા વડે હુમલો કરતા ફરિયાદીના હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.જેમાં તેમને ફેક્ચર પણ થયું હતું. આ સમગ્ર મામલે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી, જે બાદ પોલીસ દ્વારા તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

આ કેસ ગાંધીનગરની પાંચમા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી ગયો હતો. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી, સાક્ષીઓ, પંચો, તબીબ અને પોલીસ અધિકારીઓની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકાર પક્ષે આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર સુનીલ એસ. ચૌધરીએ ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી બિંદેશકુમાર ઉર્ફે બળદેવભાઈ કાળીદાસ રાજવીને દોષિત ઠેરવી એક વર્ષની કેદની સજા અને રૂ. 1,000નો દંડ ભોગવવાં હુકમ કર્યો છે.

# આરોગ્યમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાના વરદહસ્તે જે. ઝેડ. એમ. એન્ડ એન. જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ), નડિયાદની PM-JAY યોજનામાં રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી માટે રાજ્ય કક્ષાએ સન્માનિત

**નડિયાદ, તા.07**

જે. ઝેડ. એમ. એન્ડ એન. જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ), નડિયાદ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) અંતર્ગત દર્દીઓને ગુણવત્તાસભર, સુલભ અને સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

આ કામગીરીના પરિણામે સમગ્ર ગુજરાત રાજ્યની જિલ્લા હોસ્પિટલોમાં PM-JAY યોજના હેઠળ સૌથી વધુ ક્લેમની રકમ જનરલ હોસ્પિટલ, નડિયાદ દ્વારા કરવામાં આવી છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાના વરદહસ્તે હોસ્પિટલને રાજ્ય કક્ષાએ એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ દ્વારા આપવામાં આવી રહેલી ગુણવત્તાસભર અને દર્દીકેન્દ્રિત સેવાઓની કદરરૂપે VTV News Health Conclave & Awards-2026 અંતર્ગત અમદાવાદ ખાતે જનરલ હોસ્પિટલ, નડિયાદને 'Certificate of Achievement' તેમજ ટ્રોફી એનાયત કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન અને શ્રેષ્ઠ કામગીરી બદલ આ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

આ બંને એવોર્ડ હોસ્પિટલ વતી સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ કવિતાબેન શાહ તથા હોસ્પિટલના પ્રતિનિધિઓએ અમદાવાદ સ્વીકાર્યા હતા.

આ બંને સન્માન હોસ્પિટલના તબીબી અધિકારીઓ, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તેમજ તમામ કર્મચારીઓની નિષ્ઠા, સેવાભાવ અને ટીમવર્કનું પરિણામ છે. દર્દીઓને ગુણવત્તાસભર, સુલભ અને અસરકારક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે હોસ્પિટલ પરિવાર દ્વારા સતત કરવામાં આવતા પ્રયત્નોને રાજ્ય તેમજ સામાજિક સ્તરે મળેલી આ માન્યતા હોસ્પિટલ માટે ગૌરવની બાબત છે.

આ પ્રસંગે હોસ્પિટલના અધિકારીશ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રાપ્ત થયેલા આ બંને સન્માન હોસ્પિટલ પરિવાર માટે પ્રેરણારૂપ છે અને ભવિષ્યમાં પણ દર્દીકેન્દ્રિત, આધુનિક તથા ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ વધુ અસરકારક રીતે ઉપલબ્ધ કરાવવા માટે હોસ્પિટલ સતત પ્રતિબદ્ધ રહેશે.

# સૌરાષ્ટ્રમાં વરસાદી સંકટને લઈને વાઘાણીની હાઈલેવલ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક

## ભાવનગર, રાજકોટ અને અમરેલીના અધિકારીઓ વર્તમાન પરિસ્થિતિની રજૂઆત કરશે

**ગાંધીનગર, તા.07**

સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદને પગલે રાજ્ય સરકાર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગઈ છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળાઓમાં જળસ્તર વધવા અને ડેમોમાં પાણીની સતત આવક થઈ રહી હોવાથી સરકાર દ્વારા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના મંત્રી જીતુભાઈ વાઘાણી ઉચ્ચસ્તરીય વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજશે.

આ બેઠકમાં સૌરાષ્ટ્રના સૌથી વધુ વરસાદથી પ્રભાવિત ત્રણ મહત્વના જિલ્લાઓ ભાવનગર, રાજકોટ અને અમરેલીની સ્થિતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર પાસેથી વરસાદની વર્તમાન સ્થિતિ, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ, નદી-નાળાઓના જળસ્તર, ડેમોમાં પાણીની આવક, સંભવિત જોખમી વિસ્તારો અને અત્યાર સુધી લેવામાં આવેલા રાહત તથા બચાવના પગલાં અંગે લાઈવ માહિતી મેળવવામાં આવશે.

બેઠકમાં ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સ્થાનિક સાંસદો, ધારાસભ્યો તેમજ જિલ્લા સ્તરના પદાધિકારીઓ પણ જોડાશે. ઉપરાંત ત્રણેય જિલ્લાના કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ (DDO), પોલીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે



સંકળાયેલા અધિકારીઓ પોતાના જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન સાથે બેઠકમાં હાજર રહી વર્તમાન પરિસ્થિતિની રજૂઆત કરશે.

સૂત્રોના જણાવ્યા મુજબ બેઠક દરમિયાન ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની તૈયારીઓ, સંવેદનશીલ ગામોની સ્થિતિ, પૂર જેવી પરિસ્થિતિ ઊભી થાય તો તેની સામેની કામગીરી, રસ્તાઓ પર પાણી ભરાવાથી ટ્રાફિક અને પરિવહન પર પડતી અસર તેમજ વીજ પુરવઠો અને પીવાના પાણી જેવી આવશ્યક સેવાઓની ઉપલબ્ધિ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

રાજ્ય સરકાર જિલ્લા કંટ્રોલ રૂમોની કામગીરીની પણ સમીક્ષા કરશે. કંટ્રોલ રૂમમાં મળતી ફરિયાદોનો નિકાલ કેટલા સમયમાં થઈ રહ્યો છે, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમોની તૈનાતી, બચાવ સાધનોની ઉપલબ્ધિ, ફાયર બ્રિગેડ, SDRF/NDRF સહિતની ટીમોની તૈયારી તેમજ જરૂરિયાત મુજબ માનવબળ અને મશીનરીની વ્યવસ્થા અંગે પણ અધિકારીઓ પાસેથી માહિતી લેવામાં આવશે.

આ ઉપરાંત ડેમોમાં પાણીની આવક અને જળસંગ્રહની સ્થિતિ, જરૂરિયાત મુજબ પાણી છોડવાની સંભાવના હોય તો તેની પૂર્વ તૈયારી, નદીકાંઠાના ગામોને એલર્ટ કરવાની વ્યવસ્થા અને હવામાન વિભાગની આગાહીને આધારે આગામી 24થી 48 કલાક માટેની કામગીરી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ વરસાદી પરિસ્થિતિ દરમિયાન જાનમાલનું નુકસાન અટકાવવાનો, લોકોને સમયસર મદદ પહોંચાડવાનો અને તમામ આવશ્યક સેવાઓ અવિરત ચાલુ રહે તેની ખાતરી કરવાનો છે. આ બેઠક બાદ જરૂરી સૂચનાઓ તાત્કાલિક જિલ્લા વહીવટી તંત્રને આપવામાં આવે તેવી શક્યતા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ભારતીય બિઝનેસમેની ઈન્ડોનેશિયન રાષ્ટ્રપતિ સાથે 425 કરોડની છેતરપિંડી

## CIA એજન્ટ કહીને વિશ્વાસ જીત્યો, કહ્યું- 36 ફાઈટર પ્લેન, મિલિટરી સિસ્ટમ અપાવી દઈશ

**નવી દિલ્હી, તા.07**

અમેરિકામાં છેતરપિંડીના કેસોનો સામનો કરી રહેલા ભારતીય મૂળના ઉદ્યોગપતિ ગૌરવ શ્રીવાસ્તવ પર હવે ઈન્ડોનેશિયામાં પણ મોટા કૌભાંડનો આરોપ લાગ્યો છે. OCCRP અને ઈન્ડોનેશિયન મેગેઝિન ટેમ્પોના અહેવાલ મુજબ, ગૌરવે પોતાને CIA એજન્ટ ગણાવીને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો (તત્કાલીન સંરક્ષણ મંત્રી) નો વિશ્વાસ જીત્યો અને સંરક્ષણ સોદાના નામે 425 કરોડ રૂપિયાની નકલી લોન મંજૂર કરાવી લીધી.

રિપોર્ટ અનુસાર, ગૌરવે 36 F-15 ફાઈટર જેટ, બ્લેક હોક હેલિકોપ્ટર અને મિલિટરી કમાન્ડ સિસ્ટમ અપાવવાનો દાવો કર્યો. તપાસમાં જાણવા મળ્યું કે જે ચાર કંપનીઓ દ્વારા તેણે પાંચ સંરક્ષણ સોદા મેળવ્યા હતા, તે બધી શેલ કંપનીઓ હતી. બાદમાં ટેક્સ ન ચૂકવવા પર તેમને બંધ કરી દેવામાં આવી હતી. માત્ર 36 F-15 ફાઈટર જેટની સંભવિત ડીલ જ લગભગ 1.32 લાખ કરોડ રૂપિયાની હતી.

જણાવવામાં આવ્યું છે કે આ કથિત કૌભાંડ 2020 થી 2022 ની વચ્ચે થયું હતું. આરોપ છે કે આ જ રકમમાંથી ગૌરવે લોસ એન્જલસમાં લગભગ 208 કરોડ રૂપિયાનો આલીશાન બંગલો ખરીદ્યો. અમેરિકામાં તેની વિરુદ્ધ 2024 થી છેતરપિંડી સહિતના ઘણા કેસ નોંધાયેલા છે.

રિપોર્ટ અનુસાર, ગૌરવે પ્રબોવોનો એટલો વિશ્વાસ જીતી લીધો હતો કે તેઓ તેને 'મિસ્ટર G' કહીને બોલાવતા હતા. તેણે રાષ્ટ્રપતિના અંગત જીવન સાથે જોડાયેલી એવી માહિતીનો પણ ઉપયોગ કર્યો, જે ફક્ત તેમના નજીકના લોકોને જ ખબર હતી.

આમાં એ વાત પણ સામેલ હતી કે પ્રબોવો પોતાના ઘરના કરોળિયાના જાળાને પ્રકૃતિનો ભાગ માને છે અને તેમને સાફ કરાવતા નથી.



ગૌરવે એવો પણ દાવો કર્યો કે તેણે 2002ના બાલી બોમ્બ ધડાકાના આતંકવાદીઓને પકડાવવામાં અને પ્રબોવોનું નામ અમેરિકી ઈમિગ્રેશનની બ્લેકલિસ્ટમાંથી હટાવવામાં મદદ કરી હતી.

ઈન્ડોનેશિયાના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા રિકો સિરાઈતે જણાવ્યું હતું કે, જે સંરક્ષણ સોદાઓ પર વાતચીત થઈ હતી, તે અંતિમ કરાર સુધી પહોંચ્યા ન હતા. તેથી સરકારને કોઈ સીધું આર્થિક નુકસાન થયું નથી.

અમેરિકી મીડિયા રિપોર્ટ્સ અને કોર્ટમાં દાખલ કરાયેલા મુકદમા મુજબ, ગૌરવ શ્રીવાસ્તવ પોતાને પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન, સેનેટર ચક શૂમર અને અનેક સૈન્ય અધિકારીઓનો નજીકનો ગણાવતો હતો.

તે આ નેતાઓ અને અધિકારીઓ સાથે પોતાની તસવીરો બતાવીને લોકોને વિશ્વાસ અપાવતો હતો કે તેની પહોંચ અમેરિકી સત્તા અને સુરક્ષા તંત્રના ટોચ સુધી છે.

જોકે, બાદમાં આવેલા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ નેતાઓ સુધી તેની પહોંચ કોઈ સરકારી ભૂમિકાને કારણે નહીં, પરંતુ રાજકીય ભંડોળ, જાહેર કાર્યક્રમો અને આયોજનો દ્વારા બની હતી. મુકદ્દમામાં આરોપ છે કે ગૌરવે આ જ છબીનો ઉપયોગ કરીને અનેક ઉદ્યોગપતિઓ અને વિદેશી અધિકારીઓનો વિશ્વાસ જીત્યો હતો.

અમેરિકામાં દાખલ કરાયેલા કેસ મુજબ, ગૌરવ શ્રીવાસ્તવ પોતાને અમેરિકી ગુપ્તચર એજન્સી CIAનો 'નોન-ઓફિશિયલ કવર (NOC)' એજન્ટ ગણાવતો હતો. લોકોનો વિશ્વાસ જીતવા માટે તે જાસૂસી મિશનો સાથે જોડાયેલી ઘણી વાર્તાઓ સંભળાવતો હતો.

ગૌરવ દાવો કરતો હતો કે તેણે CIAના ટ્રેનિંગ સેન્ટર 'ધ ફાર્મ'માં વિશેષ તાલીમ લીધી છે. તે પોતાના શરીર પરના નિશાનોને ગુપ્ત ઓપરેશન દરમિયાન લાગેલી ઈજાઓ ગણાવતો હતો. આ ઉપરાંત તે કહેતો હતો કે 2008માં કોંગોમાં એક મિશન દરમિયાન ISISએ તેને બંધક બનાવી લીધો હતો, જ્યાંથી તે કોઈક રીતે બચી નીકળ્યો હતો.

જોકે, મુદ્દમામાં કહેવામાં આવ્યું કે આ તમામ દાવા ખોટા હતા. તપાસમાં સામે આવ્યું કે તેના શરીર પરના નિશાન કોઈ ગુપ્ત મિશનના નહીં, પરંતુ બાળપણમાં થયેલી કિડનીની સર્જરીના હતા.

# કેનેડાની નહેરમાં ડૂબી જવાથી 2 પંજાબી યુવકોનાં કરુણ મોત

## એકનો પગ લપસ્યો, બીજો બચાવવા જતાં તે પણ ડૂબી ગયો, બરનાલા-અમૃતસરના રહેવાસી હતા

**ચંદીગઢ, તા.07**



કેનેડાના મોન્ટ્રિયલ શહેરની લાશીન નહેરમાં ડૂબી જવાથી બે પંજાબી યુવકોના કરુણ મોત થયા છે. મૃતકોમાં બરનાલા જિલ્લાના તપા મંડી નિવાસી લવપ્રીત સિંહ (26 વર્ષ) અને અમૃતસરના બુટાલા (નૌરંગપુર) ગામના અન્ય એક યુવકનો સમાવેશ થાય છે. લવપ્રીત સિંહના માતા-પિતાએ કેન્દ્ર સરકાર, પંજાબ સરકાર, વિદેશમાં રહેતા સમાજસેવીઓ અને એનઆરઆઈ સમુદાયને મદદ માટે અપીલ કરી છે.

તેમણે માગ કરી છે કે તેમના એકમાત્ર પુત્રના પાર્થિવ શરીરને કેનેડાથી પંજાબ લાવવા માટે વહીવટી અને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે, જેથી તેઓ તેના અંતિમ સંસ્કાર ધાર્મિક રીતિ-રિવાજો અનુસાર કરી શકે.

આ અકસ્માત ત્યારે થયો જ્યારે બંને મિત્રો મોન્ટ્રિયલની લાશીન નહેરના કિનારે હાજર હતા. જણાવવામાં આવી રહ્યું છે કે અચાનક અમૃતસર નિવાસી યુવકનો પગ લપસી ગયો અને તે નહેરમાં પડી ગયો. તેને બચાવવાના પ્રયાસમાં લવપ્રીત સિંહ પણ પાણીમાં કૂદી પડ્યો, પરંતુ તેજ પ્રવાહ અને ઊંડા પાણીને કારણે બંનેનું ડૂબી જવાથી મૃત્યુ થયું.

ઘટનાની જાણ થતાં જ મોન્ટ્રિયલ ફાયર ડિપાર્ટમેન્ટ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મોટા પાયે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું. ઘણા કલાકોની જહેમત બાદ બંને યુવકોને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા. તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, જ્યાં બાદમાં તેમનું મૃત્યુ થયું. પોલીસ મામલાની તપાસ કરી રહી છે.

આ ઘટનાથી તપા મંડી નિવાસી પૂર્વ સૈનિક બલવીર સિંહનો પરિવાર ઊંડા આઘાતમાં છે. મૃતક લવપ્રીત સિંહ તેના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો. તે લગભગ અઢી વર્ષ પહેલા વર્ક પરમિટ પર કેનેડા ગયો હતો અને ત્યાં એક કંપનીમાં ટ્રાલા ડ્રાઈવર તરીકે કામ કરી રહ્યો હતો.

12મા ધોરણ પાસ કર્યા પછી દીકરાના સારા ભવિષ્ય માટે સીઆરપીએફના પૂર્વ જવાન બલવીર સિંહે પોતાની બે એકર જમીન વેચીને તેને કેનેડા મોકલ્યો હતો. પરિવારે ક્યારેય વિચાર્યું ન હતું કે જે દીકરાને ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશ મોકલ્યો છે, તેનો પાર્થિવ દેહ પાછો આવશે. લવપ્રીતે લગભગ 10 દિવસ પહેલા જ પરિવાર સાથે ફોન પર વાતચીત કરી હતી.

# બંગાળ ગેંગરેપ મર્ડર: મુખ્ય આરોપી સહિત 3ની ધરપકડ

## બારુઈપુરમાં જીવતી બાળકીને તળાવમાં ફેંકી હતી, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દાવો- ફેફસાં-પેટમાં પાણી મળ્યું

**કોલકાતા, તા.07**

બંગાળ પોલીસે સોમવારે દક્ષિણ 24 પરગણા જિલ્લાના બારુઈપુરમાં 12 વર્ષની બાળકીના બળાત્કાર અને હત્યાના કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ આનંદ સરદાર તરીકે થઈ છે. પોલીસે સર્ચ ઓપરેશન ચલાવીને તેને શહેરના બજાર વિસ્તારમાંથી પકડ્યો.

આ સાથે જ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા ત્રણ થઈ ગઈ છે. કેસની તપાસ માટે 6 લોકોની SIT બનાવવામાં આવી છે. માસૂમ 4 જુલાઈએ ગુમ થઈ હતી. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે માસૂમ તેની મિત્ર માટે ગિફ્ટ લેવા નીકળી હતી.

જ્યારે બાળકી ઘરે પરત ન ફરી, ત્યારે પરિવારે પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી. બાદમાં રવિવારે તેની લાશ સૂર્યપુર હાટ વિસ્તારના તળાવમાંથી મળી હતી. તેના માથા પર ઈજાના નિશાન હતા. પોસ્ટમોર્ટમમાં પણ આ વાતનો ખુલાસો થયો છે કે આરોપીઓએ બળાત્કાર કર્યા બાદ તેને જીવતી જ તળાવમાં ફેંકી દીધી હતી. તેના ફેફસાં અને પેટમાં પાણી



મળ્યું. ડૂબી જવા અને વધુ પડતા રક્તસ્રાવને કારણે તેનું મૃત્યુ થયું.

આ પહેલા રવિવારે છોકરીનો મૃતદેહ મળ્યાના તરત જ બાદ, ભીડે એક વ્યક્તિને માર મારીને હત્યા કરી દીધી, જેના પર છોકરીના રેપ અને મર્ડરમાં સામેલ હોવાની શંકા હતી. તેની ઓળખ ઈન્દ્રજીત તાંતી તરીકે થઈ હતી.

પોલીસે વિસ્તારના CCTV ફૂટેજની પણ તપાસ કરી, જેમાં છોકરીને ચાર લોકો લઈ જતા દેખાયા છે. પોલીસ આ ચારેયની ઓળખ પાકી કરવામાં લાગી ગઈ છે. પોલીસે જણાવ્યું કે પ્રાથમિક પોસ્ટમોર્ટમમાં છોકરીના પ્રાઈવેટ પાર્ટ્સ પર ઈજાના નિશાન અને શરીરના અલગ-અલગ ભાગો પર ઉઝરડા અને કરડવાના નિશાન મળ્યા છે. છોકરીના માથા પર કાં તો કોઈ ભારે વસ્તુથી હુમલો કરવામાં આવ્યો હતો અથવા તેને કોઈ સખત સપાટી પર પછાડવામાં આવી હતી. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે માથાની ઈજાથી ખૂબ વધારે રક્તસ્ત્રાવ અને ડૂબી જવાને કારણે તેનું મૃત્યુ થયું. ઘટના પર રાજકીય વિવાદ પણ ગરમાયો છે. તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો કે પૂર્વ સીએમ મમતા બેનર્જીને પીડિત પરિવારને મળવા જતા રોકવા માટે તેમના આવાસની બહાર ભારે પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું હતું, જેને ભાજપે રૂટિન સુરક્ષા ગણાવી છે. રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)એ સોમવારે બંગાળના DGP સિદ્ધાર્થ નાથ ગુપ્તા પાસેથી એક અઠવાડિયાની અંદર વિગતવાર કાર્યવાહી રિપોર્ટ (ATR) માંગી છે. આયોગે એક નિવેદનમાં જણાવ્યું કે ATR માં ફક્ત આ ભયાનક અપરાધની જ માહિતી ન હોવી જોઈએ, પરંતુ તે પછી થયેલી ભીડની હિંસાની ઘટનાઓનો પણ ઉલ્લેખ હોવો જોઈએ, જેમાં અપરાધમાં સામેલ હોવાની શંકાએ એક વ્યક્તિને માર મારીને હત્યા કરી દેવામાં આવી, કેન્દ્રીય દળોના જવાનો પર હુમલો કરવામાં આવ્યો અને પોલીસની ગાડીઓમાં આગ લગાડી દેવામાં આવી.

# ચીનનો નવો 'મિસાઈલ મેસેજ': પરમાણુ સબમરીનમાંથી બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ, હિન્દ મહાસાગરમાં ચીનની હાજરી સતત વધી રહી છે

**બીજિંગ/નવી દિલ્હી, તા.07**

ચીને પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીનમાંથી લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલનું પ્રશાંત મહાસાગરમાં પરીક્ષણ કરીને પોતાની વ્યૂહાત્મક સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું છે.

અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે તેને પ્રાદેશિક સ્થિરતા માટે ચિંતાનો વિષય ગણાવ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે આ માત્ર પ્રશાંત ક્ષેત્રનો મામલો નથી, પરંતુ હિન્દ-પ્રશાંતમાં ચીનની વધતી સૈન્ય આક્રમકતાનો સંકેત છે, જેની સીધી અસર ભારતની સુરક્ષા રણનીતિ પર પણ પડી શકે છે.

રક્ષા નિષ્ણાતોના મતે પરીક્ષણમાં સંભવતઃ ચીનની નવી પેઢીની JL-3 સબમરીન આધારિત બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મિસાઈલ પરમાણુ હથિયારો લઈ જવામાં સક્ષમ માનવામાં આવે છે અને તેની મારક ક્ષમતા એટલી છે કે ચીનના દરિયાઈ ક્ષેત્રમાંથી પણ હજારો કિલોમીટર દૂર લક્ષ્યોને નિશાન બનાવી શકાય છે. ચીન તેને નિયમિત સૈન્ય અભ્યાસ ગણાવી રહ્યું છે, પરંતુ પ્રાદેશિક દેશોનું કહેવું છે કે તેનાથી હિન્દ-



પ્રશાંતમાં સૈન્ય સ્પર્ધા વધુ તીવ્ર બનશે.

ભારત માટે સૌથી મોટી ચિંતા ચીનની વધતી દરિયાઈ હાજરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચીની નૌકાદળની સબમરીન હિન્દ મહાસાગરમાં ઘણી વખત જોવા મળી છે. જીબુતીમાં સૈન્ય અડ્ડો, પાકિસ્તાનના ગ્વાદર બંદર અને શ્રીલંકાના હમ્બનટોટા પોર્ટ પર ચીનની સક્રિયતા પહેલેથી જ નવી દિલ્હી માટે વ્યૂહાત્મક પડકાર છે. જો ચીન વધુ આધુનિક અને ઓછો અવાજ કરતી પરમાણુ સબમરીન તહેનાત કરે છે, તો હિન્દ મહાસાગર ક્ષેત્રમાં તેની સૈન્ય પહોંચ અને પ્રભાવ બંને વધી શકે છે.

અત્યાર સુધી ચીનનું ધ્યાન દક્ષિણ ચીન સાગર અને તાઈવાન સુધી મનાતું હતું, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેની પરમાણુ સબમરીન હિન્દ મહાસાગરમાં પણ નિયમિતપણે જોવા મળી છે.

ચીનનો જિબુતીમાં સૈન્ય અડ્ડો, પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ સુધી પહોંચ અને શ્રીલંકાના હમ્બનટોટા બંદરગાહ પર પ્રભાવ ભારત માટે પહેલેથી જ વ્યૂહાત્મક પડકાર છે.

જો ચીનની નવી સબમરીન સ્ટેલ્થ અને લાંબા અંતરની મિસાઈલોથી સજ્જ થઈ જાય, તો તે હિન્દ મહાસાગરથી પણ ભારતના મોટાભાગના વિસ્તારોને નિશાન બનાવી શકે છે.

ભારતની પરમાણુ નીતિ ક્રેડિબલ મિનિમમ ડેટેરેન્સ અને નો ફર્સ્ટ યુઝ પર આધારિત છે. જો ચીન સમુદ્ર આધારિત પરમાણુ ક્ષમતા ઝડપથી વધારે છે તો ભારતને પણ વધુ પરમાણુ સબમરીન, લાંબા અંતરની K-4 અને K-5 મિસાઈલો અને દરિયાઈ દેખરેખ નેટવર્ક ઝડપથી મજબૂત કરવું પડશે.

ભારત પહેલેથી જ ઉત્તરીય સરહદ પર ચીન અને પશ્ચિમી સરહદ પર પાકિસ્તાનનો સામનો કરી રહ્યું છે. જો ચીન દરિયાઈ મોરચે પણ પોતાની ક્ષમતા વધારે છે તો ભારતને જમીન, હવા અને સમુદ્ર-ત્રણેય મોરચે સૈન્ય સંસાધનો વધારવા પડી શકે છે.

ભારતનું અંદમાન અને નિકોબાર કમાન્ડ મલક્કા સ્ટ્રેટ પર નજર રાખે છે. ચીનની સબમરીન હિલચાલ વધવા પર ભારતને દરિયાઈ દેખરેખ વધારવા ઉપરાંત સબમરીન વિરોધી યુદ્ધ (Anti-Submarine Warfare), ડ્રોન અને P-8I સર્વેલન્સ એરક્રાફ્ટની ક્ષમતાઓને વધુ મજબૂત કરવી પડશે.

ચીનની વધતી લશ્કરી હિલચાલથી ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે QUAD સહયોગ વધુ મજબૂત થઈ શકે છે. દરિયાઈ સુરક્ષા, ગુપ્ત માહિતીની વહેંચણી અને સંયુક્ત નૌકાદળ અભ્યાસોની આવૃત્તિ વધી શકે છે.

નિષ્ણાતોના મતે ચીન તાઈવાન પર દબાણ વધારી રહ્યું છે, અમેરિકાને પ્રશાંત ક્ષેત્રમાં પડકારવા માંગે છે, તેની પરમાણુ પ્રતિરોધક ક્ષમતા મજબૂત કરી રહ્યું છે અને હિન્દ-પ્રશાંતમાં સૈન્ય પ્રભાવ વધારવા માંગે છે. આ સાથે ચીન ભવિષ્યમાં સમુદ્ર આધારિત પરમાણુ શક્તિ દ્વારા વૈશ્વિક વ્યૂહાત્મક સંતુલન બદલવા માંગે છે.

ભારત પહેલેથી જ પોતાની દરિયાઈ તાકાત વધારવા પર કામ કરી રહ્યું છે. આ દિશામાં ભારત જે પગલાં લઈ રહ્યું છે તેમાં INS અરિહંત અને અરિઘાત જેવી પરમાણુ સબમરીનનો વિકાસ, K-15 અને K-4 બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ, P-8I દરિયાઈ સર્વેલન્સ વિમાન, અંદમાન-નિકોબાર કમાન્ડનું વિસ્તરણ અને QUAD હેઠળ અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે સંયુક્ત નૌકાદળ અભ્યાસ (માલાબાર) નો સમાવેશ થાય છે.

# ધાર્મિક શહેર કોમમાં ખામેનીની અંતિમ યાત્રા પૂરી: જનાઝામાં લાલ કપડાં ચઢાવ્યા, તાબૂત પર કાળી પાઘડી રાખવામાં આવી

**તેહરાન, તા.07**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનીની અંતિમ યાત્રા મંગળવારે શિયાઓના મુખ્ય ધાર્મિક શહેર કોમમાં કાઢવામાં આવી રહી છે. તેહરાન પછી અહીં પણ સતત બીજા દિવસે લાખો લોકો તેમને અંતિમ વિદાય આપવા પહોંચ્યા છે.

ખામેની અને તેમના પરિવારના દિવંગત સભ્યોના પાર્થિવ દેહને જમકરન મસ્જિદ લાવવામાં આવ્યો, જ્યાં આયતુલ્લાહ જવાદિ અમોલીએ જનાઝાની નમાઝ અદા કરાવી. મસ્જિદ પરિસર અને આસપાસના રસ્તાઓ પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ રહી. ડ્રોન ફૂટેજમાં આખો વિસ્તાર લોકોથી ખીચોખીચ ભરેલો દેખાયો.

કોમ શિયા મુસલમાનોનું મુખ્ય ધાર્મિક કેન્દ્ર છે. ખામેનીએ પોતાના શરૂઆતી ધાર્મિક જીવનમાં અહીં જ ઈસ્લામી શિક્ષણ મેળવ્યું હતું. તેથી તેમની અંતિમ યાત્રાનો આ પડાવ ખાસ માનવામાં આવી રહ્યો છે.

8 જુલાઈએ ખામેનીના પાર્થિવ દેહને ઈરાકના નજફ અને કરબલા લઈ જવામાં આવશે. અહીં ઈરાકના શિયા સમુદાયના અંતિમ દર્શન માટે જનાઝાનું સરઘસ કાઢવામાં આવશે. આ પછી ઈરાનમાં તેમના ગૃહ નગર મશહદ લઈ જવામાં આવશે, જ્યાં ગુરુવારે ઈમામ રઝા દરગાહ



પરિસરમાં તેમને સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે.

તેહરાનમાં ખામેનીની અંતિમ યાત્રામાં જનસાગર: તેહરાનમાં નીકળેલી અંતિમ યાત્રામાં લાખો લોકો ઉમટ્યા. ભારે ભીડને કારણે શબપેટી લઈને જઈ રહેલું વાહન ઘણી જગ્યાએ ધીમું પડ્યું અને આઝાદી સ્ટ્રીટ પર થોડા સમય માટે રોકાવું પણ પડ્યું.

ખામેનીનો પાર્થિવ દેહ કોમ પહોંચ્યો: તેહરાનમાં અંતિમ યાત્રા પછી પાર્થિવ દેહને ધાર્મિક વિધિઓ માટે કોમ લઈ જવામાં આવ્યો. ગુરુવારે તેમના વતન મશહદમાં દફનાવવામાં આવશે.

ઈરાનમાં ખામેનીના બદલાની માગ તેજ: અંતિમ યાત્રામાં લાલ ઝંડા અને 'યા લથારત અલ-ખામેની'ના નારા ગુંજ્યા. સમર્થકોએ ખામેનીની હત્યાનો બદલો લેવાની માગ દોહરાવી.

ઈરાની નેતાઓની સ્પષ્ટ ચેતવણી: રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને અંતિમ યાત્રાને ખામેનીના માર્ગ પર ચાલવાનો સંકલ્પ ગણાવ્યો. સેના પ્રમુખ અમીર હાતમીએ કહ્યું કે હત્યા કરનારાઓને છોડવામાં આવશે નહીં.

ઈઝરાયલ-ઈરાન વચ્ચે શાબ્દિક યુદ્ધ તેજ બન્યું: નેતન્યાહૂએ કહ્યું કે અંતિમ યાત્રામાં ઉમટેલી ભીડ સમગ્ર ઈરાનનો અવાજ નથી. જ્યારે ઈરાકના શિયા નેતા અમ્માર અલ-હકીમે લોકોને અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સામેલ થવા અપીલ કરી.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીની અંતિમ યાત્રા મંગળવારે કોમ શહેરમાં પૂરી થઈ ગઈ છે. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈને તેમને શ્રદ્ધાંજલિ આપી.

હવે બુધવારે ખામેની અને તેમના પરિવારના સભ્યોના પાર્થિવ દેહને અંતિમ સંસ્કારની આગળની વિધિ માટે ઈરાક લઈ જવામાં આવશે.

ઈરાને અયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કાર સંબંધિત કાર્યક્રમો માટે ઈરાકમાં 15 રાહત ટીમો મોકલી છે.

ઈરાનની ન્યૂઝ એજન્સી IRNAના જણાવ્યા અનુસાર, 55% રાહતકર્મીઓ બચાવ કામગીરીની તમામ સામગ્રી સાથે ઈરાકના નજફ અને કરબલા પહોંચી ગયા છે. આ ટીમો અંતિમ સંસ્કાર સંબંધિત તમામ કાર્યક્રમો પૂર્ણ થાય ત્યાં સુધી ત્યાં જ તૈનાત રહેશે અને જરૂર પડ્યે લોકોને ઈમરજન્સી તેમજ બચાવ સેવાઓ પૂરી પાડશે.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના પાર્થિવ શરીરના અંતિમ સંસ્કાર સાથે જોડાયેલી વિધિઓથી એક દિવસ પહેલા ઈરાકના શહેર કરબલામાં તૈયારીઓ તેજ થઈ ગઈ છે.

લોકો કાર્યક્રમ પહેલા જ મોટી સંખ્યામાં કરબલા પહોંચવા લાગ્યા છે. ખામેનીના પાર્થિવ શરીરને બુધવારે ઈરાક લાવવામાં આવશે, જ્યાં શ્રદ્ધાંજલિ અને ધાર્મિક વિધિઓ થશે.

# સીરિયામાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત વચ્ચે વિસ્ફોટ

## મેક્રોન જે હોટેલમાં રોકાયા હતા તેની નજીક બ્લાસ્ટ થયો, સુરક્ષા વ્યવસ્થામાં વધારો

**દમાસ્કસ, તા.07**

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સીરિયાની મુલાકાતે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત દરમિયાન મંગળવારે સીરિયાની રાજધાની દમાસ્કસમાં એક વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ તે હોટેલની નજીક થયો હતો જ્યાં મેક્રોનના રોકાવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મેક્રોન સોમવારે દમાસ્કસ પહોંચ્યા હતા. ફ્રેન્ચ રાષ્ટ્રપતિની સીરિયા મુલાકાત દરમિયાન દમાસ્કસમાં થયેલા બોમ્બ વિસ્ફોટે તેમની સુરક્ષા અંગે ચિંતા વધારી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, સ્થાનિક લોકોએ અનેક વિસ્ફોટોનો અવાજ સાંભળ્યા હતા. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં તે વિસ્તારમાંથી ધુમાડો નીકળતો પણ દેખાયો હતો.

વિસ્ફોટ બાદ તરત જ સુરક્ષા એજન્સીઓએ નજીકના રસ્તાઓ બંધ કરી દીધા અને સમગ્ર વિસ્તારની નાકાબંધી કરી દીધી. હાલમાં જાનહાનિ અંગે કોઈ અહેવાલ નથી. અધિકારીઓએ વિસ્ફોટના કારણની તપાસ શરૂ કરી છે.

બશર અલ-અસદના સત્તા પરથી હટ્યા બાદ દમાસ્કસની મુલાકાત લેનારા મેક્રોન યુરોપિયન યુનિયન (EU)ના પ્રથમ મુખ્ય



નેતા છે.

સીરિયન અખબાર 'અલ-વતન' અને સીરિયા ટીવી નેટવર્ક મુજબ, રાજધાનીની વચ્ચો વચ્ચ બે વિસ્ફોટ થયા હતા. ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા ઉડતા દેખાયા હતા. ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન સંપૂર્ણપણે સુરક્ષિત છે. ઘણા વર્ષો બાદ ફ્રેન્ચ રાષ્ટ્રપતિની સીરિયાની મુલાકાતને એક મહત્વપૂર્ણ પગલાં તરીકે જોવામાં આવી રહી છે. આ દરમિયાન, રાજધાનીમાં થયેલા વિસ્ફોટના સમાચાર સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં એક ગાડી આગની ઝપેટમાં આવી ગયેલી જોવા મળે છે. રસ્તા પર લોહીના ડાઘ પણ દેખાઈ રહ્યા છે. આ ઘટનામાં કેટલી જાનહાની થઈ છે છે તે હજુ સ્પષ્ટ થયું નથી. અત્યાર સુધી કોઈ પણ સંગઠને આ વિસ્ફોટની જવાબદારી સ્વીકારી નથી.

મેક્રોન સોમવારે સીરિયાની રાજધાની દમાસ્કસ પહોંચ્યા હતા. બશર અલ-અસદના સત્તા પરથી હટ્યા બાદ સીરિયાની મુલાકાત લેનારા તેઓ પ્રથમ મુખ્ય યુરોપિયન નેતા બન્યા છે.

દમાસ્કસ એરપોર્ટ પર સીરિયાના વિદેશ મંત્રી અસદ અલ-શૈબાનીએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, મેક્રોને રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા સાથે મુલાકાત કરી હતી અને બંને નેતાઓએ ઐતિહાસિક ઉમૈયદ મસ્જિદની મુલાકાત પણ લીધી હતી.

મેક્રોનની મુલાકાત દરમિયાન સીરિયાનું પુનર્નિર્માણ, વિદેશી રોકાણ, સુરક્ષા સહયોગ અને આતંકવાદ-વિરોધી અભિયાન એ મુખ્ય એજન્ડાના મુદ્દાઓ છે. આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ, નાણાં અને ઊર્જા ક્ષેત્રે બંને દેશો વચ્ચેના વિવિધ કરારો અંગે પણ ચર્ચાઓ ચાલી રહી છે.

3 જુલાઈના રોજ, દમાસ્કસમાં પેલેસ ઓફ જસ્ટિસ નજીક એક કાફેમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં 5 લોકો માર્યા ગયા હતા અને 20 અન્ય ઘાયલ થયા હતા.

દમાસ્કસના ગવર્નર માહેર મરવાન ઈદલીબીએ જણાવ્યું હતું કે કાફેમાં એક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) લગાવવામાં આવ્યું હતું. આ ઘટનાના સંદર્ભમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે કેટલાક તત્વો દેશમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જોકે આ હુમલો કોઈપણ આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો નથી.

## તંત્રી લેખ

# શરદ પવાર કોને પસંદ કરશે, રાહુલ કે મોદી?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંત્રીમંડળમાં ફેરબદલ કરવાની તૈયારીમાં છે. સંસદનું ચોમાસુ સત્ર ૨૦મી જુલાઈથી ૧૩મી ઓગસ્ટ સુધી ચાલશે. જોકે એ પહેલા જ મંત્રીમંડળમાં ફેરફાર થઈ જશે. મંત્રીમંડળમાં ફેરફાર થતા પહેલા મહારાષ્ટ્રના રાજકારણમાં એવી ચર્ચા છે કે, શરદ પવારને જો મનપસંદ કેન્દ્રીય મંત્રીપદ મળે તો તેઓ એનડીએ સાથે જોડાઈ શકે એમ છે. હમણા આ મંત્રાલય શિવરાજસિંહ ચૌહાણ પાસે છે. શરદ પવારે પોતાની ઈચ્છા ભાજપ હાઈકમાન્ડને જણાવી પણ દીધી છે. બીજી તરફ એનસીપી (શરદ પવાર)નો વિલય કોંગ્રેસમાં થઈ જાય એવી પણ વાત છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમુલ કોંગ્રેસ અને મહારાષ્ટ્રમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ની હાલત જોઈને શરદ પવાર ચિંતીત છે. પોતાનો પક્ષ સલામત રહે એ માટે શરદ પવારની ઈચ્છા પુત્રી સુપ્રિયા સુલેને માટે યોગ્ય ડીલ કરવાની છે. બીજી તરફ રાહુલ ગાંધી શરદ પવારને ખાસ કઈ આપી શકે એમ નથી.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નવીન આજકાલ ઉત્તર પ્રદેશના પ્રવાસે છે. નિતિન નવીન ઉત્તર પ્રદેશમાં એનડીએના સાથી પક્ષોને મળ્યા હતા. એક અગત્યની બેઠકમાં એમણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી બાબત ચર્ચાકરી હતી. બેઠકમાં સામેલ થવા પહોંચેલા સુભાસપા (સુલેહદેવ ભારતીય સમાજ પાર્ટી)ના પ્રમુખ ઓપી રાજભરે બેઠકમાં કહ્યું હતું કે, 'આપણી મીટીંગનો હેતુ આવતી ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૧૭ કરતા વધુ સારા પરિણામ કઈ રીતે લાવવા એનું આયોજન કરવાનો છે. ડો. સંજય નિષાદ હોય, આશિષ પટેલ હોય, જયંત ચૌધરી હોય કે ખુદ ભારતીય સમાજ પાર્ટી. બધા લોકો પૂરી તાકાતથી ભાજપ સાથે મળીને કામ કરશે.' જોકે બધા ફરીથી મુદ્દાની વાત પર આવી ગયા હતા કે, ચૂંટણીમાં એનડીએ ગઠબંધનમાં ભાજપ સિવાયના પક્ષોને કેટલી બેઠકો મળશે. એક નેતાએ એવી ટીપ્પણી કરી હતી કે, 'તોપનું લાયસન્સ માંગશું તો કટ્ટાનું લાયસન્સ મળશે.'

લોકસભાના સ્પિકર ઓમ બીરલાના કહેવા પ્રમાણે જસ્ટીસ યશવંત વર્માના વિરુદ્ધના ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરનાર ત્રણ કમીટીનો રીપોર્ટ ૨૦મી જુલાઈથી શરુ થનારા ચોમાસા સત્ર દરમિયાન લોકસભામાં મૂકવામાં આવશે. જસ્ટીસ યશવંત વર્મા જ્યારે દિલ્હી હાઈકોર્ટના જજ હતા ત્યારે એમના ઘરેથી કરોડો રૂપિયાની રોકડ નકદ બળેલી મળી હતી. એમની પાસે આટલી મોટી સંખ્યામાં રોકડ રકમ કઈ રીતે આવી એવો સવાલ બધાને થયો હતો. કોઈ સામાન્ય નાગરીક હોત તો અત્યાર સુધીમાં ઈડીથી માંડીને બીજી એજન્સીઓ પણ તપાસમાં લાગી ગઈ હોત અને એ વ્યક્તિની ધરપકડ પણ થઈ ગઈ હોત. જસ્ટીસ યશવંત વર્માએ રાજીનામું તો આપી દીધું છે છતાં સંસદમાં એમને હટાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ અરવિંદ કુમારની અધ્યક્ષતામાં કમીટી બનાવવામાં આવી હતી. આ રીપોર્ટ ગૃહમાં રજુ થયા પછી આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

યુકેમાં રહેતા હજારો કાશ્મીરીઓએ પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર (પીઓકે)માં થઈ રહેલા માનવ અધિકાર ભંગ અને રાજકીય કાર્યકર્તાઓની ધરપકડ વિરુદ્ધ એક જોરદાર મોરચો કાઢયો હતો. હજારો લોકોએ 'લંડન કાશ્મીર મીલિયન માર્ચ'માં ભાગ લીધો હતો. લંડનના પાર્લામેન્ટ સ્કવેર ખાતે આવેલા પાકિસ્તાની હાઈકમીશન સુધી આ મોરચો પહોંચ્યો હતો. મોરચામાં દેખાવકારોએ પીઓકેની આઝાદીના સમર્થનમાં સૂત્રો પોકાર્યા હતા. 'જોઈન્ટ આવામી એક્શન કમીટી'ના પ્રમુખ શૌકત નવાઝ મીર અને બીજા રાજકીય નેતાઓની ધરપકડની ટીકા કરી હતી. કેટલાક એવા સૂત્રો પોકારતા હતા કે 'અમે પાકિસ્તાન સામે ઘૂટણ નહીં ટેકવીએ.' છેલ્લા ઘણા સમયથી પીઓકેમાં પાકિસ્તાનની સરકાર વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે અને પાકિસ્તાનના લશ્કર અને પોલીસે ચળવળકર્તાઓ પર વારંવાર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યા છે. આ વિરોધ હવે લંડન સુધી પહોંચ્યો છે. રાજસ્થાન કેડરના ઈન્ડિયન પોલીસ સર્વિસ ૨૦૨૩ બેંચના અધિકારી અભિજીત પાટીલ આજકાલ ચર્ચામાં છે.

**સૌથી મહત્ત્વની વાત એવી છે જે અત્યારે દુનિયાના ઘણા દેશોમાં ઘર કરી ગઈ છે. આ દેશોમાં એવું જડ તંત્ર સંચાલનમાં આવી ગયું છે કે, દેશની સરકારના નિર્ણયો, તેની નીતિઓ કે અભિગમનો તેઓ વિરોધ કરે છે ત્યારે તેમને દેશદ્રોહી માની લેવામાં આવે છે. આ માનસિકતાએ જ લોકશાહીના પાયાને હચમચાવી નાખ્યા છે : આજે લોકોની માનસિકતા જ એવી કરી નાખવામાં આવી છે જેમાં કોઈપણ બાબતની ટીકા કરવી તે વફાદારીનો વિરોધ કરવા જેવી સ્વીકારી લેવામાં આવી છે**

# ટીકા કરવી એ વિરોધ નથી પણ લોકશાહીનો સાચો મર્મ છે

## બોમ્બે હાઈકોર્ટે પોલીસને ઝાટકણી કાઢી હતી : સરકારની ટીકા કરવી એ વિરોધ નથી, પણ સુધારાની હિંમત છે, લોકશાહીની અસલી કસોટી આ જ છે

સૌથી મહત્ત્વની વાત એવી છે જે અત્યારે દુનિયાના ઘણા દેશોમાં ઘર કરી ગઈ છે. આ દેશોમાં એવું જડ તંત્ર સંચાલનમાં આવી ગયું છે કે, દેશની સરકારના નિર્ણયો, તેની નીતિઓ કે અભિગમનો તેઓ વિરોધ કરે છે ત્યારે તેમને દેશદ્રોહી માની લેવામાં આવે છે. આ માનસિકતાએ જ લોકશાહીના પાયાને હચમચાવી નાખ્યા છે : આજે લોકોની માનસિકતા જ એવી કરી નાખવામાં આવી છે જેમાં કોઈપણ બાબતની ટીકા કરવી તે વફાદારીનો વિરોધ કરવા જેવી સ્વીકારી લેવામાં આવી છે. એવું માની લેવામાં આવ્યું છે કે સમર્થનનો અર્થ માત્ર પ્રશંસા છે, અંધભક્તિ છે અને શરણાગતિ છે જ્યારે બીજી તરફ અસંમતિનો અર્થ માત્ર વિરોધ અને વિદ્રોહ માનવામાં આવે છે : અંગ્રેજોના દમનથી શરૂ કરીને, કોંગ્રેસકાળની કટોકટી લાગુ થવી કે પછી વર્તમાન સમયમાં સીએએનો વિરોધ, ખેડૂત આંદોલન, એમ્નેસ્ટિ ઈન્ટરનેશનલ કેસ, દિશા રવિ કેસ, વિનોદ દુઆ કેસ, પત્રકાર વિનિત નારાયણ શર્મા કેસ જેવા કેસમાં સરકારી ટીકાને દેશદ્રોહ બનાવી દેવામાં આવ્યા હતા. બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં એક કેસમાં પોલીસની આકરી ઝાટકણી કાઢી હતી. તેમાં એક વ્યક્તિને તડીપારની સજા કરવામાં આવી હતી. તે વ્યક્તિનો ગુનો એવો હતો કે, તેણે સરકારની ટીકા કરી હતી, બંધારણીય પદ ઉપર રહેલા કેટલીક વ્યક્તિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને સરકારી નીતિઓનો વિરોધ કર્યો હતો. આ માટે તેની સામે પાંચ જેટલી ફરિયાદ નોંધાઈ હતી. તેના માટે આ વ્યક્તિને ગત ડિસેમ્બર મહિનાથી તડીપાર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં રાજકીય કાર્યકર્તા વિરુદ્ધના તડીપારના આદેશને રદ કરી દીધો છે. કોર્ટે પોલીસની કડક શબ્દોમાં ઝાટકણી કાઢતા ટિપ્પણી કરી હતી કે, નાગરિકો સાથે 'ભારત સરકારના ગુલામો' જેવો વ્યવહાર કરી શકાય નહીં. જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે સોશિયાલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (SDPI)ના જનરલ સેક્રેટરી સઈદ અહેમદ અબ્દુલ વાહીદ ચૌધરીની અરજી પર આ ચુકાદો આપ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૫માં મુંબઈ પોલીસે સઈદ અહેમદને ૧૨ મહિના માટે તડીપાર કરવાનો આદેશ આપ્યો હતો, જેને કોંકણ ડિવિઝનના કમિશનરે પણ માર્ચ ૨૦૨૬માં યથાવત રાખ્યો હતો. પોલીસે સીએએ (CAA) અને જ્ઞાનવાપી મસ્જિદ મામલે કેન્દ્ર સરકારના નિર્ણયો વિરુદ્ધ દેખાવો કરવા બદલ નોંધાયેલી ૫ એફઆઈઆરના આધારે આ કાર્યવાહી કરી હતી. ચિંતાજનક બાબત એવી છે કે, આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ, જ્યાં કોઈ વ્યક્તિ, વિચાર, સંસ્થા કે પરંપરાની ટીકા કરવામાં આવે કે તેના વિરુદ્ધ ટિપ્પણી કરવામાં આવે તો અવારનવાર જે-તે વ્યક્તિનો આ અંગત વિરોધ છે અથવા તે નફરત કરે છે તેમ સમજી લેવામાં આવે છે. જાહેર જીવનમાં આ પ્રવૃત્તિ એટલી ઊંડી ઉતરી ચૂકી છે કે લોકો કોઈપણ અસંમતિને વિરોધમાં ગણાવી લે છે. હાલમાં સામાજિક અને રાજકીય સ્થિતિ એવી ભયાનક સ્તરે પહોંચી ગઈ છે કે તેમાં માત્ર બે જ બાબત બચી છે, કાં તો તમે સંપૂર્ણ સમર્થનમાં છો, અથવા સંપૂર્ણ વિરોધમાં. જાણે વચગાળાની કોઈ જગ્યા જ બચી નથી. તમારે આંધળુકિયા કરીને કોઈપણ બાબત સ્વીકારી લેવાની અથવા તમે અસહમતી દર્શાવો તો તમે વિરોધી અને વિદ્રોહી છો તેવું ટેગ તમારા ઉપર લગાડી દેવામાં આવે. પરંતુ શું ખરેખર એવું છે? શું કોઈ વસ્તુની આલોચના કરવી એટલે તેનો અસ્વીકાર કરવો થાય? શું સુધારાની ઈચ્છાને હંમેશા વિદ્રોહ તરીકે જ જોવી જોઈએ?



આધુનિકતાની સૌથી મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતાઓમાંથી એક છે આત્મચિંતન અથવા સેલ્ફ-રિફ્લેક્શન. તેનો અર્થ એ છે કે માત્ર તમારી આસપાસની દુનિયાને જ નહીં, પણ તમારી જાતને પણ આલોચનાત્મક દ્રષ્ટિથી જોવી. આ પ્રક્રિયા અસ્વીકારની નથી, પરંતુ સુધારાની છે. તેનો ઉદ્દેશ્ય કોઈ સંબંધને તોડવાનો નહીં, પરંતુ તેને વધુ ન્યાયપૂર્ણ અને સાર્થક બનાવવાનો છે. તમે જ્યારે કોઈ બાબતને, કોઈ સંબંધને, કોઈ કાર્યને કે પછી તમારી જાતને પણ જૂઓ છો ત્યારે સીધા જ તેની સાથે સહમત થવાના બદલે જો કંઈક બદલાયેલું જણાય અથવા તો ન્યાયસંગત ન લાગે ત્યારે તેની ટીકા કરો છો તો તે સુધારા તરફ દોરી જતી અથવા તો આત્મમંથનની તક આપતી બાબત છે. તેનાથી તમે વિરોધી થઈ ગયા છો કે તમે વિદ્રોહા કરો છો તેવું માની લેવું ભુલ ભરેલું છે. કોઈપણ બાબતમાં અસહમતી કે ટીકા અથવા તો ટિપ્પણી કરવી તેને જો સમજવા હોય તો સૌથી પહેલાં પરિવારના સંદર્ભે સમજવા જોઈએ. એક દીકરો પોતાના પિતાને પ્રેમ કરે છે, તેમનો આદર કરે છે, તેમને પોતાના જીવનનો આધાર માને છે. તેનો અર્થ એ નથી કે પિતાની દરેક વાત, દરેક નિર્ણય અને દરેક વર્તનને આંખો બંધ કરીને સાચું માની લેવું. ઘણીવાર દીકરો પોતાના પિતાની કોઈ આદત, કોઈ નિર્ણય કે કોઈ દ્રષ્ટિકોણની ટીકા કરે છે અથવા તો તેના અંગે પોતાનો વ્યક્તિગત મત પણ રજૂ કરે છે. આ ટીકા અથવા તો ટિપ્પણી કે વ્યક્તિગત મત તેમના પ્રત્યેની નફરતમાંથી નહીં, પરંતુ એ વિશ્વાસમાંથી પેદા થાય છે કે સંબંધ એટલો મજબૂત છે કે તેમાં સુધારાની વાત કહી શકાય છે.

આ તો માત્ર પરિવારની વાત થઈ. પરિવારમાં આવું થવું ખૂબ જ સાહજિક છે. હવે આ જ વાત સંસ્થાઓ અને સમુદાયો ઉપર પણ લાગુ પડે જ છે. કોઈ સંસ્થાના સભ્ય હોવું એ માત્ર તેના ગુણગાન ગાવાની જવાબદારી નથી. સભ્યપદનો અર્થ એ પણ છે કે વ્યક્તિ સંસ્થાની અંદર રહેલી ખામીઓને ઓળખે અને તેને છતી કરવાની અને સંસ્થાના ઉપરીઓ કે સંચાલકો સામે રજૂ રાખવાની હિંમત કરે. જો કોઈ વિદ્યાર્થી પોતાની સ્કુલની કે પછી યુનિવર્સિટીની નીતિઓ પર સવાલ ઉઠાવે છે, તો તેનો અર્થ એ નથી કે તે સ્કૂલ અથવા તો યુનિવર્સિટીનો વિરોધી છે. તેવી જ રીતે ઓફિસમાં કે કોર્પોરેટ વર્લ્ડમાં પણ જો કોઈ કર્મચારી કંપનીની નીતિઓ અંગે પોતાનો મત વ્યક્ત કરે છે તો તે કંપનીનો વિરોધ નથી કરતો પણ તેને જ્યાં ખામી જણાય છે તેને અભિવ્યક્ત કરે છે. પરસ્પર સમજાવટથી કે અનુકુલનથી તેને દૂર કરવાનો સભાનતા સાથે પ્રયાસ થવો જોઈએ. આ તમામ બાબતો શહેર, રાજ્ય કે દેશને પણ લાગુ પડે જ છે. શહેરમાં થઈ રહેલા ફેરફાર, વહિવટી તંત્રની નીતિઓ, રાજ્ય સરકારના નિર્ણયો, કેન્દ્ર સરકારની નીતિઓ કે પછી નિયમોના અમલીકરણ સામે સામાન્ય પ્રજાને વાંધો પડે ત્યારે તેને પહેલાં સાંભળવો અને સમજવો પડે. સૌથી મહત્ત્વની વાત એવી છે જે અત્યારે દુનિયાના ઘણા દેશોમાં ઘર કરી ગઈ છે. આ દેશોમાં એવું જડ તંત્ર સંચાલનમાં આવી ગયું છે કે, દેશની સરકારના નિર્ણયો, તેની નીતિઓ કે અભિગમનો તેઓ વિરોધ કરે છે ત્યારે તેમને દેશદ્રોહી માની લેવામાં આવે છે. તેઓ દેશ, સમાજ, સમુદાયો અને દેશની પ્રજાનો વિરોધ કરનારા આતંકીઓ જેવા જાહેર કરી દેવામાં આવે છે. ઘણી વખત કોઈ વ્યક્તિ પોતાના ધાર્મિક સમુદાય અથવા સંપ્રદાયના નિયમો કે પરંપરા અંગે પોતાનો મત વ્યક્ત કરે ત્યારે તેને પણ નાસ્તિક અને વિધર્મી જાહેર કરી દેવામાં આવે છે.

અફસોસની વાત એ છે કે આજે લોકોની માનસિકતા જ એવી કરી નાખવામાં આવી છે જેમાં કોઈપણ બાબતની ટીકા કરવી તે વફાદારીનો વિરોધ કરવા જેવી સ્વીકારી લેવામાં આવી છે. એવું માની લેવામાં આવ્યું છે કે સમર્થનનો અર્થ માત્ર પ્રશંસા છે, અંધભક્તિ છે અને શરણાગતિ છે જ્યારે બીજી તરફ અસંમતિનો અર્થ માત્ર વિરોધ અને વિદ્રોહ માનવામાં આવે છે. કોઈ વ્યક્તિ, સંસ્થા કે વિચાર પ્રત્યે સૌથી ઊંડું જોડાણ ઘણીવાર એ જ વ્યક્તિને હોય છે, જે તેની ખામીઓને ઓળખવાની અને તેને સુધારવાની ચિંતા કરે છે. દેશમાં એવા ઘણા કેસ બન્યા છે જેમાં અસહમતી અને ટીકાને સીધો જ દેશદ્રોહ માની લેવામાં આવ્યો છે. આધુનિક ઈતિહાસની જ વાત કરીએ તો ભીમા કોરેગાંવ કેસમાં માનવાધિકાર કાર્યકરો, વકીલો અને લેખકો પર સરકારને ઉથલાવી પાડવાના અને હિંસા ભડકાવવાના આરોપો હેઠળ UAPA લગાવવામાં આવ્યો. નાગરિકત્વ સુધારા કાયદા (CAA) ના વિરોધ પ્રદર્શનો દરમિયાન અનેક વિદ્યાર્થી નેતાઓ અને કાર્યકરોની ધરપકડ UAPA હેઠળ થઈ. આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર મુખ્યમંત્રીઓ કે વડાપ્રધાનની નીતિઓ અથવા વ્યક્તિગત આલોચના કરવા બદલ FIR થવી કે અટકાયત થવી સામાન્ય બની ગઈ છે. પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રીના મીમ શેર કરવા બદલ કે ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં શાસક પક્ષના નેતાઓની આકરી આલોચના કરતી પોસ્ટ લખવા બદલ સામાન્ય નાગરિકો કે રાજકીય કાર્યકરો પર ત્વરિત કાયદાકીય પગલાં લેવાયાના અગણિત દાખલા છે, જેને સુપ્રીમ કોર્ટે પણ ઘણીવાર વ્યક્તિગત સ્વતંત્રતા પર તરાપ ગણાવી છે. આવા તો અધધ દાખલા છે.

જાણકારોના મતે સરકારી નીતિઓની ટીકા કરવી કે તેના વિશે કંઈ પણ અસહમતી વ્યક્ત કરવી તેને સરકારનો અને દેશો વિરોધ કે વિદ્રોહ કર્યાનું માની લેવું અંગ્રેજો દ્વારા શરૂ કરાયું હતું. ભારતને વર્ષો સુધી ગુલામ રાખનારા અંગ્રેજ અમલદારોએ પોતાની ટીકા કે અસહમતીને બ્રિટિશ રાજનો વિરોધ માની લીધો હતો. તેના કારણે જ આવા ભારતીયો સામે, ક્રાંતિકારીઓ સામે આકરા પગલાં લેવાતા અને દેશદ્રોહમાં અનેકને કાળાપાણીની સજા કરાતી અથવા મૃત્યુદંડ આપવામાં આવતો હતો. આઝાદી બાદ આ પ્રથા ભારતમાં નવા સ્વરૂપે આવતી ગઈ. સમયાંતરે વિવિધ સરકારોએ પોતાનાથી અસહમતી રજૂ કરનારને પકડવા કે તેમને વિદ્રોહી જાહેર કરવાના અવનવા રસ્તા શોધી કાઢયા હતા.

લોકોમાં ચર્ચા છે કે, દેશમાં કટોકટી લાગુ કરવામાં આવી તે પણ આવી જ એક નીતિનો ભાગ હતો. તે સમયે કલમ ૧૨૪-એ હેઠળ લાખો લોકો સામે પગલાં લેવામાં આવ્યા હતા. ૨૦૧૨-૧૩માં કુડનકુલમ અણુમથકનો વિરોધ કરનારા હજારો લોકો સામે સરકારે દેશદ્રોહના કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરાવીને ઘણી લોકોની ધરપકડ કરી હતી. ૨૦૧૨માં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સમયે કાર્ટૂનિસ્ટ અસીમ ત્રિવેદી દ્વારા ભ્રષ્ટાચાર પર બનાવાયેલા કાર્ટૂનને રાજદ્રોહ ગણી ધરપકડ કરાઈ હતી. એ જ રીતે વિભિન્ન રાજ્યોમાં સરકારની વહીવટી નિષ્ફળતા કે કોવિડ-૧૯ના મિસમેનેજમેન્ટ પર અહેવાલ લખનારા પત્રકારો સામે પણ દેશદ્રોહ કે શાંતિ ડહોળવાના ગુના નોંધાયાના કિસ્સા સામે આવ્યા છે. જાણકારોના મતે અંગ્રેજોની આ વિવાદિત કલમનો ઉપયોગ ૨૦૨૨ સુધી મનફાવે તેની સામે અને તેવી રીતે કરવામાં આવ્યો છે. સુપ્રીમની સતત ટકોર બાદ કેન્દ્ર સરકારે તેમાં ફેરફાર કર્યા છે.

# સત્ય બોલીને જીવવાનું નામ જિંદગી બેવકૂફ બનીને નહીં, હૃદયની નિર્મળતા અને નિસ્વાર્થ ભાવમાં જ ઈશ્વર વસે છે

## "હૃદયની માળા અને સત્યની સાધના: જીવનને સમજવાનું આધ્યાત્મ"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસ આખી જિંદગી કંઈક શોધે છે.ક્યારેક મંદિરની પરિક્રમા માં,ક્યારેક માળાના મણકામાં, ક્યારેક તીર્થની ધૂળમાં.આપણે માની લઈએ છીએ કે બહારનું કોઈ ચિહ્ન આપણને અંદર શાંતિ આપી દેશે.પણ જ્યારે રાતેઆંખ બંધ કરીએ ત્યારે સવાલ એ જ રહે છે મન શાંત છે?હૃદય નિર્મળ છે? આધ્યાત્મિકતા કોઈ પોશાક નથી કે જે પહેરીને આપણે 'આધ્યાત્મિક' બની જઈએ. તે કોઈ પ્રદર્શન નથી. તે એક અંદર ની ક્રાંતિ છે.જ્યાં અહંકાર ઓગળે, ભય મટે, અને પ્રેમ જાગે.આપણી રોજિંદી જિંદગી ના ચાર સત્યો આપણને એ જ રસ્તો બતાવે છે. બહારના આડંબરથી નહીં, પણ અંદરની સ્વચ્છતાથી ઈશ્વર સુધી પહોંચવાનો રસ્તો. આધ્યાત્મિકતા એટલે દેખાવ નહીં,ભાવ છે'માળા,ટીલા-ટપકાં કે સાધુ બનવુંએ આધ્યાત્મિકતા નથી,પણ શુદ્ધ હૃદય,નિર્ભય મન, અને નિસ્વાર્થ ભાવ એ સાચી આધ્યાત્મિકતા છે.'

આપણે કેટલી સરળતાથી લોકો ને તેમના કપડાં, તિલક અને બોલવાથી તોલીએ છીએ. સફેદ વસ્ત્ર જોયા કે માની લઈએ 'આ તો બહુ ધાર્મિક છે'. ગળામાં મોટી માળા જોઈ કે લાગે 'આ તો બહુ જ્ઞાની હશે'.પણ ગીતામાં કૃષ્ણ કહે છે.'ભાવગ્રાહીજનાર્દન ઈશ્વર ભાવ જુએ છે,બાહ્ય ચિહ્ન નહીં.

શુદ્ધ હૃદય એટલે જ્યાં ઈર્ષ્યાનો કીચડ ન હોય. જ્યાં બીજાના સુખથી આપણને આનંદ થાય, દુઃખથી પીડા થાય. નિર્ભય મન એટલે જ્યાં 'લોકો શું કહેશે'નો ડર ન હોય. સત્ય બોલવામાં, સારું કામ કરવામાં જે ડગમગે નહીં.

નિસ્વાર્થ ભાવ એટલે આપ્યું અને ભૂલી ગયા. મદ કરી અને તેનો ડંકો ન પીટ્યો.

સાધુ બનવું સહેલું છે. કપડાં બદલી નાખો, જંગલમાં જતા રહો. પણ ઘરમાં રહીને, નોકરી-ધંધો કરતાં, સંબંધો નિભાવતાં મનને સાધુ રાખવું એ જ સૌથી મોટી સાધના છે. ટીલું કપાળ પર નહીં, પણ વર્તનમાં દેખાવું જોઈએ. માળા હાથમાં નહીં, પણ હૃદયના ધબકારામાં ફરવી જોઈએ.

જે દિવસે આપણે બીજાને નીચા બતાવ્યા વિના જીવી શકીએ, જે દિવસે આપણે આપણી ભૂલ સ્વીકારી શકીએ, તે દિવસે સમજો કે આપણે ખરેખર આધ્યાત્મિકતાના રસ્તે એક ડગલું આગળ વધ્યા છીએ. વાણી જ આપણું મંદિર છે

'સત્ય,શિષ્ટ,પરોપકારી,મધુર, કપટ રહિત,અને ઈશ્વરની ભકિત મય હોય તે વાણી શુદ્ધ છે.'

આપણા શરીરમાં સૌથી શક્તિ શાળી હથિયાર અને સૌથી મોટી દવા બંને આપણી જીભ છે એક શબ્દથી ઘા થાય છે, અને એક શબ્દથી ઘા રૂઝાય પણ છે.

આજે આપણે વાણીની શુદ્ધિ ભૂલી ગયા છીએ. સત્ય બોલીએ પણ કડવું. શિષ્ટતા મૂકીને કટાક્ષ કરીએ. પરોપકારના નામે ઉપદેશ આપીએ. મધુરતા સ્વાર્થ પૂરતી. કપટ વગર વાત જ ન થાય.

વિચારો,જો આપણા દરેક શબ્દની પહેલા કસોટી કરીએ તો કેવું થાય? *સત્ય છે? ખોટું બોલીને કોઈ સંબંધ કે ફાયદો ટકાવવો છે?

*શિષ્ટ છે?સામેવાળાની મર્યાદા રાખે છે?*પરોપકારી છે? આનાથી કોઈનું ભલું થશે?*મધુર છે?આ જ વાત પ્રેમથી પણ કહી શકાય?

*કપટ રહિત છે? મનમાં કંઈક અને બહાર કંઈક તો નથી?

*ભક્તિમય છે?આ શબ્દો બોલ્યા પછી મને શાંતિ મળશે કે અશાંતિ?જેની વાણી શુદ્ધ છે તેના આસપાસ લોકોને શાંતિ મળે છે. તેની હાજરીથી જ ઝઘડા શમી જાય છે. કારણ કે તે બોલતો નથી, તે પ્રાર્થના કરે છે. આવી વાણી જ સાચી જપ-માળા છે. દરેક શબ્દ એક મણકો. સંબંધનું કડવું સત્ય: ચૂપ રહેવું કે તૂટી જવું?'બેવકૂફ બનીને રહેશો તો સંબંધ ટકી રહેશે, અવાજ ઉઠાવશો ત્યાર થી સંબંધ તૂટવાની શરૂઆત થઈ જશે.'

આ વાક્ય સાંભળીને પહેલા દુઃખ થાય છે. કારણ કે તે આપણી આસપાસનું સત્ય છે. ઘણીવાર આપણે જોઈએ છીએ કે જે માણસ હંમેશા 'હા' કહે છે, અન્યાય સહન કરે છે, પોતાનું મન મારી નાખે છે, તેના જ બધા સંબંધો 'સારા' છે. અને જે પોતાના સ્વમાન માટે, સત્ય માટે અવાજ ઉઠાવે છે તેને 'અકડું', 'ઘમંડી', 'સંબંધ બગાડ નાર' કહેવાય છે.પણ અહીં આધ્યાત્મિક દ્રષ્ટિકોણ શું કહે છે?

ખોટા સંબંધને ટકાવવા માટે જો મારે મારી જાતને જ મારવી પડે, તો એ સંબંધની કિંમત શું? એ તો જેલ જેવું થયું. બહારથી સુંદર, અંદરથી કેદ. સાચો સંબંધ અવાજ ઉઠાવવાથી તૂટતો નથી. જે તૂટે છે તે ભ્રમ હતો. જે ઈંટો સ્વાર્થ, ડર અને દંભથી ચણાઈ હતી તે દીવાલ પડે છે. અને દુઃખ થાય છે, પણ તે જરૂરી છે.

આધ્યાત્મિકતા આપણને શીખવે છે નિર્મોહ. મોહ રાખો, પણ સત્ય સાથે. પ્રેમ કરો, પણ આત્મસન્માન સાથે. જો અવાજ ઉઠાવવાથી સંબંધ તૂટે છે, તો સમજો કે તે સંબંધમાં પ્રેમ નહોતો, ફક્ત સગવડ હતી. અને સગવડના સંબંધો ટકે પણ ખરા, પણ તે આપણને ઈશ્વરથી દૂર લઈ જાય છે.

તેથી ડરો નહીં. સત્ય પ્રેમથી, મર્યાદામાં, પણ મક્કમતાથી બોલો. જે રહેવાના હશે તે સમજશે. જે જવાના હશે તે બહાનું શોધી જ લેશે. તમારું કામ સ્વચ્છ હૃદય રાખવાનું છે. જિંદગીનું ગણિત: ન મળવું જ તેની રીત છે. 'વિચારેલું કદી થતું નથી, ગમતું હોય તે મળતું નથી, મળે તે ગમતું નથી, જો ગમતું મળે તો ટકતુ નથી, બસ આનું નામ જિંદગી.' આપણે બધા આ ચક્રમાં ફસાયેલા છીએ.આપણે પ્લાન બનાવીએ છીએ, ઈશ્વર હસે છે. કારણ કે આપણે ભવિષ્યના ગુલામ બની જઈએ છીએ. વર્તમાનને જીવતા જ નથી. જેની પાછળ દોડીએ છીએ તે મળતું નથી, અને જે મળે છે તેની કદર કરતા નથી. અને ક્યારેક ચમત્કારથી ગમતું મળી પણ જાય તો તેને સાચવવાના ડરમાં જ આપણે તેને ગુમાવી દઈએ છીએ. આનું નામ જિંદગી છે. અને આનું નામ જ લીલા છે. આધ્યાત્મિકતા આ ચક્રને તોડવાનું કહે છે.કેવી રીતે? 'સ્વીકાર' દ્વારા. વિચારેલું ન થાય તો ગુસ્સો નહીં, કારણ કે કદાચ તેનાથી સારું ઈશ્વરે વિચારી રાખ્યું છે. ગમતું ન મળે તો અફસોસ નહીં, કારણ કે જે મળ્યું છે તેમાં જ કોઈ શીખ છુપાયેલી છે.

મળે તે ન ગમે તો ફરિયાદ નહીં, કારણ કે અભાવમાં જ સંતોષની કિંમત સમજાય છે. અને ગમતું મળીને ટકે નહીં તો રડવું નહીં, કારણ કે જે આવે છે તે જાય પણ છે.આ જ સંસારનો નિયમ છે.જે દિવસે આપણે 'મારી મરજી' ને બદલે 'તારી મરજી' કહેવાનું શીખી જઈએ, તે દિવસે જિંદગી હળવી થઈ જાય. દુઃખ આવે ત્યારે પણ મનમાં એક ખૂણો શાંત રહે. કારણ કે ત્યારે આપણે જાણીએ છીએ - આ પણ વીતી જશે.

# ઋતુ એક જ પણ છતાં એની પાછળનો નજરિયો અલગ અલગ એવું કેમ?

બધીજ ચેનલો વરસાદનાં દ્રશ્યો દેખાડે છે, અને સૌરાષ્ટ્રનાં ગિર સોમનાથનાં જિલ્લામાં ખૂબ વરસાદ થયો. આ લખાય છે ત્યારે અહીં ભાવનગરમાં પણ મેઘરાજાએ મહેર કરી! હવામાન વિભાગની આગાહી સાચી પડી! પણ સવાલ એ છે કે, જે રીતે અત્યારે આ ઋતુઓ લોક જીવનને પ્રતાડિત કરી રહી છે એનું શું? વરસાદમાં ભીંજાવું મને બહુ જ ગમે, પરંતુ હું છેલ્લાં પાંચ વર્ષથી વરસાદમાં નીકળી નથી! કારણકે ઋતુઓ પોતાની સૌમ્યતા અને સમ્યકતા ચૂકી રહી છે, અને એટલે એવો ભાવ નથી થતો! ઉપરથી કેટલાય લોકોના ઝૂંપડા તણાઈ ગયા હશે! કેટલાંય સાથે વિચાર્યું પણ ન્હોય એવી અનહોની થઈ હશે! ખેડૂતોની જિંદગીભરની મૂડી દાવ પર લાગી હશે! એવી કરુણા આડે બીજું કંઈ સુઝે પણ નહીં તો આજે આપણે એક જ શહેરની અલગ અલગ પરિસ્થિતિ અને એનો નજરીયો જોઈશું.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આનંદ અને ઉત્સવી એક કોલેજ ટૂરમાં ભેગાં થયાં, બંને વચ્ચે દોસ્તી થઈ! એક દિવસ વાતો વાતોમાં રાત થઈ ગઈ અને વરસાદ તૂટી પડ્યો! આનંદ હવે કેમ જશે એની મૂંઝવણમાં હતો! ઉત્સવીએ કહ્યું અજાણી જગ્યામાં આટલી રાત્રે અને વરસાદમાં જવું હિતાવહ નથી! આનંદ પણ એ જ ઈચ્છતો હતો! ધીરેધીરે રાત ગાઢ થઈ અને ઋતુ ને કારણે બે યુવા દિલ બેકાબુ બન્યા અને જે ન થવું જોઈએ એ થયું! બંને બહુ જ સંસ્કારી હતાં અને કુળની મર્યાદા જાણતા હતાં! છતાં, આમ વરસાદ એક કલંક નું કારણ બન્યો. બેલા અને બાબુનાં નવાં નવાં લગ્ન થયાં અને પોતાનો પતિ એક મિલમાં કામ કરતો હતો, એટલે એ ગામડેથી અહીં શહેરની ચાલીમાં રહેવાં આવી! સાવ નીચાણવાળા વિસ્તારમાં ચાલી હતી એટલે વરસાદનું પાણી તેમજ ગટરનું પાણી પણ આવતું અને બહાર કાદવ કીચડ... બેલા ધીરેધીરે સેટ થવા કોશિશ કરતી હતી આજે વરસાદ હતો અને બાબુને આ વખતે ઘરના પકોડા ખાવાનું મન થયું અને એણે અન્ય પતિઓની જેમ બેલાને પકોડા બનાવવા કહ્યું! ધાબુ નબળું થઈ ગયું હોય ઓરડીમાં ચારે બાજુથી પાણી ટપકતું હતું એટલે બેલા એ સાફ કરીને થાકી ગઈ હતી, પણ છતાં પતિની ઈચ્છાને માન આપીને પકોડાની તૈયારી કરી! ખુલ્લા વાળને બાંધી સાડી છેડો ખોસીને એ રસોડામાં પ્રવેશી! બાબુ પર રોમેન્સ નું ભૂત સવાર થયું હતું અને એણે ચણાનો લોટ લેવાં સહેજ ઉંચી થયેલી બેલાની સાડી ખેંચી અને... લજ્જિત થતી થતી બેલા બાબુ નો હાથ પાછો ઠેલતી રહી અને એ એકાદ પિક્ચરનું ગીત ગણગણતો એને પલંગ પાસે લઈ ગયો, ત્યાં જ ધાબા માંથી એક મોટું ગાબડું પડ્યું, અને ઓરડી સ્વીમીંગ પુલ બની ગઈ, અને વરસાદ રહ્યાં પછી રાતના બાર સુધી ઓરડી સાફ કરવી પડી! અને આમ બાબુ બેલા માટે આ વરસાદ વેરી બન્યો..

કેશવ પોતાના ફ્લેટની બાલ્કની માં ઉભો હતો અને એકધારા વરસતા વરસાદને જોઈને ગમગીન થઈ ગયો! ગમગીની દૂર કરવા સિગરેટ પર સિગરેટ જલાવી રહ્યો હતો અને પણ સિગરેટનો નશો એનાં જલતા દિલને ઠારી શક્યો નહીં! એને યાદ આવી ગઈ એ વરસાદી રાત જ્યારે એ પોતાની માસીને ગામ ગયો હતો! અને કસ્તુરી નું સૌંદર્ય ગામડાં નું કુદરતી વાતાવરણ! નિખાલસ માણસો અને એક ભૂલ થઈ ગઈ કે જેને તે આજ સુધી ભૂલી શકતો નથી! અને એમાં પણ આ ગાંડો વરસાદ. શાલુ ની મોટી બહેનનો દિકરો કેશવ વેકેશનમાં આવ્યો, એ ફોટોગ્રાફર હતો, અને અહીં કસ્તુરી સાથે તેની મુલાકાત થઈ! કસ્તુરી પોતાની ઈચ્છાથી માસીને ઘરે કામ કરવા આવતી, અને એ બહાને શાલુ માસી સાથે વધુ રહીને વેકેશનમાં પણ ભણવાનું થતું! આવી જ એક તોફાની વેળાએ કેશવ ફોટોગ્રાફી કરવામાં ભૂલો પડ્યો! અંધારું ધીરેધીરે ગાઢ થતું જતું હતું, એક બાજુથી ટેકરીઓમાંથી નીકળતાં ઝરણાઓ એ ધોધ રુપે પડતા સુંદર કુદરતી દ્રશ્યો કેમેરામાં કેદ થયા! જંગલી જાનવરો પણ સલામતી માટે ગુફાઓમાં બેસી ગયા વગેરે ફોટોગ્રાફ પણ લીધાં! શાલુ ને ચિંતા થઈ! કસ્તુરી ઘરે જાઉં એમ કરીને કેશવ ને શોધવા ટેકરી પર આવી, અને શોધી પણ લીધો! વરસાદમાં ભીંજાયેલી કસ્તુરી એને ક્યાં માર્ગે જવું એ દોરતી હતી, અને વારંવાર એકદમ નજીક આવી જતાં એના માદક અંગો જોઈ કેશવ ભાન ભૂલ્યો અને કસ્તુરી ઈન્કાર કરતી રહી અને.... ઘરે આવ્યા પછી બહુ પસ્તાવો થયો અને નક્કી કર્યું કે સવારે એનાં ઘરે જઈને માંફી માંગી લગ્નની વાત કરશે! પણ પોતે એનાં ઘરે જાય એ પહેલાં જ કસ્તુરી ધાબેથી પડી ગઈ! કે કૂદી ગઈ ! એ રહસ્ય એની સાથે ગયું! પણ પોતે જાણતો હતો કે પોતાની ભૂલને કારણે એક સોળ વર્ષની યુવતી એ.. બસ ત્યારથી આ વરસાદ એનો દુશ્મન હોય એમ. વરસાદ શરૂ થયો સુશીલાને એમ કે હમણાં રહી જશે! પણ આ તો રોકાવાનું નામ જ લેતો ન્હોતો!; એને ચિંતા ફળિયામાં રાખેલા છાણાં અને લાકડાં પલળી જશે એની હતી! ઉપરથી સુનીલ પણ ઘરમાં ન્હોતો! ગયાં વર્ષે આવાં વરસાદમાં જ ગામના ચેકડેમમાં બે છોકરાઓ ડુબી ગયા હતાં! સુનીલ ને પણ આવાં સાહસો કરવાની ટેવ હતી! હે ભગવાન સુનીલનુ રક્ષણ કરજે! સુનીલ મારાં જીવનનો આધાર છે! એને કંઈક થઈ જશે તો મુજ વિધવા નું કોણ ધ્યાન રાખશે ? છાણાં લાકડાં પલળી જશે તો કાલે ચૂલો કેમ સળગશે? એણે હિમ્મત કરીને ફળિયામાંથી લાકડા અને છાણાં સારવાનુ શરૂ કર્યું! એક કલાકને અંતે એ કામ પુરુ થયું! વળી નવરી થતાં સુનીલ ની ચિંતા થઈ ત્યાં તો ડેલી ખખડી અને ભીનો થયેલો સુનીલ આવ્યો! એને સાજો સમો જોઈ એને ધરપત થઈ! મા આજે તો ચેકડેમ છલકાઈ ગયો, અને....ત્યાં જ સુશીલા એ એક તમાચો એનાં ગાલ પર મારી કહ્યું ખબરદાર એ બાજું ગયો છે તો! તને કંઈ થઈ જશે તો ? મા મારાં મિત્રોએ મને બહુ આગ્રહ કર્યો પણ મેં એને આ કારણે જ ના પાડી. મા આજે ચા સાથે ભજીયા બનાવી દે ને! છાણાં લાકડાં પલળ્યા ન્હોતાં એટલે, અને સમયસરની તાકીદ ને કારણે મા દિકરાએ વરસાદનો આનંદ લેતાં લેતાં ભજીયા ખાધાં. મિત્રો આમ એક જ ઋતુ, એક જ શહેર અને છતાં બધાને અલગ અલગ અનુભવ થયો! કહેવાનું તાત્પર્ય એ છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ઋતુઓ એ હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, અને એમાં આપણી આંતરિક પ્રકૃતિની ઋતુ પણ અસંતુલિત હોયને આપણે એનો આનંદ માણી શકતા નથી! મોટેભાગે આવું થાય ત્યારે, ઘરમાં પાણી ભરાઈ જશે, છત ટપકશે, ધાબામાં ગાબડું પડશે, કે પછી બળતણ પલળી જશે, એવાં ભાવ મુખ્ય રહે છે. એક ડર આપણી આસપાસ ઘેરાયેલો રહે છે! એમાં પણ ઉંમર વધતાં ઉન્માદ ઓસરી જતો હોય અને શરીરની અવસ્થા પણ વિપરીત હોય છે! પણ યુવાનોને ખાસ ચેતવણી કે જીવનભર નું કોઈ કલંક કે શૂળ ઊભું થાય નહીં એનું ધ્યાન રાખવું, કારણ કે આવાં ભાવ સોડા બોટલનાં ઉભરા જેવા હોય!આપણી મર્યાદાનું જતન કરીને પાછળથી પસ્તાવું પડે નહીં એવું જીવવું!

અમદાવાદ ખારીકટ કેનાલના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પક્ષના નેતા, દંડક તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓએ સમીક્ષા કરી

# મેયર તેમજ સમગ્ર ટીમ દ્વારા 12.7 કિલોમીટર લાંબા ખારીકટ કેનાલ કોરિડોરનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું

**ખારીકટ કેનાલના વિકાસને મળશે નવી દિશા: મેયરના નિરીક્ષણ બાદ બંને તરફ ત્રણ લેન રોડ, વૃક્ષારોપણ અને જંક્શન ડેવલપમેન્ટનો નિર્ણય**







**અમદાવાદ, તા.07**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખારીકટ કેનાલના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે મંગળવારે સવારે નરોડા થી વિંઝોલ (વસ્ત્રાલ) સુધીના 12.7 કિલોમીટર લાંબા ખારીકટ કેનાલ કોરિડોરનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન અમદાવાદના મેયર હિતેષભાઈ બારોટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ, પક્ષના નેતા જશુભાઈ ઠાકોર, દંડક અતુલભાઈ મિશ્રા તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખારીકટ કેનાલના વિકાસ માટે અગાઉ મંજૂર કરવામાં આવેલી ડિઝાઈન મુજબ કેનાલના મધ્યભાગથી બંને તરફ 9.5 મીટર પહોળા માર્ગનું નિર્માણ, આ ઉપરાંત કેનાલની બંને ધાર પર 1.2 મીટર પહોળા ગ્રીન પેચ સાથે વૃક્ષારોપણ, 6 મીટર પહોળા સર્વિસ રોડ તેમજ ઉપલબ્ધ પહોળાઈને અનુરૂપ ફૂટપાથ વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં હતું.

આ સ્થળ નિરીક્ષણ દરમિયાન માનનીય મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને અધિકારીઓ દ્વારા વિકાસ યોજનાની વધુ સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન હાલના 9.5 મીટર પહોળા માર્ગને વધુ વિસ્તૃત કરીને બંને તરફ ત્રણ લેન (Three-Lane) માર્ગ તરીકે વિકસાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત માર્ગની બંને બાજુએ વૃક્ષારોપણ કરીને હરિયાળો કોરિડોર વિકસાવવાની સાથે સુવિધાસભર ફૂટપાથનું પણ નિર્માણ કરવામાં આવશે.

આ ઉપરાંત ખારીકટ કેનાલ ઉપર આવેલા વિવિધ જંક્શનોનું ટ્રાફિકની જરૂરિયાત અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જરૂરી વિકાસ કરવામાં આવશે, જેથી માર્ગ વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત, સલામત અને સુલભ બની શકે.

આ નિરીક્ષણ દરમિયાન અધિકારીઓને વિકાસ કામગીરી ઝડપથી આગળ વધારવા તેમજ ખારીકટ કેનાલને આધુનિક શહેરી માળખા સાથે હરિયાળા અને સુવ્યવસ્થિત કોરિડોર તરીકે વિકસાવવા આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ વિકાસ કાર્ય પૂર્ણ થયા બાદ ખારીકટ કેનાલ વિસ્તારની માર્ગ સુવિધા, ટ્રાફિક વ્યવસ્થાપન અને શહેરી સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.


**સુરતમાં આકાશી આફતમાં વધુ બેના મોત**

## કતારગામમાં ધાબા પર નહાતી 22 વર્ષીય નવવધૂ પર વીજળી પડતાં મોત, શાળાએથી આવીને દાદર ચડતી બાળકીને કાળ આંબી ગયો

**સુરત, તા.07**

સુરત શહેરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ હવે માસૂમ અને આશાસ્પદ જિંદગીઓ માટે કાળ સાબિત થઈ રહી છે. શહેરમાં ચોમાસાની શરૂઆતમાં જ આકાશી વીજળી અને શોર્ટ સર્કિટના કારણે અત્યાર સુધીમાં કુલ 4 લોકોના કરુણ મોત નીપજ્યા છે. ગઈકાલે રાંદેરમાં બે મિત્રો અને કતારગામમાં ઘરના ધાબા પર નહાવા ગયેલી 22 વર્ષીય નવવધૂ પર વીજળી પડ્યા બાદ, આજે વધુ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સુરતના માન દરવાજા વિસ્તારમાં ધોધમાર વરસાદ વચ્ચે શાળાએથી ભણીને ઘરે પરત ફરેલી માત્ર 6 વર્ષની માસૂમ બાળકીને દાદરની લોખંડની રેલિંગમાંથી કરંટ લાગતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

મળતી માહિતી અનુસાર, કતારગામ વિસ્તારમાં આવેલા ખોડિયાર માતાના ટેકરા પાસે, લેટ ગાર્ડનની પાછળ 'સુકુન પેલેસ'માં ૨૨ વર્ષીય રીશિતા રાજન મિસ્ત્રી પોતાના પરિવાર સાથે રહેતી હતી. સુરતમાં શરૂ થયેલા ધોધમાર વરસાદનો આનંદ માણવા માટે



રીશિતા પોતાના ઘરના ધાબા પર નહાવા માટે ગઈ હતી. આ દરમિયાન અચાનક આકાશમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે જોરદાર કડાકા-ભડાકા થવા લાગ્યા હતા અને એકાએક કાળમુખી વીજળી રીશિતા પર આવીને પડી હતી. વીજળી એટલી પ્રચંડ હતી કે રીશિતા ડાબા હાથના ખભાના ભાગથી લઈને કોણી સુધી ગંભીર રીતે દાઝી ગઈ હતી અને તક્ષણ જ ધાબા પર ઢળી પડી હતી.

ધાબા પર બનેલી આ ભયાનક ઘટના પર જ્યારે આજુબાજુના પડોશીઓની નજર પડી, ત્યારે રીશિતાને બેભાન અવસ્થામાં પડેલી જોઈ તેઓએ જોરજોરથી બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું હતું. બૂમો સાંભળીને પરિવારજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક ધાબા પર દોડી આવ્યા હતા. લોહીલુહાણ અને દાઝેલી હાલતમાં રીશિતાને તાબડતોબ સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. હોસ્પિટલના ફરજ પરના તબીબોએ પ્રાથમિક તપાસ બાદ રીશિતાને મૃત જાહેર કરી હતી, જેથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ કરુણ ઘટનાની સૌથી હૃદયદ્રાવક બાબત એ છે કે મૃતક રીશિતાના લગ્ન હજી માંડ છ મહિના પહેલા જ રાજન મિસ્ત્રી સાથે થયા હતા. તેના લગ્નજીવનની હજુ તો શરૂઆત જ થઈ હતી.

## અમદાવાદની કે. કા. શાસ્ત્રી સરકારી કોલેજ ખાતે 10 જુલાઈએ રોજગાર ભરતી મેળો યોજાશે

**અમદાવાદ, તા.07**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીના તાબા હેઠળની મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ તથા શ્રી કે.કા. શાસ્ત્રી સરકારી કોમર્સ કોલેજ, મણિનગર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના રોજગાર ઈચ્છુક યુવક-યુવતીઓને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની ઉત્તમ તક ઉપલબ્ધ કરાવવા માટે તા. ૧૦/૦૭/૨૦૨૬ ના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળો સવારે ૧૦:૦૦ કલાકે શ્રી કે.કા. શાસ્ત્રી સરકારી કોમર્સ કોલેજ, ખોખરા રોડ, મણિનગર, અમદાવાદ ખાતે યોજાશે.

ભરતી મેળામાં અંદાજે ૧૦ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઓ ભાગ લઈ વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોની સીધી પસંદગી કરશે. ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ તથા સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભરતી મેળામાં ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપનીના નિયમો મુજબ વેતન અને અન્ય લાભો આપવામાં આવશે.

રોજગાર ઈચ્છુક ઉમેદવારોએ ભરતી મેળામાં હાજરી આપતી વખતે બાયોડેટાની નકલો, આધાર કાર્ડ તથા શૈક્ષણિક લાયકાતના જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે લાવવાના રહેશે.

મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જિલ્લાના તમામ રોજગાર ઈચ્છુક યુવક-યુવતીઓને આ રોજગાર ભરતી મેળામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રોજગારીની સુવર્ણ તકનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

## પોસ્ટ વિભાગની નવી વ્યવસ્થા: હવે સાધારણ ટપાલ ની પણ થશે ઓનલાઇન ટ્રેકિંગ: પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા.07**

પોસ્ટ વિભાગ મારફતે સાધારણ ટપાલ મોકલ્યા બાદ તે ગંતવ્ય સ્થળે પહોંચી કે નહીં તેની ચિંતા હવે ભૂતકાળ બની જશે. હવે સાધારણ ડાકને પણ ઑનલાઇન ટ્રેક કરી શકાશે. આ માટે સાધારણ ટપાલ પર પણ બારકોડ લગાવવામાં આવશે, જેના કારણે ટપાલ ક્યાં સુધી પહોંચી છે તેની દરેક તબક્કે ડિજિટલ દેખરેખ અને ટ્રેકિંગ શક્ય બનશે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે આપી.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, પોસ્ટ વિભાગે દેશભરમાં ડાકસેવાઓના આધુનિકીકરણ અને કાર્યક્ષમતામાં વધારો કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અંતર્ગત એડવાન્સ્ડ પોસ્ટલ ટેક્નોલોજી (APT) 2.0 એપ્લિકેશનમાં સાધારણ ટપાલ માટે બારકોડ આધારિત ઈન્ડક્શન અને ઈન્વૉઈસિંગની નવી સુવિધા અમલમાં મૂકવામાં આવી છે. સાધારણ ડાક પોસ્ટ વિભાગના વાર્ષિક મેઈલ ટ્રાફિકનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. દર વર્ષે આશરે 90 કરોડ સાધારણ ડાકનું સંચાલન કરવામાં આવે છે અને તે સર્વવ્યાપી ડાક સેવાઓનો મુખ્ય આધારસ્તંભ છે. આ શ્રેણીમાં પત્રો, અખબારો, સામયિકો, સરકારી સૂચનાઓ તથા અન્ય સાધારણ ડાકનો સમાવેશ થાય છે. અત્યાર સુધી આ પ્રકારની ટપાલ નો કોઈ ડિજિટલ રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાથી તેનું ઑનલાઇન ટ્રેકિંગ શક્ય નહોતું. સાધારણ ડાકની સંખ્યાનો અંદાજ વર્ષમાં માત્ર બે વખત મર્યાદિત સમયગાળા દરમિયાન કરવામાં આવતી મેન્યુઅલ ગણતરીના આધારે લગાવવામાં આવતો હતો. આ પ્રક્રિયા સમય માંગી લેતી હતી અને ઘણીવાર સચોટ ડેટાનો અભાવ હતો. પરિણામે કામગીરીનું આયોજન, સંસાધનોનું અસરકારક સંચાલન અને સેવા સુધારણા માટે જરૂરી વાસ્તવિક માહિતી મેળવવામાં મુશ્કેલીઓ ઊભી થતી હતી. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હવે એપીટી 2.0 એપ્લિકેશનમાં દરેક સાધારણ ડાકનું બારકોડ આધારિત ઈન્ડક્શન કરવામાં આવશે. ઉપરાંત, સંબંધિત ડિલિવરી પોસ્ટઓફિસમાં પહોંચતી દરેક સાધારણ ડાકનું પોસ્ટમેન દ્વારા 'ડાક સેવા' એપ્લિકેશન મારફતે વિતરણ કરવામાં આવશે. પરિણામે સાધારણ ડાકના સમગ્ર સંચાલન અને વિતરણની પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી થશે. આ નવી વ્યવસ્થાથી સાધારણ ડાકની સંખ્યાનો વાસ્તવિક અને ચોક્કસ ડિજિટલ રેકોર્ડ ઉપલબ્ધ થશે તેમજ સમગ્ર ડાક પ્રવાહ પર વધુ



અસરકારક રીતે દેખરેખ રાખી શકાશે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે નવી વ્યવસ્થા હેઠળ મોટા પ્રમાણમાં ડાક મોકલતા બલ્ક મેઈલર્સને પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે કે તેઓ પોસ્ટ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલી બારકોડ શ્રેણીને સાધારણ ડાક પર સીધી જ પ્રિન્ટ કરે અથવા ડાક રજૂ કરતાં પહેલાં પૂર્વ-મુદ્રિત બારકોડ ચોંટાડીને ડાક જમા કરાવે. ઉપરાંત, બુકિંગ સંબંધિત માહિતી માઈક્રોસોફ્ટ એક્સેલ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે, જેથી સાધારણ ડાકની ઈન્ડક્શન પ્રક્રિયા વધુ ઝડપી, ભૂલરહિત અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ શકે. આ વ્યવસ્થાથી સાધારણ ડાકની પ્રોસેસિંગ વધુ ઝડપી, વ્યવસ્થિત અને પારદર્શક બનશે તેમજ ડાક કામગીરીમાં સ્વચાલન (ઓટોમેશન)ને પણ પ્રોત્સાહન મળશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે બારકોડ આધારિત ઈન્ડક્શન અને ઈન્વૉઈસિંગ વ્યવસ્થાથી ડાક સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારીમાં વધારો થશે તેમજ સાધારણ ડાકની અવરજવર પર અસરકારક ડિજિટલ દેખરેખ સુનિશ્ચિત કરી શકાશે. ઉપરાંત, આ વ્યવસ્થાથી ઉપલબ્ધ થતા વાસ્તવિક આંકડાઓના આધારે સંસાધનો અને માનવબળનું વધુ અસરકારક આયોજન શક્ય બનશે, જેના પરિણામે કામગીરીની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. આ નવી વ્યવસ્થા ડાક સેવાઓની ગુણવત્તા અને ગ્રાહક સંતોષમાં પણ વધારો કરશે તેમજ ભવિષ્યમાં નીતિ નિર્માણ, આયોજન અને કામગીરીમાં સુધારા માટે વિશ્વસનીય ડેટા ઉપલબ્ધ કરાવશે. આ પહેલ પોસ્ટ વિભાગના આધુનિકીકરણ અને ડિજિટાઈઝેશનના પ્રયાસોને નવી ગતિ આપશે અને સમગ્ર દેશમાં વધુ કાર્યક્ષમ, પારદર્શક તથા ટેક્નોલોજી આધારિત ડાક સેવાઓના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## ખેડા જિલ્લા પંચાયતમાં વિવિધ સમિતિઓના અધ્યક્ષોની પસંદગી કરવામાં આવી

**ખેડા, તા.07**

જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશકુમાર તડવીની અપીલ સમિતીના અધ્યક્ષ તરીકે, વિકાસકુમાર પટેલ કારોબારી સમિતિના અધ્યક્ષ અને જીગીશાબેન પરમારની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી, ખેડા જિલ્લા પંચાયતમાં ૭ જુલાઈના રોજ આયોજિત બેઠકમાં આઠ સમિતિઓના અધ્યક્ષોની વરણી કરવામાં આવી છે. જેમાં, જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશકુમાર તડવી અપીલ સમિતીના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. આ સિવાય કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે વિકાસકુમાર પટેલ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે જીગીશાબેન પરમાર, શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે લક્ષ્મણસિંહ પરમાર, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે મહેન્દ્ર સોલંકી, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે કલાવતીબેન પટેલ, ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે ગૌતમસિંહ ચૌહાણ અને મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિના અધ્યક્ષ તરીકે મધુબેન સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

**સફળ જળ સંચય થી બનશે સુરક્ષિત ભવિષ્ય**

## રાજ્યભરમાં 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા પ્રયાસો

**નડિયાદ, તા.07**

કહેવાય છે ને કે, 'ટીપે ટીપે સરોવર ભરાય અને એ જ ટીપું જ્યારે ધરાની કુખમાં સમાય ત્યારે આવનારી પેઢીનું નસીબ ચમકાવે છે' પાણી એ માત્ર આપણી જરૂરિયાત નથી, પણ આપણું અસ્તિત્વ છે. આજના સમયમાં જળ એ જ જીવનનો મંત્ર સાર્થક કરવા માટે અને આપણી ધરતી માતાને ફરીથી પાણીથી તૃપ્ત કરવા માટે જળસંચય એ સૌથી મોટું પુણ્યનું કામ છે. ચોમાસાની આ પાવન ઋતુની શરૂઆત સાથે જ, રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તરને જાળવી રાખવા અને તેને વધુ ઊંચું લાવવા દરેક નાગરિકે પોતાની ફરજ સમજીને પ્રયાસ કરવા જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં દર વર્ષે 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય થઇ રહ્યું છે. ગુજરાત સરકારની ભૂગર્ભ જળ રીચાર્જ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વરસાદી પાણીનો સંગ્રહ કરીને જમીનમાં ઘટતા ભૂગર્ભ જળના સ્તરને ઊંચા લાવવાનો છે. પહેલાના સમયમાં વરસાદી પાણીને કૂવા, વાવ, તળાવમાં સંગ્રહિત કરવામાં આવતું હતું પરંતુ સમયાંતરે મોટા બદલાવના કારણે હવે આપણા જીવન ધોરણો બદલાતા આ ફરજ આપણે ભૂલી ચૂક્યા છે અને મોટી માત્રામાં વરસાદી પાણી વહી જાય છે. જેથી આ વરસાદી પાણી જમીનમાં પુરતા પ્રમાણમાં ન ઉતરતા મોટાભાગની જગ્યાએ જળસ્તર ઊંડા થયા છે. અને ખાસ ઉનાળાની ઋતુમાં આપણે પાણીથી બેબાકળા થઈ જઈએ છીએ. સિંચાઈ માટે પણ પાણી ન મળતા ખેડૂતોને પણ મોટુ નુકશાન થાય છે. આવી પરિસ્થિતિ વધુ વણસે નહીં તે હેતુસર આ વરસાદી પાણીનો ભૂર્ગભમાં યોગ્ય સિંચન થાય તેવા પ્રયાસો દરેક નાગરિકે કરવા જોઈએ.

## સાણંદના વિદ્યાર્થીઓ રચશે હરિત ક્રાંતિ, ચોમાસામાં એક લાખ 'સીડબોલ' તૈયાર કરવાનું ભવ્ય મહાઅભિયાન શરૂ

**અમદાવાદ, તા.07**

ગુજરાત સરકારના 'મિશન ગ્રીન ગુજરાત' અને પર્યાવરણ સંરક્ષણના અભિયાનને વેગ આપવા માટે સાણંદ તાલુકા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને વન વિભાગના સક્રિય સહયોગથી એક સરાહનીય લોકભાગીદારીનું ઉદાહરણ સામે આવ્યું છે.

સાણંદના સ્થાનિક વન વિભાગ અને માનવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તાલુકાની વિવિધ સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને જોડીને ચાલુ ચોમાસા દરમિયાન 01 લાખ સીડબોલ તૈયાર કરવાનું એક ભવ્ય મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પર્યાવરણીય સંતુલન અને નવી પેઢીમાં કુદરત પ્રત્યેની સંવેદનશીલતા વધારવાના આ સરકારી અભિગમને આગળ ધપાવતા, આ વનીકરણ ઝુંબેશનો વિધિવત પ્રારંભ આજે માણકોલ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા અને માણકોલ પ્રાથમિક શાળા ખાતેથી કરવામાં આવ્યો હતો. શાળાના સેંકડો વિદ્યાર્થીઓએ વન વિભાગના અધિકારીઓ અને સેવાભાવી કાર્યકરોની ઉપસ્થિતિમાં ભારે ઉત્સાહ સાથે પદ્ધતિસરના સીડબોલ તૈયાર કર્યા હતા.

સાણંદ વન વિભાગ દ્વારા આ અભિયાન માટે ખાસ કરીને સ્થાનિક આબોહવાને અનુકૂળ એવા દેશી વૃક્ષો જેવા કે લીમડો, પીપળો, વડ, બોર, કરંજ અને બાવળના બીજ વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્રિત કરીને પૂરા પાડવામાં આવ્યા છે. સરકારી શાળાના આ હરિત પ્રયોગમાં વનસ્પતિશાસ્ત્રના નિયમો મુજબ, આ બીજને ફળદ્રુપ માટી, દેશી ગાયના છાણ અને કુદરતી જૈવિક પોષક તત્ત્વોના યોગ્ય મિશ્રણ સાથે ભેળવીને નાના-નાના ગોળાકાર સીડબોલનું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે, જેથી તેનો ઉગાવો ઉત્તમ મળી શકે.

વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ આ પદ્ધતિ અંગે



માહિતી આપતા જણાવ્યું હતું કે, સીડબોલ એ સરકારી વનીકરણ પ્રોજેક્ટ્સ માટે ખૂબ જ આર્થિક અને અત્યંત અસરકારક આધુનિક ટેકનિક છે. આમાં પરંપરાગત વૃક્ષારોપણની જેમ ખાડા ખોદવા, ટ્રી-ગાર્ડ બનાવવા કે સતત પાણી પાવાની જટિલ જરૂરિયાત રહેતી નથી. વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત આ 01 લાખ સીડબોલને ચોમાસાના ચાલુ પ્રગતિશીલ દિવસો દરમિયાન સાણંદ તાલુકાના સરકારી જંગલ વિસ્તારો, ખરાબાની પડતર જમીનો, ડુંગરાળ ટેકરીઓ અને વનસ્પતિવિહીન ખુલ્લી જગ્યાઓ પર વ્યૂહાત્મક રીતે ફેંકવામાં આવશે. વરસાદી પાણીના સંપર્કમાં આવતા જ આ માટીનું કવચ ઓગળશે અને બીજ કુદરતી રીતે જ જમીનમાં અંકુરિત થઈ જશે.

શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રના અંદાજ મુજબ, જો 01 લાખ સીડબોલમાંથી વૈજ્ઞાનિક માપદંડોના આધારે માત્ર 10 ટકા જેટલો ન્યૂનતમ સક્સેસ રેશિયો પણ મળે, તો પણ આગામી વર્ષોમાં સાણંદ તાલુકાના સરકારી વન વિસ્તાર અને ગ્રીન કવરમાં 10000 નવા ઘટાદાર વૃક્ષોનો કાયમી ઉમેરો થશે. સરકારની દીર્ઘદ્રષ્ટિ મુજબ, આ વૃક્ષો ભવિષ્યમાં ગ્લોબલ વોર્મિંગ સામે લડવા, હવામાં ઓક્સિજનનું પ્રમાણ વધારવા, સ્થાનિક તાપમાન નીચું લાવવા, જમીનનું ધોવાણ અટકાવવા અને ભૂગર્ભ જળસ્તરને ઊંચું લાવવામાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવશે.

સાણંદ તાલુકા વહીવટી તંત્ર અને માનવ સેવા ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસનો હેતુ માત્ર હરિયાળી વધારવાનો જ નથી, પરંતુ નવી પેઢીના વિદ્યાર્થીઓમાં નાનપણથી જ પર્યાવરણ પ્રત્યેની નૈતિક જવાબદારી અને નાગરિક સભાનતા કેળવવાનો છે. શાળાના બાળકો જ્યારે પોતાના હાથે માટી અને છાણના મિશ્રણથી સીડબોલ બનાવે છે, ત્યારે તેઓ 'વસુધૈવ કુટુંબકમ' અને પ્રકૃતિ વંદનાના સરકારી મૂલ્યો સાથે સીધા જોડાય છે. આવનારા દિવસોમાં તાલુકાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને આ સરકારી કલ્યાણકારી હરિત યજ્ઞમાં સાંકળી લેવામાં આવશે.

પર્યાવરણ અને વન વિભાગ તરફથી સાણંદ તાલુકાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, CSR એક્ટિવિટી અંતર્ગત, સામાજિક સંગઠનો, યુવા મંડળો અને પ્રકૃતિપ્રેમી નાગરિકોને આ જનઆંદોલનમાં સક્રિયપણે જોડાવા સત્તાવાર અપીલ કરવામાં આવી છે. જનભાગીદારીના આ અનોખા મોડલ થકી જ રાજ્ય સરકારના સ્વચ્છ, સુદ્રઢ અને હરિયાળા 'વાઈબ્રન્ટ ગુજરાત'નું સપનું સાકાર થશે.

# 'મેં મારું બેસ્ટ આપ્યું, હવે કોઈ અફસોસ નથી...' વર્લ્ડકપમાંથી ભાવુક વિદાય બાદ રોનાલ્ડોનું નિવેદન

**પોર્ટુગલ, તા.07**

ફૂટબોલ જગતના મહાન ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સ્પષ્ટ કરી દીધું છે કે તેની ફિફા વર્લ્ડ કપની સફર હવે સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગઈ છે. સ્પેન સામે રાઉન્ડ ઓફ 16ના મુકાબલામાં પોર્ટુગલની હાર સાથે જ રોનાલ્ડોએ પુષ્ટિ કરી છે કે આ તેનો છેલ્લો વર્લ્ડ કપ હતો અને હવે તે ભવિષ્યમાં પોતાના 7માં વર્લ્ડ કપમાં રમતો જોવા મળશે નહીં.



41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના શાનદાર વર્લ્ડ કપ કરિયરમાં કુલ 27 મેચ રમી છે. આ મામલામાં તેનાથી આગળ માત્ર આર્જેન્ટિનાનો લિઓનલ મેસી છે, જેણે 30 વર્લ્ડ કપ મેચ રમી છે. જોકે, રોનાલ્ડો પોતાના આટલા ભવ્ય કરિયરમાં ક્યારેય વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનું સપનું પૂરું કરી શક્યો નથી.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વર્લ્ડ કપના ઈતિહાસમાં રમેલી 27 મેચોમાં 11 ગોલ કર્યા છે અને અનેક મોટા રેકોર્ડ્સ પોતાના નામે કર્યા છે. તે વિશ્વ કપની 6 અલગ-અલગ એડિશનમાં ગોલ કરનારો દુનિયાનો સૌપ્રથમ ખેલાડી બન્યો છે. આ વર્લ્ડ કપમાં તેણે 3 ગોલ કર્યા હતા, જેમાં ઉઝબેકિસ્તાન સામે પોર્ટુગલની 5-0ની જીતમાં તેના 2 શાનદાર ગોલ સામેલ હતા. આ સાથે જ તેણે પોતાના કરિયરમાં પહેલીવાર વર્લ્ડ કપના નોકઆઉટ મુકાબલામાં પણ ગોલ નોંધાવ્યો હતો. ક્રોએશિયા સામે પેનલ્ટી દ્વારા કરવામાં આવેલો તેનો આ ગોલ જ પોર્ટુગલને રાઉન્ડ ઓફ 16 સુધી લઈ ગયો હતો.

'હું ઠીક છું. દુઃખ માત્ર એ વાતનું છે કે અમારો વર્લ્ડ કપ આ રીતે સમાપ્ત થયો. પરંતુ જેમ મેં પ્રેસ કોન્ફરન્સમાં પણ કહ્યું હતું, મેં મારું પૂરેપૂરું જોર લગાવી દીધું હતું અને મને આ વાતનો કોઈ જ પસ્તાવો નથી.'

તેણે વધુમાં ઉમેર્યું કે, 'એક ફૂટબોલરની જિંદગી આવી જ હોય છે. ક્યારેક જીત મળે છે તો ક્યારેક હાર. આપણે હંમેશાં આગળ વધતા રહેવું પડે છે. આ મારો છેલ્લો વર્લ્ડ કપ હતો. હવે હું મારા પરિવાર સાથે સમય વિતાવીશ અને ઉતાવળમાં કોઈ નિર્ણય નહીં લઉં.'

રોનાલ્ડોએ પહેલીવાર વર્ષ 2006માં જર્મની વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો. તે ટૂર્નામેન્ટમાં તેણે ઈરાન સામે પોતાનો પહેલો વર્લ્ડ કપ ગોલ કર્યો હતો અને પોર્ટુગલને 40 વર્ષ બાદ સેમિફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તેણે વર્ષ 2010 (દક્ષિણ આફ્રિકા), 2014 (બ્રાઝિલ), 2018 (રશિયા) અને 2022 (કતાર)ના વર્લ્ડ કપમાં પણ ભાગ લીધો હતો અને દરેક સીઝનમાં ઓછામાં ઓછો 1 ગોલ ચોક્કસ કર્યો છે.

'હું કાલે સવારે પણ કોઈ પસ્તાવા વિના જાગીશ. મેં પોર્ટુગલ માટે 3 મોટા આંતરરાષ્ટ્રીય ખિતાબ જીત્યા છે (1 યુરોપિયન ચેમ્પિયનશિપ અને 2 યુઈએફએ નેશન્સ લીગ). મારા ટીમમાં આવ્યા પહેલા પોર્ટુગલે ક્યારેય કોઈ મોટો ખિતાબ જીત્યો નહોતો. તેથી મને મારા કરિયર પર ગર્વ છે. મેં હંમેશાં મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે. હવે એક નવો દિવસ હશે અને જિંદગી આગળ વધશે.'

અત્રે ઉલ્લેખનીય છે કે, રોનાલ્ડોએ વર્ષ 2016માં પોર્ટુગલને યુરોપિયન ચેમ્પિયનશિપ જીતાડવામાં કેપ્ટન તરીકે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સિવાય તેની ટીમે 2 વાર યુઈએફએ નેશન્સ લીગનો ખિતાબ પણ જીત્યો છે. જોકે, ફિફા વર્લ્ડ કપ ટ્રોફી તેના કરિયરની સૌથી મોટી અધૂરી ઈચ્છા બનીને રહી ગઈ છે. વર્લ્ડ કપમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન વર્ષ 2006માં રહ્યું હતું, જ્યારે તે પોતાની ટીમને સેમિફાઈનલ સુધી લઈ ગયો હતો.

## રોનાલ્ડોનું સપનું અધૂરું જ રહ્યું! ફિફા વર્લ્ડકપમાં સ્પેન સામે પોર્ટુગલના પરાજય બાદ ભાવુક દૃશ્યો

જ્યારે રમતગમતના ઈતિહાસમાં કોઈ મહાન ખેલાડી પોતાની સફરના અંતિમ પડાવ પર હોય, ત્યારે આખી દુનિયાની નજર તેના પર ટકેલી હોય છે, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સાથે પણ કંઈક એવું જ થયું. ફિફા વર્લ્ડ કપ 2026માં પોર્ટુગલ અને સ્પેન વચ્ચે રમાયેલી રોમાંચક મેચ માત્ર એક હાર-જીત નહોતી, પરંતુ એક યુગની અંતિમ ક્ષણોની સાક્ષી હતી. રોનાલ્ડો કદાચ વર્લ્ડ કપની એ એક ટ્રોફી ક્યારેય જીતી ન શક્યો જે હંમેશા તેનાથી દૂર રહી, પરંતુ તેણે ફૂટબોલ ચાહકોના દિલમાં જે સ્થાન મેળવ્યું છે તે ક્યારેય ભૂલી શકાશે નહીં.

મેચ પૂરી થઈ ત્યારે સ્કોરબોર્ડ પર પોર્ટુગલ 0 અને સ્પેન 1 દેખાઈ રહ્યું હતું. સ્પેનના ખેલાડીઓ ઉજવણી કરી રહ્યા હતા અને રોનાલ્ડો મેદાન પર બિલકુલ શાંત ઊભો હતો. તે પોતાની કારકિર્દીમાં છેલ્લી વાર આ ભવ્ય સ્ટેજને નિહાળી રહ્યો હતો. આ શાંત ક્ષણો પછી રોનાલ્ડોની આંખોમાંથી આંસુ વહી પડ્યા. સ્ટોપેજ ટાઈમમાં મિકેલ મેરિનોએ કરેલા ગોલે સ્પેનને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચાડી દીધું અને રોનાલ્ડોની છેલ્લી વર્લ્ડ કપ સફર પર પૂર્ણવિરામ મૂકી દીધું. રોનાલ્ડોને મેદાન પરથી બહાર જતો જોઈને સ્ટેડિયમમાં હાજર તેના ફેન્સ પણ રડી પડ્યા હતા. દુનિયા આંતરરાષ્ટ્રીય ફૂટબોલની એક સૌથી મોટી કારકિર્દીના અંતિમ પ્રકરણની સાક્ષી બની રહી હતી. 41 વર્ષની ઉંમરે રોનાલ્ડોમાં કદાચ પહેલા જેવી સ્પીડ નહોતી રહી, પરંતુ તેનો લડાયક મૂડ અકબંધ હતો. પોર્ટુગલના મેનેજર રોબર્ટો માર્ટિનેઝે તેના પર પૂરો ભરોસો રાખ્યો અને રોનાલ્ડોએ પણ મેદાન પર કટોકટીની ક્ષણોમાં સ્પેનના ડિફેન્ડર્સ સામે એકલા હાથે સંઘર્ષ કરીને એ ભરોસો સાર્થક કરવાનો પ્રયાસ કર્યો.

મેચની શરૂઆતથી જ લુઈસ ડી લા ફુએન્ટેની સ્પેનિશ ટીમ મજબૂત દેખાતી હતી. રોડ્રી, પેડ્રી અને દાની ઓલ્મો પોર્ટુગલના ડિફેન્સ લાઈન વચ્ચે સતત જગ્યા બનાવી રહ્યા હતા. પોર્ટુગલના ગોલકીપર ડિઓગો કોસ્ટાએ શાનદાર સેવ્સ કર્યા અને ડિફેન્સમાં રૂબેન ડાયસ તથા રેનાટો વેઈગાની જોડીએ સ્પેનના આક્રમણને 90 મિનિટ સુધી રોકી રાખ્યું. ડિફેન્સમાં નૂનો મેન્ડિસે સ્પેનના સ્ટાર ખેલાડી લેમિન યામલને આખી મેચ દરમિયાન શાંત રાખ્યો હતો. પરંતુ જ્યારે મેન્ડિસ ઈન્જરીના કારણે મેદાનની બહાર ગયો, ત્યારે પોર્ટુગલનું સંતુલન બગડ્યું. સ્પેને આ તક ઝડપી લીધી. 6 મિનિટના સ્ટોપેજ ટાઈમમાં ફેબિયન રુઈઝ અને ફેરન ટોરેસના પાસિંગની મદદથી મિકેલ મેરિનોએ ડિફેન્સની નાની ભૂલનો ફાયદો ઉઠાવીને બોલને નેટમાં ધકેલી દીધો.

# વિમેન્સ ક્રિકેટ તેના સુવર્ણ યુગમાં છેઃ જય શાહ

**લંડન, તા.07**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ચેરમેન જય શાહે રવિવારે લોર્ડ્ઝ ખાતે રમાયેલી આઈસીસી વિમેન્સ ટી20 ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને સાતમી વખત ટાઈટલ જીતનારી ઓસ્ટ્રેલિયાની કેપ્ટન સોફી મોલિન્યુક્સને આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપ ટ્રોફી એનાયત કરી હતી.ઓસ્ટ્રેલિયાએ બોલિંગ કરવાનો નિર્ણય લીધા બાદ ઈંગ્લેન્ડને 150 રન પર રોકી દીધું હતું અને ત્યારબાદ બેથ મૂનીના અણનમ 64 રનની મદદથી 17.1 ઓવરમાં લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયાની સફળતા બાદ આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે મહિલા ક્રિકેટ તેના સુવર્ણ યુગમાં છે અને આ ટુર્નામેન્ટ રમતગમતના પ્રદર્શનમાં



જોવા મળેલી શક્તિ, જુસ્સો અને શ્રેષ્ઠતાને કારણે તે શા માટે ચૂકવી ન જોઈએ તે પુરવાર કરે છે. ટ્વિટર પર પોસ્ટ કરતા જય શાહે લખ્યું, હતું કે "ઓસ્ટ્રેલિયાને ફરી એક વાર શાનદાર પ્રદર્શન સાથે તેમનો સાતમો મહિલા ટી20 વર્લ્ડ કપ જીતવા બદલ અભિનંદન. ઈંગ્લેન્ડની ટીમને પણ ખૂબ ખૂબ અભિનંદન. તેઓ શાનદાર રનર્સ -અપ રહ્યા છે, પરંતુ ખરેખર વિજેતા જેવો જ જુસ્સો દર્શાવ્યો છે. આ ટુર્નામેન્ટે આપણને યાદ અપાવ્યું કે શા માટે મહિલા ક્રિકેટ જોવી અનિવાર્ય છે – શરૂઆતથી અંત સુધી શક્તિ, જુસ્સો અને શ્રેષ્ઠતાનું પ્રદર્શન જોવા મળ્યું. બંને ટીમો અને આ વર્લ્ડ કપને ખાસ બનાવનારી દરેક વ્યક્તિનો આભાર. મહિલા ક્રિકેટ અત્યારે સુવર્ણ યુગમાં છે."

# ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ ઈન્ડિયા જાહેર, સંજુ સેમસનની બાદબાકી, 3 નવા ચહેરાઓને મળી તક

**નવી દિલ્હી, તા.07**

ઝિમ્બાબ્વે સામે રમાનારી 3 મેચોની ટી-20 સિરિઝ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ સિરિઝ માટે ટીમની કમાન શ્રેયસ અય્યરને સોંપવામાં આવી છે, જ્યારે તિલક વર્મા વાઈસ કેપ્ટન રહેશે. આ ટીમ પસંદગીમાં સૌથી ચોંકાવનારો નિર્ણય વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનને બહાર રાખવાનો છે. તેની જગ્યાએ ટીમમાં આઈપીએલના ધુરંધર ખેલાડીઓની એન્ટ્રી થઈ છે, જ્યારે હાર્ડ હિટર રિન્કુ સિંહની ટીમમાં વાપસી થઈ છે. આ સિરિઝની તમામ મેચો



હરારેમાં રમાશે.

આ પ્રવાસ માટે પસંદગીકારોએ યુવા ખેલાડીઓ પર મોટો ભરોસો મૂક્યો છે. આઈપીએલ સ્ટાર પ્રભસિમરન સિંહ ઉપરાંત ફાસ્ટ બોલર અશોક શર્મા અને યશ ઠાકુરને પહેલીવાર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. આ સિવાય, તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે ડેબ્યૂ કરનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પણ ટીમમાં પોતાની જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે. તે અભિષેક શર્માની સાથે ઓપનર તરીકે ટીમમાં જોવા મળશે.

પંજાબ કિંગ્સના વિસ્ફોટક ઓપનર અને વિકેટકીપર પ્રભસિમરન સિંહને તેના શાનદાર પ્રદર્શનનું ઈનામ મળ્યું છે. પ્રભસિમરને તેની ટી-20 કરિયરની 129 મેચોમાં 151.50 ના સ્ટ્રાઈક રેટથી 3665 રન બનાવ્યા છે, જેમાં 2 સદી અને 27 અર્ધસદી સામેલ છે. આઈપીએલ 2026 માં પણ તેણે 14 મેચોમાં 168 ના આક્રમક સ્ટ્રાઈક રેટથી 510 રન ફટકાર્યા હતા.

ભારતના સૌથી ઝડપી બોલરોમાંથી એક એવા મયંક યાદવની અંદાજે 2 વર્ષ બાદ ભારતીય ટીમમાં વાપસી થઈ છે. તેની સાથે પ્રિન્સ યાદવને પણ ટીમમાં સામેલ કરાયો છે, જે પેસ એટેકની જવાબદારી સંભાળશે. સ્પિન વિભાગની કમાન વરુણ ચક્રવર્તીના હાથમાં રહેશે.

શ્રેયસ અય્યર (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, તિલક વર્મા (વાઈસ કેપ્ટન), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, સૂર્યાંશ શેડગે, રિન્કુ સિંહ, હર્ષ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ, યશ ઠાકુર, અશોક શર્મા, મયંક યાદવ, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર).

# આમિરની 'લલકારા' પહેલાં શાહરુખ અને રાજુ હિરાની આ બાયોપિક બનાવવાના હતા

**મુંબઈ, તા.07**

આમિર ખાન પોતાની સફળ ફિલ્મ સિતારે જમીન પર (2025) બાદ હવે આગામી ફિલ્મ 'લલકારા'ની તૈયારીઓમાં વ્યસ્ત છે. 1947ના ભારત-પાકિસ્તાન વિભાજનની પૃષ્ઠભૂમિ પર આધારિત આ સ્પોર્ટ્સ ડ્રામા ભારતીય ક્રિકેટના દિગ્ગજ લાલા અમરનાથના જીવન પરથી પ્રેરિત છે. આ ફિલ્મમાં આમિર ખાન અને ડિરેક્ટર આશુતોષ ગોવારીકર લગભગ 25 વર્ષ બાદ ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. બંનેએ છેલ્લે 2001ની ઐતિહાસિક ફિલ્મ લગાનમાં સાથે કામ કર્યું હતું.



પરંતુ રસપ્રદ વાત એ છે કે 'લલકારા' પહેલાં આ જ વિષય પર ફિલ્મ બનાવવાનો વિચાર શાહરુખ ખાન અને દિગ્દર્શક રાજકુમાર હિરાની પણ કરી ચૂક્યા હતા. આ અંગેના અહેવાલો અનુસાર ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર, 2018માં ઝીરો અને સંજૂની રિલીઝ બાદ રાજકુમાર હિરાનીએ શાહરુખ ખાન સમક્ષ લાલા અમરનાથના જીવન પર આધારિત ફિલ્મનો વિચાર રજૂ કર્યો હતો. શાહરુખને આ વિચાર પસંદ આવ્યો હતો, પરંતુ વિવિધ કારણોસર આ પ્રોજેક્ટ આગળ વધી શક્યો નહીં. ત્યારબાદ કોરોના મહામારીએ પણ યોજનાઓ પર અસર કરી હતી. ત્યારબાદ હિરાનીએ શાહરુખને 'ડંકી' ઓફર કરી અને બંનેએ તે ફિલ્મ પર કામ શરૂ કર્યું. ડંકી ડિસેમ્બર 2023માં રિલીઝ થઈ હતી.

ડિસેમ્બર 2019માં જાણીતા ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી કે રાજકુમાર હિરાની એક દિગ્ગજ ક્રિકેટરના જીવન પર બાયોપિક બનાવવાની ચર્ચામાં છે અને તેનું નિર્માણ ફોક્સ સ્ટાર સ્ટુડિયો કરશે. હવે જાણવા મળ્યું છે કે તે પ્રોજેક્ટ હકીકતમાં લાલા અમરનાથની બાયોપિક જ હતી.

જોકે શાહરુખ સાથેની બાયોપિક બની શકી નહીં, તેમ છતાં રાજકુમાર હિરાનીનો 'લલકારા' સાથે ખાસ સંબંધ રહેશે. હવે આ અંગે મળતી માહિતી મુજબ, ફિલ્મની વાર્તા રાજકુમાર હિરાની અને અભિજાત જોશીએ સંયુક્ત રીતે લખી છે. ફિલ્મનું નિર્માણ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીનું એક્સેલ એન્ટરટેઈનમેન્ટ કરશે.

1947ના ભાગલા અને ક્રિકેટની પૃષ્ઠભૂમિ ધરાવતી આ ફિલ્મમાં ભારતીય ક્રિકેટના પ્રથમ ટેસ્ટ કેપ્ટન લાલા અમરનાથના જીવનનાં સંઘર્ષ અને તેમની સિદ્ધિઓને મોટા પડદા પર રજૂ કરવામાં આવશે.

# જાહ્નવી અને ખુશીએ સરપ્રાઈઝમાં અંશુલાને મહેંદી સેરેમનીની સરપ્રાઈઝ આપી......

**મુંબઈ, તા.07**

બોની કપૂરની દિકરી અને અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂર અને રોહન ઠક્કરનાં લગ્ન પૂર્વેની ઉજવણીઓમાં રવિવારે ધામધૂમથી તેની મહેંદી અને ચુડા સેરેમની યોજાઈ હતી. જેની પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં પ્રેમ, પરંપરા અને લાગણીઓથી ભરપૂર તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. આ ખાસ પ્રસંગનું આયોજન તેની બહેનો જાહન્વી કપૂર અને ખુશી કપૂરે સંપૂર્ણપણે સરપ્રાઈઝ તરીકે કર્યું હતું. મહેંદી માટે અંશુલાએ ડિઝાઈનર અર્પિતા દ્વારા તૈયાર કરાયેલ ખાસ ટીલ બ્લૂ રંગના ચણીયાચોળી પસંદ કર્યા હતા. અંશુલા ગુજરાતી પરિવારમાં લગ્ન કરી રહી હોવાથી તેણે ગુજરાતની સમૃદ્ધ પાટોળા કળા પરંપરાથી પ્રેરિત આ લહેંગામાં મિરર વર્કનો સુંદર સમન્વય જોવા મળ્યો. અંશુલાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે તેને માત્ર એટલી જ જાણ હતી કે કોઈ ઉજવણી થવાની છે, પરંતુ જાહન્વી અને ખુશીએ શું



આયોજન કર્યું છે તેની તેને કોઈ ખબર નહોતી. આ સરેમેનીમાં અંશુલા સાથે રોહન ઠક્કરના પરિવારે પણ હાજરી આપી હતી. અર્જુન કપૂરે પણ કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. આ તસવીરો સાથે તેમણે લાગણીસભર નોંધ પણ લખી છે, જે સોશિયલ મીડિયા પર ચાહકોનું ધ્યાન ખેંચી રહી છે. અર્જુને શેર કરેલી તસવીરોમાં એક તસવીરમાં ભાવુક બનેલી અંશુલા પોતાનાં ભાઈને ભેટી રહી છે. અન્ય તસવીરમાં સમગ્ર કપૂર પરિવાર સાથે જોવા મળે છે, જેમાં અંશુલા કલીરાં પહેરીને ખુશી વ્યક્ત કરતી નજરે પડે છે. તસવીરોમાં અભિનેત્રી કરિશ્મા કપૂર, નીતુ કપૂર તેમજ પરિવારના અન્ય સભ્યો પણ હાજર જોવા મળે છે. વરુણ ધવન પણ આ ઉજવણીમાં ઉપસ્થિત રહ્યો હતો. અંશુલા કપૂર અને રોહન ઠક્કરની મુલાકાત 2022માં એક ડેટિંગ એપ દ્વારા થઈ હતી. બંનેએ માર્ચ 2023માં સોશિયલ મીડિયા પર પોતાના સંબંધને જાહેર કર્યો હતો. ત્યારબાદ ગયા વર્ષે ઑક્ટોબરમાં બંનેએ પરિવાર અને નજીકના મિત્રો વચ્ચે સગાઈ કરી હતી.

# આર. માધવન હવે જી.ડી. નાયડુના જીવનને મોટા પડદા પર જીવંત કરશે

**મુંબઈ, તા.07**

ભારતના જાણીતા ઉદ્યોગપતિ અને ઈન્વેન્ટર જી.ડી. નાયડુના જીવન પર આધારિત બાયોપિક જીડીએનનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મમાં



આર.માધવન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે અને તે 17 જુલાઈના રોજ થિએટર્સમાં રિલીઝ થશે.

ટ્રેલરમાં માધવન જી.ડી. નાયડુના પાત્રમાં સંપૂર્ણપણે રૂપાંતરિત થયેલો જોવા મળે છે. એન્જિનીયરિંગ, ઈનોવેશન અને ઔદ્યોગિક વિકાસમાં અસાધારણ યોગદાન આપનાર જી.ડી. નાયડુના સંઘર્ષ, સિદ્ધિઓ અને જીવનપ્રવાસની ઝલક ટ્રેલરમાં રજૂ કરવામાં આવી છે. ફિલ્મનો પિરિયડ લૂક અને ભવ્ય રજૂઆત પણ દર્શકોનું ધ્યાન ખેંચી રહી છે.

આર. માધવને પોતાની કારકિર્દીમાં તમિલ, હિન્દી સહિત વિવિધ ભાષાઓની ફિલ્મોમાં અનેક યાદગાર પાત્રો ભજવ્યાં છે. કમર્શીયલ અને મસાલા ફિલ્મો વચ્ચે સંતુલન જાળવનારો માધવન હવે વધુ એક વાસ્તવિક વ્યક્તિત્વને પડદા પર જીવંત કરવા તૈયાર છે.

તાજેતરમાં નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર ફિલ્મનું ટ્રેલર શેર કર્યું હતું, જેમાં માધવનનો નવો અવતાર અને ફિલ્મની ભવ્યતા જોવા મળે છે. ટ્રેલરને દર્શકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

અભિનય ઉપરાંત માધવન ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ સક્રિય રહ્યો છે અને શિક્ષણ, લાંબા ગાળાના ફેરફાર જેવા વિષયો પ્રત્યે પોતાની રૂચિ વ્યક્ત કરતો રહ્યો છે. હવે જીડીએન દ્વારા તે ભારતના સૌથી પ્રભાવશાળી શોધકોમાંના એક એવા જી.ડી. નાયડુની પ્રેરણાદાયી ગાથા નવી પેઢી સુધી પહોંચાડવા તૈયાર છે. આ પહેલાં રોકેટરીઃધ નાંબી ઈફેક્ટ, ધુરંધરમાં પણ વાસ્તવિક રોલ કર્યા હતા. જીડીએન 17 જુલાઈએ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# અલી ફઝલ અને રિચા ચઢ્ઢા પહેલી વખત મોટા પડદા પર રોમાન્સ કરશે

**મુંબઈ, તા.07**

રીયલ લાઈફ કપલ અલી ફઝલ અને રિચા ચઢ્ઢા હવે પહેલી વખત મોટા પડદા પર લીડ જોડી તરીકે સાથે જોવા મળશે. બંને શશી વર્મા દ્વારા નિર્દેશિત એક સિચ્યુએશનલ કોમેડી ફિલ્મમાં મુખ્ય ભુમિકામાં જોવા મળશે. જોકે, હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી. અગાઉ બંને લોકપ્રિય કલાકારો ફુકરે ફ્રેન્ચાઈઝીમાં સાથે કામ કરી ચૂક્યા છે, પરંતુ પહેલી વખત તેઓ એકબીજા સાથે રોમેન્ટિક લીડ રોલમાં સ્ક્રીન શેર કરશે.




સીનવર્ક પ્રોડક્શન્સ અને ગિરિરાજ પ્રોડક્શન્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મમાં દિગ્ગજ અભિનેતા કુમુદ મિશ્રા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. દિલ્હીની જીવંત અને અવ્યવસ્થિત પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મમાં હાસ્ય, લાગણીઓ અને સામાજિક સંદેશનો અનોખો સમન્વય જોવા મળશે.

અભિનેતા, લેખક અને દિગ્દર્શક તરીકે પોતાની ઓળખ બનાવી ચૂકેલા શશી વર્મા આ ફિલ્મનું દિગ્દર્શન કરશે. ફિલ્મનું શૂટિંગ 2026ના બીજા ભાગમાં શરૂ થવાનું છે, જ્યારે એપ્રિલ 2027માં તેની થિયેટ્રિકલ રિલીઝ માટે આયોજન કરવામાં આવ્યું છે.

ફિલ્મ અંગે ઉત્સાહ વ્યક્ત કરતાં અલી ફઝલે જણાવ્યું, "મને હંમેશા લાગ્યું છે કે શ્રેષ્ઠ કોમેડી સાચા પાત્રો અને વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી જન્મે છે. સ્ક્રિપ્ટ વાંચતા જ મને લાગ્યું કે આ ફિલ્મમાં કંઈક ખાસ છે. રિચા સાથે પહેલી વખત એક નવી સ્ક્રીન ડાયનેમિક્સ અજમાવવાની તક મળી છે, જે મારા માટે ખૂબ જ રોમાંચક છે. ઉપરાંત, શશી સર સાથે કામ કરવાની મારી લાંબા સમયથી ઈચ્છા હતી." રિચા ચઢ્ઢાએ પણ ફિલ્મ અંગે ખુશી વ્યક્ત કરતાં કહ્યું, "આ વાર્તાની સરળતા, પ્રામાણિકતા અને તેમાં રહેલી સામાજિક નિસ્બતે મને ખૂબ આકર્ષી. અલી અને મેં અગાઉ સાથે કામ કર્યું છે, પરંતુ આ વખતે અમારી જોડી સંપૂર્ણપણે અલગ અંદાજમાં જોવા મળશે.

# ચાંદી ₹4,408 ઘટીને ₹2.29 લાખ પર આવી: સોનું ₹1,442 સસ્તું થઈને ₹1.44 લાખનું થયું

નવી દિલ્હી, તા.07

7 જુલાઈએ સોના અને ચાંદીના સ્થાનિક બજારમાં નોંધપાત્ર નરમાઈ જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા અનુસાર, 24 કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 1,442 રૂપિયાનો મોટો કડાકો બોલાઈ ગયો છે, જેને પગલે હવે તેની કિંમત ઘટીને 1.44 લાખ રૂપિયાના સ્તરે આવી પહોંચી છે. આ જ પ્રમાણે ચાંદીના ખરીદદારો માટે પણ રાહતના સમાચાર છે, કારણ કે પ્રતિ કિલો ચાંદીના ભાવમાં 4,408 રૂપિયાનો તીવ્ર ઘટાડો નોંધાતા હવે તે બજારમાં 2.29 લાખ રૂપિયાના સ્તરે ટ્રેડ થઈ રહી છે. વાસ્તવમાં કિંમતોમાં ઘટાડાનો આ સિલસિલો નવો નથી, આ અગાઉ ગયા જૂન મહિના દરમિયાન પણ કિંમતી ધાતુઓના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં એક જ મહિનામાં સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 15,000 રૂપિયા અને ચાંદીના ભાવમાં પ્રતિ કિલો 38,000 રૂપિયા સુધીનો મોટો ઘટાડો નોંધાયો હતો. જો વિગતવાર આંકડાકીય સરખામણી કરીએ તો ગત 31 મેના રોજ જે સોનું 1,56,463 રૂપિયા પર હતું તે 30 જૂન સુધીમાં ઘટીને 1,41,286 રૂપિયા થઈ ગયું હતું, જ્યારે એ જ ગાળામાં ચાંદી પણ 2,63,350 રૂપિયાથી સરકીને 2,25,425 રૂપિયા પર આવી ગઈ હતી. વર્તમાન સમયમાં બજારમાં અલગ-અલગ કેરેટના આધારે કિંમતો નક્કી થઈ રહી છે, જેમાં 24 કેરેટ સોનાની કિંમત પ્રતિ 10 ગ્રામ 1,44,141 રૂપિયા છે, જ્યારે દાગીના બનાવવા માટે સૌથી વધુ વપરાતા 22 કેરેટ સોનાનો ભાવ 1,32,033 રૂપિયા ચાલી રહ્યો છે. આ ઉપરાંત 18 કેરેટ સોનું 1,08,106 રૂપિયા અને 14 કેરેટ સોનાની કિંમત 84,323 રૂપિયા પ્રતિ 10 ગ્રામના સ્તરે પહોંચી ગઈ છે. બીજી તરફ ગુડરિટર્ન્સના અહેવાલ મુજબ દેશના મુખ્ય શહેરોમાં પણ કિંમતોમાં સામાન્ય તફાવત જોવા મળી રહ્યો છે, જેમાં દિલ્હી, જયપુર અને લખનૌ જેવા શહેરોમાં 24 કેરેટ સોનાનો ભાવ 1,45,410 રૂપિયા છે, જ્યારે અમદાવાદ, ભોપાલ અને પટનામાં આ જ સોનું 1,45,310 રૂપિયામાં મળી રહ્યું છે તેમજ મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં તેનો ભાવ 1,45,260 રૂપિયા નોંધાયો છે.



જો આખા વર્ષ દરમિયાનના ટ્રેન્ડ પર નજર કરીએ તો વર્ષ 2026માં સોના-ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. વર્ષ 2025ના અંતે એટલે કે 31 ડિસેમ્બરે સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે ચાલુ વર્ષની 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું, પરંતુ ત્યાર પછીના ગાળામાં તેમાં સતત ઘટાડો થતાં સોનું અત્યાર સુધીમાં આશરે 32 હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. આવી જ સ્થિતિ ચાંદીમાં પણ જોવા મળી છે, જે ગયા ડિસેમ્બરના અંતે 2.30 લાખ રૂપિયા પર હતી તે 29 જાન્યુઆરીએ વધીને 3.86 લાખ રૂપિયાના ઓલ-ટાઈમ હાઈ લેવલે પહોંચી ગઈ હતી, પરંતુ ત્યાર બાદના માત્ર 159 દિવસમાં જ ચાંદીના ભાવમાં 1.57 લાખ રૂપિયાનો જંગી ઘટાડો આવી ચૂક્યો છે. આ સમયગાળા દરમિયાન જાન્યુઆરીથી જુલાઈ સુધી કિંમતો સતત બદલાતી રહી છે, જેમાં જાન્યુઆરીના અંતે સોનું 1.65 લાખ અને ચાંદી 3.39 લાખ પર હતી, જે ફેબ્રુઆરીમાં ઘટીને અનુક્રમે 1.50 લાખ અને 2.66 લાખ થઈ ગઈ હતી, જ્યારે માર્ચ અને એપ્રિલમાં થોડા સ્થિર વલણ બાદ મે મહિનામાં ફરી થોડો ઉછાળો આવ્યો હતો, પરંતુ જૂન અને જુલાઈ આવતા-આવતા ભાવો ફરીથી નીચે આવી ગયા છે.

બજારના નિષ્ણાતોના મતે સોના-ચાંદીના ભાવમાં આટલા મોટા ઘટાડા પાછળ વૈશ્વિક સ્તરે કેટલાક મહત્વના આર્થિક અને રાજકીય કારણો જવાબદાર છે. સૌથી મોટું કારણ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો યુદ્ધવિરામ કરાર છે, જેનાથી પશ્ચિમ એશિયામાં લાંબા સમયથી ચાલી રહેલું યુદ્ધનું જોખમ ઘણું ઓછું થઈ ગયું છે અને તેના કારણે રોકાણકારોએ સોના અને ચાંદી જેવા સુરક્ષિત ગણાતા પરંપરાગત રોકાણમાંથી પોતાના નાણાં પાછા ખેંચવાનું શરૂ કરી દીધું છે. આ સિવાય અમેરિકાની સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ તરફથી મળેલા સંકેતોને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકન ડોલર ઈન્ડેક્સ વધુ મજબૂત બન્યો છે, અને સામાન્ય આર્થિક નિયમ મુજબ જ્યારે પણ ડોલર મજબૂત થાય છે ત્યારે વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓની કિંમતો પર દબાણ આવે છે. આ સાથે જ, તાજેતરમાં જ્યારે ભાવો રેકોર્ડ સ્તરે પહોંચ્યા હતા ત્યારે મોટા રોકાણકારો અને ટ્રેડર્સે બજારમાંથી નફો બુક કરવાનું એટલે કે પ્રોફિટ બુકિંગ કરવાનું યોગ્ય માન્યું હતું, જેના કારણે પણ કિંમતોમાં અચાનક તીવ્ર ઘટાડો નોંધાયો છે. ઉપરાંત, સુરક્ષિત રોકાણ તરફ વૈશ્વિક આકર્ષણ ઘટવાને કારણે ગોલ્ડ અને સિલ્વર ઈટીએફ એટલે કે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સમાં પણ રોકાણકારો દ્વારા મોટા પાયે વેચવાલી કરવામાં આવી રહી છે, જે કિંમતોને સતત નીચે ધકેલી રહી છે.

આવી સ્થિતિમાં જ્યારે સામાન્ય ગ્રાહકો જ્વેલર્સની દુકાનેથી સોનાની ખરીદી કરવા જાય ત્યારે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, જેમાં એક વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક કોડ આપેલો હોય છે જેનાથી સોનાની સાચી શુદ્ધતા અને કેરેટની ઓળખ સરળતાથી થઈ શકે છે.

# ટાટા ગ્રુપમાં નવી પેઢીને કમાન સોંપવાની રણનીતિ: નોએલ ટાટાની દીકરી માયા રિટેલ ચેઇન 'વેસ્ટસાઇડ'નો ઇ-કોમર્સ સંભાળશે

મુંબઈ, તા.07

ટાટા ગ્રુપની જાણીતી ફેશન રિટેલ ચેઈન 'વેસ્ટસાઈડ'ના ઈ-કોમર્સ માર્કેટિંગની કમાન હવે નોએલ ટાટાની ૩૭ વર્ષીય દીકરી માયા ટાટા સંભાળવા જઈ રહી છે. સોમવારે અચાનક સામે આવેલા આ મોટા ફેરબદલનો મુખ્ય હેતુ વેસ્ટસાઈડ બ્રાન્ડની ઓનલાઈન હાજરીને અભૂતપૂર્વ સ્તરે મજબૂત કરવાનો અને વૈશ્વિક બજારમાં તેનું આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કરવાનો છે. જોકે આ વહીવટી ફેરફાર અંગે કંપની તરફથી હજુ પણ સત્તાવાર મંજૂરી મળવાની પ્રક્રિયા બાકી હોવાનું જાણવા મળ્યું છે. વર્તમાન સમયમાં નોએલ ટાટા રિટેલ ક્ષેત્રની દિગ્ગજ કંપની ટ્રેન્ટના ચેરમેન પદે બિરાજમાન છે અને તેઓ આગામી નવેમ્બર ૨૦૨૬માં આ પ્રતિષ્ઠિત પદ છોડવાના છે, જેથી એવું સ્પષ્ટપણે માનવામાં આવી રહ્યું છે કે દીકરીની આ નવી અને મહત્વપૂર્ણ વ્યાવસાયિક સફરમાં તેઓ એક અનુભવી માર્ગદર્શક તરીકેની મહત્વની ભૂમિકા ભજવશે. માયાના ભાઈ નેવિલ ટાટા પહેલેથી જ ટ્રેન્ટ કંપનીના 'સ્ટાર બજાર' હાઈપરમાર્કેટ ડિવિઝનની સંપૂર્ણ કમાન સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે, ત્યારે હવે માયા ટાટાની આ ક્ષેત્રમાં એન્ટ્રી થવાથી એક વાત બિલકુલ સાબિત થાય છે કે ટાટા



ગ્રુપ હવે પરંપરાગત વેપારની સાથે ઈ-કોમર્સ અને ડિજિટલ ઈન્ટિગ્રેશન પર સૌથી મોટો દાવ લગાવી રહ્યું છે, જેથી ભારતીય બ્રાન્ડ્સને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી અને મજબૂત ઓળખ અપાવી શકાય.

જો માયા ટાટાની વ્યાવસાયિક સફર પર નજર કરીએ તો તેમને આ મહત્વની જવાબદારી મળવા પાછળ એક ચોક્કસ આર્થિક રણનીતિ રહેલી છે. પોતાના ભાઈ નેવિલ અને બહેન લિયાથી તદ્દન વિપરીત માયા ટાટા ક્યારેય કોઈ એક જ ચોક્કસ ગ્રુપ કંપની સાથે મર્યાદિત રહીને જોડાયેલી ન હતી. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ખૂબ જ નીચલા સ્તરેથી ટાટા કેપિટલ સાથે કરી હતી અને ત્યારબાદ તેઓ ટાટા ડિજિટલ સાથે જોડાયા હતા, જે ટાટા ગ્રુપની સૌથી પ્રતિષ્ઠિત એપ્લિકેશન ટાટા નિયો સહિત બિગબાસ્કેટ, ક્રોમા અને ટાટા ૧એમજી જેવા વિશાળ ઓનલાઈન પ્લેટફોર્મ્સની મુખ્ય પેરન્ટ કંપની ગણાય છે. આ ડિજિટલ પ્લેટફોર્મ્સ પર કામ કરતી વખતે તેમણે ડિજિટલ કોમર્સની આંટીઘૂંટીઓ, ગ્રાહકોને આકર્ષવાની કળા અને ઓનલાઈન રિટેલ બિઝનેસની તમામ બારીકાઈઓને ખૂબ જ નજીકથી સમજી છે અને આ મલ્ટી-વર્ટિકલ એક્સપોઝર એટલે કે વિવિધ ક્ષેત્રોના બહોળા અનુભવને કારણે જ તેમને વેસ્ટસાઈડની આગામી ઓમ્નીચેનલ અને ઈ-કોમર્સ વ્યૂહરચનાનું નેતૃત્વ કરવા માટે સમગ્ર ગ્રુપમાં સૌથી લાયક અને યોગ્ય ઉમેદવાર માનવામાં આવી રહ્યા છે.

ટાટા ગ્રુપની આ નવી પેઢી અત્યારે અંદાજે ૩ લાખ કરોડ રૂપિયાના વિશાળ બિઝનેસ સામ્રાજ્ય પર નજર રાખી રહી છે. નોએલ ટાટાના ત્રણેય સંતાનો હવે ગ્રુપની અલગ-અલગ અને દેશની સૌથી મોટી કંપનીઓનું સંચાલન સંભાળી રહ્યા છે, જે વાસ્તવમાં ટાટા સામ્રાજ્ય દ્વારા નવી પેઢીને વ્યવસ્થિત રીતે કમાન સોંપવાની એક પૂર્વનિર્ધારિત લાંબાગાળાની વ્યૂહરચનાનો જ એક અત્યંત મહત્વનો ભાગ છે. આ ત્રણેય ભાઈ-બહેનો માત્ર વ્યાવસાયિક કંપનીઓ જ નહીં પરંતુ સામાજિક કાર્યો કરતી ટાટા ટ્રસ્ટ્સની વિવિધ સંસ્થાઓના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ સક્રિય સભ્ય તરીકે સામેલ છે. હાલમાં નેવિલ ટાટા પાસે ટ્રેન્ટના સ્ટાર બજાર હાઈપરમાર્કેટ ડિવિઝનની જવાબદારી છે.

# 15% સુધી મોંઘું થઈ શકે છે મોબાઇલ રિચાર્જ: આગામી 3-4 મહિનામાં વધારો થઈ શકે છે, જિયો-એરટેલનો માર્કેટ શેર વધુ વધશે

નવી દિલ્હી, તા.07

ભારતના ટેલિકોમ સેક્ટરમાં આગામી દિવસોમાં સામાન્ય જનતાના ખિસ્સા પર મોટો બોજ આવી શકે છે, કારણ કે મોબાઈલ રિચાર્જ અને ઈન્ટરનેટ પ્લાન્સના ભાવમાં ટૂંક સમયમાં જ મોટો વધારો થવાના સંકેતો મળી રહ્યા છે. સેન્ટ્રમ ઈન્સ્ટિટ્યુશનલ દ્વારા જાહેર કરવામાં આવેલા એક તાજા સંશોધન અહેવાલ અનુસાર, આગામી ત્રણથી ચાર મહિનાના ટૂંકા ગાળામાં જ દેશની અગ્રણી ટેલિકોમ કંપનીઓ પોતાના ટેરિફ પ્લાન્સની કિંમતોમાં ૧૨ થી ૧૫ ટકા સુધીનો મોટો અને ઝીંકનારો વધારો ઝીંકી શકે છે. આ રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે ભારતીય ટેલિકોમ બજારમાં હવે સ્પર્ધા ખૂબ જ મર્યાદિત બની ગઈ છે અને માર્કેટમાં મુખ્યત્વે ત્રણ ખાનગી કંપનીઓ અને માત્ર એક સરકારી એટલે કે બીએસએનએલ કંપની જ બચી હોવાથી બજારનું મોટા પાયે સંકોચન થયું છે. આ પ્રકારના વ્યાપારી વાતાવરણ અને કન્સોલિડેશનને કારણે કંપનીઓ માટે ટેરિફના દરો વધારવા માટે અત્યંત સાનુકૂળ અને મજબૂત વાતાવરણ ઊભું થયું છે જેને પગલે ગ્રાહકોએ આગામી સમયમાં વધુ નાણાં ચૂકવવા માટે તૈયાર રહેવું પડશે. ટેલિકોમ રેગ્યુલેટરી



ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે ટ્રાઈ દ્વારા મે ૨૦૨૬ ના જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો હાલમાં દેશના ટેલિકોમ માર્કેટમાં રિલાયન્સ જિયો ૫૨.૯૬ કરોડ ગ્રાહકો સાથે પ્રથમ સ્થાને મજબૂતીથી ઊભું છે, જ્યારે ભારતી એરટેલ ૩૭.૬૧ કરોડ યુઝર્સ સાથે બીજા ક્રમે અને વોડાફોન-આઈડિયા ૧૨.૯૨ કરોડ ગ્રાહકો સાથે ત્રીજા સ્થાને સંઘર્ષ કરી રહ્યું છે અને તેની સામે સરકારી કંપની બીએસએનએલ પાસે અત્યારે માત્ર ૨.૭૫ કરોડ ગ્રાહકોનો આધાર બચ્યો છે. સેન્ટ્રમના આ રિપોર્ટમાં ટેલિકોમ સેક્ટરની નાણાકીય સ્થિતિ અને આગામી પ્રદર્શનનો પણ વિગતવાર અંદાજ લગાવવામાં આવ્યો છે, જે મુજબ ચાલુ નાણાકીય વર્ષના જૂન ક્વાર્ટરમાં દેશની ત્રણેય મોટી પ્રાઈવેટ ટેલિકોમ કંપનીઓની પ્રતિ યુઝર સરેરાશ કમાણી એટલે કે એવરેજ રેવન્યુ પર યુઝરમાં ક્વાર્ટર-દર-ક્વાર્ટરના આધારે ૧ થી ૧.૫ ટકા જેટલો ક્રમિક સુધારો જોવા મળી શકે છે. કંપનીઓની આ પ્રતિ યુઝર આવકમાં થઈ રહેલા સુધારા પાછળનું સૌથી મોટું અને મુખ્ય કારણ દેશમાં ગ્રાહકોનું ખૂબ જ ઝડપથી જૂના ૨જી નેટવર્કને છોડીને આધુનિક ૪જી અને ૫જી નેટવર્ક તરફ શિફ્ટ થવું છે, અને આ સાથે જ બજારમાં માસિક ધોરણે વધુ બિલ ચૂકવતા પોસ્ટપેડ ગ્રાહકોની સંખ્યામાં થઈ રહેલો સતત વધારો પણ કંપનીઓની એકંદર કમાણી વધારવામાં મહત્વનો ભાગ ભજવી રહ્યો છે.

આગામી સમયમાં ગ્રાહકોની સંખ્યાના મામલે પણ રિલાયન્સ જિયો અને ભારતી એરટેલ અન્ય કંપનીઓ કરતાં ઘણી આગળ નીકળી જાય તેવી સંભાવનાઓ આ અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. જૂન મહિનામાં પૂરા થયેલા ક્વાર્ટર દરમિયાન રિલાયન્સ જિયો પોતાના નેટવર્ક સાથે અંદાજે ૭૦ લાખ જેટલા નવા સક્રિય ગ્રાહકો જોડવામાં સફળ રહે તેવી અપેક્ષા છે, જ્યારે તેની સામે કડાકૂટ ભરી સ્પર્ધા વચ્ચે ભારતી એરટેલના ગ્રાહકોની સંખ્યામાં પણ આશરે ૫૦ લાખનો નોંધપાત્ર વધારો થઈ શકે છે પરંતુ આ બંને દિગ્ગજ કંપનીઓની સરખામણીમાં વોડાફોન-આઈડિયા માત્ર ૨ લાખ જેટલા નજીવા ગ્રાહકો જ ઉમેરી શકશે તેવો અંદાજ છે.

# પેટ્રોલમાં 25% ઇથેનોલ મિક્સ કરવાનો પ્લાન ટળી શકે છે: હાલમાં 20% ભેળવવામાં આવી રહ્યું છે, જેનાથી માઇલેજ ઘટવાનો દાવો, પાર્ટ્સ ખરાબ થવાની ફરિયાદ

નવી દિલ્હી, તા.07

દેશભરમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાના પ્રયોગ સામે વાહન ચાલકો અને ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી તરફથી થઈ રહેલા ભારે વિરોધ અને ચિંતાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર આગામી સમયમાં ઈથેનોલની માત્રા વધારીને ૨૫ ટકા કરવાની પોતાની મહત્વાકાંક્ષી યોજનાને હાલ પૂરતી મુલતવી રાખે અથવા તેને આગળ ધકેલે તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. સરકાર આ આખી પ્રક્રિયાને કોઈપણ પ્રકારની ઉતાવળ વિના, ખૂબ જ ધીમે-ધીમે અને વ્યવસ્થિત રીતે તબક્કાવાર લાગુ કરવા માંગે છે જેથી સામાન્ય જનતા અને વાહન ઉત્પાદકો પર તેનો નકારાત્મક પ્રભાવ ન પડે. વાસ્તવમાં સરકારે શરૂઆતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશભરમાં ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ આ નિર્ધારિત સમય મર્યાદા કરતાં ઘણું વહેલું એટલે કે ખૂબ જ ટૂંકા ગાળામાં E20 ફ્યુઅલને સમગ્ર દેશમાં સ્ટાન્ડર્ડ પેટ્રોલ તરીકે ફરજિયાતપણે લાગુ કરી દેવામાં આવ્યું છે અને હાલમાં તમામ પેટ્રોલ પંપ પર આ જ ઈંધણ મળી રહ્યું છે. આ સંક્રમણ વચ્ચે ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા એટલે કે ARAI દ્વારા કરવામાં આવેલા એક વિગતવાર અને ગુપ્ત તકનીકી અભ્યાસમાં ચોંકાવનારી બાબતો સામે આવી છે. આ રિપોર્ટ હજુ સુધી સામાન્ય જનતા માટે સાર્વજનિક કરવામાં આવ્યો નથી, પરંતુ તે સરકાર અને વાહન ઉત્પાદકો વચ્ચે નવી નીતિઓ ઘડવા માટે મુખ્ય સંદર્ભ સમાન બન્યો છે. આ અહેવાલ મુજબ જૂની E10 કમ્પ્લાયન્ટ ગાડીઓમાં જ્યારે E20 ઈંધણનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે વાહનની આખી ફ્યુઅલ સિસ્ટમ નબળી પડી જાય છે અને તેના રબરના ભાગો જેવા કે પાઈપ, ગાસ્કેટ, સીલ અને ઓ-રિંગ્સને મોટું નુકસાન પહોંચે છે, જેને ભવિષ્યમાં બદલવાની ફરજ પડી શકે છે. માત્ર ત્રણ વર્ષ જેવા ટૂંકા ગાળામાં ઈથેનોલનું મિશ્રણ બમણું થઈ જવાને કારણે દેશભરના વાહન માલિકો પોતાની ગાડીઓના માઈલેજમાં અચાનક આવેલા ભારે ઘટાડાથી પરેશાન છે. આ આશંકાઓ અને ફરિયાદો પાછળનું મુખ્ય તકનીકી કારણ એ છે કે ઈથેનોલની કેલરીફિક વેલ્યુ એટલે કે તેની ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા શુદ્ધ પેટ્રોલની સરખામણીમાં ઘણી ઓછી હોય છે. આનો અર્થ એ થાય કે જ્યારે સમાન માત્રામાં ઈંધણ એન્જિનમાં બળે છે ત્યારે ઈથેનોલ શુદ્ધ પેટ્રોલ જેટલી




પાવરફુલ ઊર્જા આપી શકતું નથી અને તે ઊંચા તાપમાને બળતું હોવાથી વાહનોની એકંદર માઈલેજ ઘટી જાય છે તથા એન્જિન પર દબાણ વધે છે.

આ જ અહેવાલમાં ચાર પૈડાવાળા વાહનોના એન્જિન પર ઈથેનોલની ટકાઉક્ષમતા ચકાસવા માટે વિવિધ ઓટોમોબાઈલ ઉત્પાદકો (OEMs) દ્વારા કરવામાં આવેલા ડ્યુરેબિલિટી ટેસ્ટિંગના પરિણામો પણ દર્શાવવામાં આવ્યા છે. આ અંતર્ગત જ્યારે એક કાર ઉત્પાદક કંપનીની ગાડીના એન્જિનનું ૪૦૦ કલાક સુધી પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે તેનું પરફોર્મન્સ E20 ઈંધણ સાથે બિલકુલ યોગ્ય અને સમસ્યા વગરનું જોવા મળ્યું હતું. જોકે, બીજા એક ઉત્પાદકની ગાડીના કિસ્સામાં પરિણામો તદ્દન વિપરીત અને ચિંતાજનક રહ્યા હતા, જ્યાં ૮૦૯ કલાકના લાંબા ટેસ્ટિંગ બાદ એન્જિનના એક્ઝોસ્ટ વાલ્વમાં થર્મોમેકેનિકલ ફેલિયર જોવા મળ્યું હતું. આ થર્મોમેકેનિકલ ફેલિયર એવી ગંભીર સ્થિતિ છે જેમાં અતિશય આંતરિક ગરમી અને વાલ્વની ઝડપી હલચલને કારણે એન્જિનનો એક્ઝોસ્ટ વાલ્વ કાં તો વળી જાય છે, તેમાં તિરાડ પડે છે અથવા તે સંપૂર્ણપણે તૂટી જાય છે, જોકે નિષ્ણાતોનું માનવું છે કે આ ફેલિયર પાછળ અન્ય સહાયક કારણો પણ જવાબદાર હોઈ શકે છે. આ ટેસ્ટિંગમાં એવું પણ બહાર આવ્યું છે કે એક BS-IV એન્જિનનું પરફોર્મન્સ આ નવા ઈંધણ સાથે સ્વીકાર્ય રહ્યું હતું, પરંતુ તેની સરખામણીમાં આધુનિક BS-VI ટર્બો ચાર્જ્ડ એન્જિનમાં માત્ર ૨૫ કલાકના ટેસ્ટિંગ બાદ જ ટેકનિકલ ખામીઓ સર્જાવા લાગી હતી. આ બધાની વચ્ચે રાહતના સમાચાર એ છે કે ત્રણ અગ્રણી ટુ-વ્હીલર ઉત્પાદકો દ્વારા કરવામાં આવેલા એન્જિન ટેસ્ટિંગમાં કોઈ મોટી ખામી જોવા મળી નથી અને બે પૈડાવાળા વાહનો માટે આ ઈંધણ સ્વીકાર્ય સાબિત થયું છે.


વધુમાં આ સમગ્ર અભ્યાસમાં એ સ્પષ્ટ થયું છે કે E20 ઈંધણના ઉપયોગથી વાહનોના લોખંડ કે અન્ય મેટાલિક પાર્ટ્સ પર કોઈ પણ પ્રકારની વિપરીત કે કાટ લાગવાની અસર થતી નથી, તેમજ જૂની ગાડીઓમાં આ પેટ્રોલ નાખવા છતાં સાઈલેન્સર દ્વારા બહાર નીકળતું પ્રદૂષણ અને ઉત્સર્જન દેશના નિર્ધારિત કાનૂની માપદંડોની અંદર જ જોવા મળ્યું છે. પરંતુ ગ્રાહકોના ખિસ્સા અને માઈલેજ પર થયેલી અસરની વાત કરીએ તો ARAI ના નિષ્કર્ષ મુજબ E10 ઈંધણની તુલનામાં E20 ઈંધણનો ઉપયોગ કરવાથી ગાડીઓની ઈંધણ ખપતમાં ૨ ટકાથી લઈને ૬ ટકા સુધીનો મોટો વધારો નોંધાયો છે, જે વાહનની કેટેગરી અને મોડેલના આધારે અલગ-અલગ હોઈ શકે છે. જોકે આ તમામ આશંકાઓ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા દાવાઓ વચ્ચે સરકારે તાજેતરમાં એક મહત્વની પ્રેસ કોન્ફરન્સ યોજીને સામાન્ય જનતાને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો હતો. આ કોન્ફરન્સમાં એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડના પૂર્વ CMD વર્તિકા શુક્લા સહિત બજાજ ઓટોના મનપ્રીત સિંહ, TVS ના પ્રશાંત કૃષ્ણન, ટોયોટા કિર્લોસ્કરના વિક્રમ ગુલાટી, મારુતિ સુઝુકીના રાહુલ ભારતી, હ્યુન્ડાઈના પુનીત આનંદ અને હીરો મોટોકોર્પના આશુતોષ વર્મા જેવા દેશના દિગ્ગજ ઓટોમોબાઈલ એન્જિનિયરો અને નિષ્ણાતો હાજર રહ્યા હતા અને તેમણે સત્તાવાર રીતે જણાવ્યું હતું કે મોટા પાયે કરવામાં આવેલા સરકારી પરીક્ષણોમાં વાહનોને કોઈ મોટું કે કાયમી નુકસાન પહોંચ્યું હોવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી.

# અલ નીનોનો ખતરો ટળ્યો: શેરોમાં સાંબેલાધાર તેજી: સેન્સેક્સ 521 પોઈન્ટની છલાંગે 78285

મુંબઈ, તા.07

અલ-નીનોની વિશ્વભરમાં ભીતિ અને વિશ્વને આ વખતે ઈરાન-અમેરિકા, ઈઝરાયેલ યુદ્ધ, યુક્રેન-રશિયા યુદ્ધ બાદ અસાધારણ હીટવેવમાં અકળાવી મૂકનારી કુદરતી આફતે ચિંતામાં ગરકાવ કરી દીધા બાદ ચોમાસું નબળું રહેવાના ભયના ઓથાર હેઠળ જૂન મહિનો પણ વિતી જતાં સાવચેતી બાદ છેલ્લા પાંચ દિવસથી મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ ભાગોમાં ચોમાસાની તોફાની બેટિંગ શરૂ થઈ જતાં વરસાદની સાથે ભારતીય શેર બજારોમાં પણ હર્ષોલ્લાસ સાથે મેઘરાજાનું સ્વાગત કરી ફંડો, રિટેલ ઈન્વેસ્ટરો, ખેલંદાઓએ સાંબેલાધાર તેજી કરી હતી. વૈશ્વિક મોરચે ઈરાન યુદ્ધ પૂરું થતાં હોર્મુઝ માર્ગે ક્રુડ ઓઈલ, એલપીજી બાદ બાદ હવે સંખ્યાબંધ જહાજો યુરિયાનો પુરવઠો લઈ ભારત તરફ આવવા રવાના થઈ જતાં કૃષિ ક્ષેત્રે પણ ચિંતા હળવી થતાં ફંડો શેરોમાં સાર્વત્રિક ખરીદદાર બન્યા હતા. ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડા અને જૂન મહિનામાં ઓટોમોબાઈલ કંપનીઓના વાહનોના વેચાણમાં સારી વૃદ્ધિની પોઝિટીવ અસર જોવાઈ હતી. ફંડોએ ઓટોમોબાઈલ, બેંકિંગ-ફાઈનાન્સ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ-માઈનીંગ, રિયાલ્ટી શેરોમાં મોટી ખરીદી કરી હતી. અલબત આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં છેલ્લા બે દિવસની તેજી બાદ આજે પ્રોફિટ બુકિંગ કર્યું હતું. સેન્સેક્સ ૫૨૧.૧૬ પોઈન્ટ ઉછળીને ૭૮૨૮૫.૧૬ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૫૯.૫૦ પોઈન્ટ વધીને ૨૪૪૩૦.૩૫ બંધ રહ્યો હતો.

જૂન મહિનાના વાહનોના વેચાણના પ્રોત્સાહક આંકડા અને હવે ચોમાસાના પોઝિટીવ પરિબળે વાહનોની ખરીદી આગામી દિવસોમાં મોટાપાયે વધવાની અપેક્ષાએ ફંડોની ઓટોમોબાઈલ શેરોમાં ફરી મોટી ખરીદી થઈ હતી. બજાજ ઓટો રૂ.૨૫૬.૬૫ વધીને રૂ.૧૦,૦૩૯.૮૫, ટીવીએસ મોટર રૂ.૮૨ વધીને રૂ.૩૭૦૮, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૬૩.૨૫ વધીને રૂ.૩૨૦૧.૧૫, હીરો મોટોકોર્પ રૂ.૯૦.૧૦ વધીને રૂ.૪૯૪૪.૬૫, આઈશર મોટર્સ



રૂ.૧૨૯.૬૦ વધીને રૂ.૭૪૬૯.૭૦, અપોલો ટાયર રૂ.૬.૧૦ વધીને રૂ.૪૫૫.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૬૮૦.૩૯ પોઈન્ટ વધીને ૬૦૪૪૬.૭૯ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં પાછલા સપ્તાહમાં મોટું પ્રોફિટ બુકિંગ થયા બાદ આજે ફંડો ફરી ઘટાડે શોર્ટ કવરિંગ સાથે ખરીદદાર બન્યા હતા. પાવર ઈન્ડિયા રૂ.૧૩૩૭.૪૫ વધીને રૂ.૩૨,૩૫૬.૫૦, સિમેન્સ એનર્જી ઈન્ડિયા રૂ.૧૩૩ વધીને રૂ.૩૪૧૯.૨૫, જીવી ટી એન્ડ ડી રૂ.૧૫૮.૭૫ વધીને રૂ.૪૫૫૨.૮૦, સીજી પાવર રૂ.૩૨.૦૫ વધીને રૂ.૯૨૫.૧૫, થર્મેક્સ રૂ.૧૨૧.૨૫ વધીને રૂ.૪૭૩૩.૮૫, ડાટાપેટર્ન રૂ.૧૧૨.૩૫ વધીને રૂ.૪૬૨૧.૨૦, એલજી ઈક્વિપમેન્ટ રૂ.૧૪.૧૫ વધીને રૂ.૫૯૨.૫૦, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૧૮ વધીને રૂ.૫૫૮૯, ભારત ઈલેક્ટ્રોનિક્સ રૂ.૭.૫૦ વધીને રૂ.૪૨૫.૫૦, એબીબી ઈન્ડિયા રૂ.૧૨૦.૮૦ વધીને રૂ.૭૦૭૦.૫૦, કિર્લોસ્કર એન્જિન રૂ.૩૪.૨૦ વધીને રૂ.૨૨૬૬.૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૯૪૦.૫૬ પોઈન્ટ વધીને ૭૯૬૮૧.૩૯ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ ક્ષેત્રે આજે ઘટાડે ફંડો ફરી તેજીમાં આવ્યા હતા. એચડીએફસી બેંક, એક્સિસ બેંક સહિતની ખાનગી બેંકો દ્વારા જૂન અંતના ત્રિમાસિકમાં ધિરાણ અને થાપણોમાં અપેક્ષાથી સારી વૃદ્ધિ હાંસલ કરાતા અને ચોમાસાના પરિબળે આગામી દિવસોમાં ધિરાણ વૃદ્ધિને વેગ મળવાની અપેક્ષાએ ફંડો લેવાલ રહ્યા હતા. એચડીએફસી બેંક રૂ.૨૮.૭૫ વધીને રૂ.૮૨૯.૭૫, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૩૪.૨૫ વધીને રૂ.૧૦૦૯.૯૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૧૫.૭૫ વધીને રૂ..૧૪૨૬.૦૫, ફેડરલ બેંક રૂ.૨.૯૫ વધીને રૂ.૩૩૦.૩૫, એયુ બેંક રૂ.૨.૯૦ વધીને રૂ.૧૦૬૦.૬૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૪૯૧.૭૩ પોઈન્ટ વધીને ૬૫૯૪૨.૦૩ બંધ રહ્યો હતો.

મેટલ-માઈનીંગ શેરોમાં પણ આજે તેજીનો ચળકાટ વધતો જોવાયો હતો. યુદ્ધની પરિસ્થિતિ હળવી થતાં અને વિશ્વભરમાં ફરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોના નિર્માણ માટેની મોટી તકો ઊભી થવાની સાથે મેટલની માંગમાં મોટી વૃદ્ધિની અપેક્ષા અને ઘર આંગણે ઓરિસ્સા સહિતમાં માઈનીંગ ક્ષેત્રે ખાનગી સાહસિકોના જંગી મૂડી રોકાણની યોજનાઓના આકર્ષણે ફંડોની મેટલ શેરોમાં ખરીદી વધી હતી. હિન્દાલ્કો રૂ.૨૮.૧૫ વધીને રૂ.૯૮૦.૮૦, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૧૩.૫૫ વધીને રૂ.૧૨૪૩.૩૦, નાલ્કો રૂ.૩.૨૫ વધીને રૂ.૩૫૦.૯૫, એપીએલ અપોલો રૂ.૧૫.૧૦ વધીને રૂ.૧૮૦૪.૩૫, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૪.૮૦ વધીને રૂ.૭૦૩.૨૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૩૬૧.૬૭ પોઈન્ટ વધીને ૪૦૯૦૯.૩૩ બંધ રહ્યો હતો.

# માઇક્રોસોફ્ટે 4,800 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા: AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ વધવાને કારણે નિર્ણય, કંપનીનો શેર 6 મહિનામાં 20% ઘટ્યો

નવી દિલ્હી, તા.07

માઈક્રોસોફ્ટ તેના કુલ કર્મચારીઓમાં લગભગ 2.1% નો ઘટાડો કરી રહી છે, જે અંતર્ગત લગભગ 4,800 કર્મચારીઓની છટણી કરવામાં આવશે.

ટેક ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી છટણી વચ્ચે, વિન્ડોઝ બનાવતી આ દિગ્ગજ કંપનીએ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના ભારે ખર્ચ અને બિઝનેસમાં કાર્યક્ષમતા વધારવા માટે આ નિર્ણય લીધો છે.

મોટી ટેક કંપનીઓનો AI પરનો ખર્ચ આ વર્ષે 700 બિલિયન ડોલરથી વધુ થવાની અપેક્ષા છે. તેના કારણે કંપનીઓ પર રોકાણનું વળતર દર્શાવવા અને ટેકનોલોજી લાગુ કરવામાં આવી રહેલા ભારે ખર્ચને ઘટાડવાનું દબાણ વધી રહ્યું છે. આ જ દબાણને કારણે આ વર્ષે એમેઝોન અને મેટા પ્લેટફોર્મ્સે પણ તેમના હજારો કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે.

માઈક્રોસોફ્ટે સોમવારે મુશ્કેલ છ મહિના પછી છટણીની આ જાહેરાત કરી છે. 2026 ના પ્રથમ છ મહિનામાં કંપનીના શેરમાં લગભગ 20% નો ઘટાડો થયો છે, જે 2022 પછી કંપનીનું સૌથી ખરાબ છ મહિનાનું પ્રદર્શન છે.

આ પહેલા આ વર્ષે સોફ્ટવેર




જાયન્ટ માઈક્રોસોફ્ટે તેના અમેરિકન વર્કફોર્સના લગભગ 7% એટલે કે લગભગ 9,000 કર્મચારીઓને સ્વૈચ્છિક બાયઆઉટની ઓફર કરી હતી.

માઈક્રોસોફ્ટ ઘણીવાર જૂનમાં તેના નાણાકીય વર્ષના અંતની આસપાસ નોકરીઓમાં કાપ મૂકે છે, કારણ કે આ સમયે કંપની નવા નાણાકીય વર્ષ માટે તેની ખર્ચ યોજનાઓને અંતિમ સ્વરૂપ આપે છે. AI ની મજબૂત માગને કારણે માઈક્રોસોફ્ટના એઝ્યુર ક્લાઉડ કમ્પ્યુટિંગ બિઝનેસમાં સારી વૃદ્ધિ જોવા મળી છે, જે એપ્રિલ સુધી ઓપનએઆઈના મોડલ્સનો એક્સક્લુઝિવ સેલર હતો.

જોકે, આ સેવાઓને ટેકો આપવા માટે ડેટા સેન્ટર્સ બનાવવાનો સતત વધતો ખર્ચ કંપનીના કેશ ફ્લો પર ભારે દબાણ લાવી દીધું છે.

કંપની આ મહિનાના અંતમાં તેના ત્રિમાસિક પરિણામો જાહેર કરી શકે છે. આ પહેલા એપ્રિલમાં કંપનીએ વોલ સ્ટ્રીટના અંદાજો કરતાં વધુ ત્રિમાસિક એઝ્યુર રેવન્યુનો અંદાજ મૂક્યો હતો.

આ સાથે જ કંપનીએ વર્ષ 2026 માટે 190 બિલિયન ડોલરના કેપિટલ એક્સપેન્ડિચરનો અંદાજ લગાવ્યો છે, જે વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં ઘણો વધારે છે.

રૂટિન બિઝનેસ ટાસ્કને ઓટોમેટ કરતા AI ટૂલ્સ પણ માઈક્રોસોફ્ટના સોફ્ટવેર બિઝનેસ માટે એક પડકાર બનીને ઉભર્યા છે. આ સાથે જ, ડેટા સેન્ટરની માગને કારણે મેમરી ચિપની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે.

આ કારણે કંપનીને તેના એક્સબોક્સ (Xbox) ગેમિંગ કન્સોલની કિંમતો વધારવાની ફરજ પડી છે, જ્યારે બજારમાં તેની માંગ પહેલેથી જ નબળી ચાલી રહી હતી.

ગેમિંગ ડિવિઝનના નવા વડા આશા શર્માએ ગયા મહિને કહ્યું હતું કે આ વ્યવસાયને 'રીસેટ'ની જરૂર છે. ગેમિંગ ડિવિઝનનો નફાનો માર્જિન ઘટીને 3 ટકા પર આવી ગયો છે, જેના કારણે રીસ્ટ્રક્ચરિંગ જરૂરી બન્યું છે. આ પુનર્ગઠનમાં સંભવિત મર્જર અને એક્વિઝિશન (M&A) પણ સામેલ હોઈ શકે છે.

# યુ.એન.મહેતા હોસ્પિટલમાં બેઝમેન્ટની ડ્રેનેજ લાઈનમાં દુર્ઘટનામાં એકનું મોત

## હાઉસકીપિંગ સ્ટાફ હડતાળ પર ઉતર્યો, 'સેફ્ટી વિના ડ્રેનેજનું કામ કરવા કર્મચારીને ઉતાર્યો હતો'

**અમદાવાદ, તા.07**

અસારવા વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલના પરિસરમાં ગઈકાલે સાંજે એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં હોસ્પિટલની ગટર લાઈનમાં ઉતરેલા ત્રણ સફાઈ કામદારો ઝેરી ગેસની ચપેટમાં આવી ગયા હતા. આ આખી ઘટનામાં ગંભીર અસર થવાને કારણે સારવાર દરમિયાન એક દલિત શ્રમિક યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે સહકર્મચારીઓની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે હોસ્પિટલના સમગ્ર હાઉસકીપિંગ સ્ટાફમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે અને આજે સવારથી જ ૨૦૦થી વધુ સફાઈ કર્મચારીઓ કોઈપણ પ્રકારની સુરક્ષા સામગ્રી વિના કામ કરાવવાના ગંભીર આક્ષેપો સાથે અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી ગયા છે, જેના કારણે હોસ્પિટલ તંત્ર અને પોલીસ પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે.

આ સમગ્ર કંપાનારી ઘટનાની વિગત આપતા યુ.એન. મહેતા હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર (RMO) ડૉ. દુષ્યંત ભટ્ટે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે ગઈકાલે ૬ જુલાઈની રાત્રે અંદાજે સવા સાત વાગ્યાની આસપાસ હોસ્પિટલના બી-બ્લોકના પ્રથમ બેઝમેન્ટમાં આવેલા સ્લમ પંપની પીટ (ગટરની ટાંકી) ની નજીક ત્રણ સફાઈકર્મીઓ સફાઈનું કામ કરી રહ્યા હતા. ચોમાસાની સીઝન હોવાને કારણે ડ્રેનેજના પાણીને બહાર ફેંકવા માટે ત્યાં પંપ મુકેલો હોય છે, જેનું રીપેરીંગ કે મોટર બદલવા માટે ટાંકીનું ઉપરનું ઢાંકણું ખોલવામાં આવ્યું હતું. આ દરમિયાન અકસ્માતે એક કર્મચારીનો પગ અચાનક સ્લીપ થઈ જતાં તે સીધો ઊંડી ટાંકીમાં ખાબક્યો હતો. તેને ડૂબતો જોઈ અને બચાવવા માટે ત્યાં હાજર અન્ય બે સહકર્મચારીઓ પણ કોઈપણ વિચાર કર્યા વિના તાત્કાલિક પીટમાં નીચે ઉતર્યા હતા, પરંતુ અંદર ગૂંગળાવી નાખે તેવા ઝેરી અને ટોક્સિક ગેસનું વાતાવરણ હોવાને કારણે ત્રણેય યુવકો ત્યાં જ બેભાન થઈને ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ આજુબાજુના સ્ટાફે તાત્કાલિક એક કર્મચારીને તો બહાર ખેંચી લીધો હતો, પરંતુ અંદર ફસાયેલા અન્ય બે યુવકોને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવી પડી હતી. ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને ભારે જહેમત બાદ બંનેને



બહાર કાઢી હોસ્પિટલના જ ઈમરજન્સી વિભાગમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. આ ત્રણેય દર્દીઓમાંથી એક કર્મચારીની હાલત શરૂઆતથી જ સ્થિર હતી અને સામાન્ય સારવાર બાદ તેઓ સ્વસ્થ થઈ ગયા હતા, પરંતુ બાકીના બે કર્મચારીઓની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી તેમને બચાવવા માટે હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ અને સર્જન્સ સહિતની આખી એક્સપર્ટ ડોક્ટર્સની ટીમ અત્યાધુનિક ટેકનોલોજી સાથે કામે લાગી હતી, તેમ છતાં કમનસીબે તેમાંથી એક શ્રમિક યુવકે ટૂંકી સારવાર દરમિયાન જ દમ તોડી દીધો હતો, જ્યારે બીજા કર્મચારીની હાલત હજુ પણ આઈસીયુમાં ક્રિટિકલ હોવાનું હોસ્પિટલ તંત્રએ જણાવ્યું છે.

બીજી તરફ, આ દુર્ઘટના પાછળ હોસ્પિટલ પ્રશાસન અને કોન્ટ્રાક્ટ એજન્સીની ઘોર બેદરકારી હોવાના આક્ષેપ સાથે હોસ્પિટલ કેમ્પસ યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયું છે. હડતાળ પર ઉતરેલા સફાઈ કર્મચારીઓ અને પીડિત પરિવારજનોનો સીધો આક્ષેપ છે કે હાઉસકીપિંગના સ્ટાફને સેફ્ટીના સાધનો જેવા કે માસ્ક, ઓક્સિજન સિલિન્ડર કે ગ્લોવ્ઝ આપ્યા વિના જ બળજબરીપૂર્વક આવી ઝેરી ગટરો સાફ કરવા ઉતારવામાં આવે છે. હોસ્પિટલના મહિલા કર્મચારીઓ ગીતાબેન અને સંગીતાબેને ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે ગટરમાં ઉતરેલા કર્મચારીઓ પોતાની સવારની સત્તાવાર ડ્યુટી પતાવીને ઘરે ચાલ્યા ગયા હોવા છતાં તેમને ખાસ દબાણ કરીને ફરીથી પાછા બોલાવવામાં આવ્યા હતા. મહિલાઓએ એવો પણ આક્રોશ ઠાલવ્યો છે કે તેમને કોઈપણ પ્રકારના સુરક્ષા પટ્ટા વિના હોસ્પિટલના ઊંચા કાચ સાફ કરવા માટે ઉપર ચડાવી દેવાય છે અને જો કોઈ આ જોખમી કામનો વિરોધ કરે તો સુપરવાઈઝરો દ્વારા નોકરીમાંથી કાઢી મૂકવાની અને ગાળો ભાંડીને દાદાગીરી કરવાની ધમકીઓ આપવામાં આવે છે. હોસ્પિટલના જ એક પૂર્વ કર્મચારી મિલન સિંઘાનિયાએ પણ સૂર પુરાવતા કહ્યું કે તેમને પણ માત્ર ત્રણ દિવસ પહેલાં જ કોઈ પણ વાજબી કારણ આપ્યા વિના નોકરીમાંથી બરતરફ કરી દેવાયા હતા.

આ ચકચારી મામલે કાયદાકીય મોરચે જોવા જઈએ તો, હાઉસકીપિંગનો કોન્ટ્રાક્ટ ચલાવતી એસએમસી (SMC) કંપની હેઠળ કામ કરતા બે સુપરવાઈઝર રાજ બારોટ અને પિનાકીન પરમાર સામે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જો કે, આ સમગ્ર ઘટનામાં માત્ર કોન્ટ્રાક્ટ એજન્સીના નાના કર્મચારીઓ પર જ દોષનો ટોપલો ઢોળી દેવાતા સ્થાનિકોમાં રોષ છે, કારણ કે આટલી મોટી હોસ્પિટલના કોઈ ઉચ્ચ અધિકારી કે જવાબદાર સુપરિન્ટેન્ડેન્ટ સામે હજુ સુધી કોઈ કાયદાકીય કે શિક્ષાત્મક પગલાં લેવાયા નથી. જો કે, RMO ડૉ. ભટ્ટે આ બાબતે ખુલાસો કર્યો છે કે સંસ્થા દ્વારા આજથી જ એક ઉચ્ચ સ્તરીય આંતરિક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે સીસીટીવી ફૂટેજ ન હોવા છતાં ત્યાં હાજર તમામ સહકર્મચારીઓના નિવેદનો નોંધીને વાસ્તવિકતા તપાસશે, અને જો સુરક્ષા માપદંડોમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ કે લેપ્સ જોવા મળશે તો જવાબદાર તબીબી અધિકારીઓ કે સ્ટાફ હેડ સામે કડક કાર્યવાહી કરીને તેમને ફરજ મુક્ત કરવામાં આવશે. આ સાથે જ હોસ્પિટલે તમામ ઘાયલોની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની અને મૃતક શ્રમિકના પરિવારને સંસ્થાના નિયમ મુજબ શક્ય તમામ આર્થિક સહાય કરવાની જાહેરાત કરી છે, પરંતુ હોસ્પિટલમાં ચાલી રહેલા ભારે હોબાળા અને તણાવપૂર્ણ સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે હાલમાં શાહીબાગ પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવાયો છે અને અગમચેતીના ભાગરૂપે હોસ્પિટલના મુખ્ય દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે.

# 14.12 કરોડના ખર્ચે તળાવ ડેવલપની વિવાદાસ્પદ દરખાસ્ત

## રાણીપના ચેનપુર ગામના તળાવને ડેવલપ કરવા, બે તળાવના ડેવલોપમેન્ટ જેટલો ખર્ચ બતાવ્યો!

**અમદાવાદ, તા.07**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં અલગ અલગ તળાવને ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત શહેરના પશ્ચિમ વિસ્તારમાં રાણીપ વોર્ડના ચેનપુર ગામના તળાવને ડેવલોપમેન્ટ કરવામાં આવશે. જેમાં રૂ. 14.12 કરોડના ખર્ચે ચેનપુર તળાવને ડેવલોપમેન્ટ કરવા માટેની દરખાસ્ત વોટર એન્ડ સુએજ સપ્લાય કમિટીમાં મૂકવામાં આવી છે. ચેનપુર નજીક આવેલા જગતપુર અને દેવ સીટી સહિતના તળાવો તેના કરતાં મોટા હોવા છતાં 10 કરોડ રૂપિયામાં તળાવ ડેવલોપમેન્ટ થયા છે. પરંતુ ચેનપુરના તળાવને ડેવલોપમેન્ટ કરવા માટે 14 કરોડ જેટલી દરખાસ્ત મુકવામાં આવતા અનેક સવાલ ઊભા થયા છે. આ તળાવ ડેવલોપમેન્ટ થવાથી માત્ર ચેનપુર ગામના લોકોને ફાયદો થશે.

શહેરના અલગ અલગ તળાવોને ડેવલપમેન્ટ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કામગીરી ધરવામાં આવી રહી છે. પર્યાવરણની જાળવણી અંતર્ગત જુના ગામ તળાવોના ડેવલપમેન્ટનાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યાં છે. પશ્ચિમ ઝોનના રાણીપ વોર્ડમાં આવતાં ચેનપુર તળાવને ડેવલોપમેન્ટ કરવાની રજૂઆતને લઈ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જે અંતર્ગત તળાવને ડેવલોપમેન્ટ કરવા માટે રૂ . 14.12



કરોડના ખર્ચે નીલકંઠ લેન્ડસ્કેપ નામના કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવા માટેની દરખાસ્ત વોટર એન્ડ સુએજ સપ્લાય કમિટીમાં મૂકવામાં આવી છે.

ચેનપુર તળાવ નજીક આવેલા જગતપુર તળાવ મોટું હોવા છતાં પણ ડેવલોપમેન્ટ કરવા પાછળ માત્ર 6.72 કરોડ ખર્ચ થયો હતો. ત્યારે જગતપુર કરતાં પણ નાના તળાવને ડેવલોપમેન્ટ કરવા પાછળ આટલો ખર્ચ કરવા અને લઈને અનેક સવાલ ઊભા થયા છે.

તળાવને ડેવલોપમેન્ટ કરવાની સાથે ચેનપુર આસપાસ આવેલા ન્યુ રાણીપ, જગતપુર રોડના વરસાદી પાણીના નિકાલ માટે તળાવમાં આઉટફોલ સ્ટ્રક્ચર તથા સ્ટોર્મ વોટર લાઈન નાખવામાં આવશે. તળાવ, બગીચો, સિનિયર સિટીઝનોને બેસવા માટે થઈને ગજેબો, ટોયલેટ બ્લોક, વોક-વે વગેરે પ્રકારની જુદા ઉભી કરવામાં આવશે પોતે ત્રણ તલાવના ડેવલોપમેન્ટ પાછળ 20 કરોડનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે માત્ર ચેનપુર તળાવ ડેવલોપમેન્ટ પાછળ આટલો મોટો ખર્ચ બતાવવામાં આવ્યો છે તે ઉપજાવે છે.

# ખોરજ બ્રિજ પાસે કારમાંથી 27 પેટી દારૂનો જથ્થો ઝડપાયો


**ગાંધીનગર, તા.07**

ગાંધીનગર જિલ્લામાં પ્રોહિબિશનની બદીને નાબૂદ કરવા માટે જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા અભિયાન અંતર્ગત એલસીબી-2ની ટીમે પૂર્વ બાતમીના આધારે અડાલજ વિસ્તારમાં ખોરજ બ્રિજ પાસેથી 27 પેટી વિદેશી દારૂ ભરેલી એક બિનવારસી ક્રેટા કારને ઝડપી લઈ કુલ રૂ.10.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ બૂટલેગરોની વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને આંતરરાજ્ય દારૂની હેરાફેરી ડામવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ કે.જે.રાઠોડની અલગ અલગ ટીમોએ ટેક્નિકલ તેમજ હ્યુમન સોર્સના માધ્યમથી બાતમી એકત્રિત કરી સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું છે. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે એક સફેદ કલરની ક્રેટા કાર (રજી. નંબર GJ-01-RV-3666) માં વિદેશી દારૂનો જથ્થો ભરીને કલોલ ગુરુકુળ રોડ થઈ સરદારધામ તરફ લઈ જવામાં આવનાર છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે કલોલ-સરદારધામ રોડ પર સર્કલ પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. થોડા સમય બાદ શંકાસ્પદ ક્રેટા કાર ત્યાં આવી પહોંચતા પોલીસ દ્વારા તેને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે કારચાલકે ગાડી ઉભી રાખવાને બદલે પુરઝડપે હંકારી મૂકી હતી. જેના પગલે પોલીસે ફિલ્મી ઢબે તેનો પીછો કરતા ચાલક ખોરજ બ્રિજ પાસે ગાડી મૂકીને અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

# ગુજરાત યુનિવર્સિટીની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં વરસાદી પાણી ભરાયા: બે દિવસ થયા છતાં કોઈ નિકાલ નહી.....

**અમદાવાદ, તા.07**

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલ બહાર વરસાદી પાણી ભરાવાની સમસ્યા ફરી એકવાર ગંભીર બની છે. હજુ તો અમદાવાદમાં સામાન્ય વરસાદ જ પડ્યો છે, ત્યાં સમરસ ગર્લ્સ હોસ્ટલમાં વરસાદી પાણી ભરાઈ જતા વિદ્યાર્થીનીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાના પ્રથમ જ વરસાદ બાદ હોસ્ટેલ તરફ જતો મુખ્ય માર્ગ 1થી 1.5 ફૂટ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. બે દિવસ થયા છતાં પાણીનો નિકાલ ન આવતા વિદ્યાર્થીનીઓને પાણીમાંથી પસાર થવું પડે છે, તો કેટલીક વિદ્યાર્થીનીઓને ફરીને ફરીને કોલેજ જવું પડે છે. તેમજ પાણી ભરવાના કારણે વિદ્યાર્થીનીઓને રોગચાળાનો પણ ભય સતાવી રહ્યો



છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સામાન્ય વરસાદમાં જ ગુજરાત યુનિવર્સિટીમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં પાણી ભરવાની સમસ્યા સામે આવી છે. હજુ તો ચોમાસાએ દસ્તક લીધી છે ત્યાં પાણી ભરાવાની સમસ્યાના કારણે વિદ્યાર્થીનીઓ પરેશાન થઈ રહી છે. સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીઓને વરસાદી પાણી ભરવાના કારણે પાણીમાં ચાલીને જવું પડે છે.

દર વર્ષે ચોમાસામાં આ જ પ્રકારની સ્થિતિ સર્જાય છે, છતાં યુનિવર્સિટી તંત્ર અને સંબંધિત વિભાગો કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યા છે. દર વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆતો કરી અવાજ ઉઠાવવામાં આવે છે, પરંતુ વરસાદ શરૂ થતાં જ ફરી એ જ સમસ્યા સામે આવી જાય છે.

સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનનો અભાવ, જૂની ડ્રેનેજ વ્યવસ્થાની ઓછી ક્ષમતા હોવાથી વરસાદી પાણી ભરાવાની ઘટના સામે આવતી હોય છે. બે દિવસ થયા છતાં હજુ સુધી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. પાણી લાંબા સમય સુધી ભરાયેલું રહેતાં મચ્છરોનો ઉપદ્રવ વધે છે અને ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગોનું જોખમ વધી જાય છે. જેથી વિદ્યાર્થીનીઓએ પાણી ભરાવાની સમસ્યાનો ઝડપથી નિકાલ લાવવા માગ કરી છે.

વિદ્યાર્થીનીએ જણાવ્યું હતું કે, સામાન્ય વરસાદમાં જ પાણી ભરાઈ જવાથી ખૂબ તકલીફ પડી રહી છે. તેમજ ઈન્ફેક્શન થવાની શક્યતા પણ વધી જાય છે. તેમજ મચ્છર પણ ખૂબ જ થઈ રહ્યા છે. અંદર પણ એટલું જ પાણી ભરાય છે તેના કારણે અવર-જવર કરવામાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. કોલેજ જવા માટે નીકળીએ ત્યારે પાણીમાંથી પસાર થવું પડે છે. તેમજ અમારે ફરજિયાત બુટ પહેરવાના હોય છે. જેથી પાણીમાંથી નીકળવાનું હોવાથી બુટ પણ પહેરી શકતા નથી જેથી કોલેજમાં પણ મુશ્કેલી પડે છે. જ્યારે વરસાદ પડે તેના પહેલા જ કોઈ વ્યવસ્થા કરે તો સારું છે. કારણ કે દર વર્ષે આ પ્રકારે પાણી ભરાવાના કારણે મુશ્કેલી પડે છે. જેથી કોઈ વ્યવસ્થા કરવામાં આવે તો વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે.

# અમદાવાદમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ: લાલ દરવાજા શાહપુર દિલ્હી દરવાજા અસારવા સહિતના વિસ્તારોમાં મૂશળધાર

**અમદાવાદ, તા.07**

અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા છે. અસારવા ખાતે આકાશમાં કાળા ડીબાંગ વાદળો અને પવન ફૂંક્યો છે. અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. અત્યારે શાહપુર વિસ્તારમાં તેમજ લાલ દરવાજા સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સમગ્ર વાતાવરણમાં અત્યારે ધુમ્મસ છવાઈ ગઈ છે. ધોધમાર વરસાદ વરસતા અત્યારે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

અત્યારે લાલ દરવાજા શાહપુર દિલ્હી દરવાજા અસારવા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગની



આગાહી પ્રમાણે અમદાવાદમાં હળવા થી મધ્યમ વરસાદ સાથે આગાહી કરવામાં આવી હતી જેને પગલે શહેરના અનેક વિસ્તારોમાં અત્યારે ધોધમાર વરસાદ તો ક્યાંક ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. વરસાદ શરૂ થયા પહેલા 12 વાગ્યાથી આકાશમાં કાળા ડિબાગ વાદળો છવાઈ ગયા હતા. જેને પગલે અત્યારે શેના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે.

# અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટ શરૂ: હાઈ-ડેફિનેશન 3D વિઝ્યુલાઈઝેશન અને અદ્યતન સાધનો, એપોલોએ બીજી દા વિન્ચી Xi સિસ્ટમ સ્થાપી

**અમદાવાદ, તા.07**

અમદાવાદના એપોલો સીવીએચએફ હોસ્પિટલે બીજી દા વિન્ચી Xi રોબોટિક સર્જિકલ સિસ્ટમ કાર્યરત કરીને ગુજરાતના સૌપ્રથમ ડેડિકેટેડ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટની શરૂઆત કરી છે. આ સાથે એપોલો હોસ્પિટલ્સ અમદાવાદ હવે રોબોટિક કાર્ડિયાક સર્જરી માટે બે ડેડિકેટેડ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ ધરાવતી રાજ્યની પ્રથમ હોસ્પિટલ બની છે. હોસ્પિટલના જણાવ્યા મુજબ, સીનિયર સીવીટીએસ સર્જન ડૉ. સુધીર અદાલતીના નેતૃત્વમાં અત્યાર સુધીમાં 75થી વધુ સફળ રોબોટિક કાર્ડિયાક સર્જરી કરવામાં આવી છે. નવી સિસ્ટમના ઉમેરાથી વધુ દર્દીઓને અદ્યતન અને મિનિમલી ઈન્વેસિવ હૃદયની સારવાર ઉપલબ્ધ બનશે.

એપોલો સીવીએચએફ હોસ્પિટલ્સના સીઈઓ અને ડિરેક્ટર તેમજ કાર્ડિયોલોજી વિભાગના ડિરેક્ટર ડૉ. સમીર દાણીએ જણાવ્યું કે, ગુજરાતના પ્રથમ ડેડિકેટેડ રોબોટિક કાર્ડિયાક સર્જરી યુનિટની શરૂઆત રાજ્યના દર્દીઓને વિશ્વસ્તરીય હૃદયની સારવાર વધુ સરળતાથી ઉપલબ્ધ કરાવવાના સંકલ્પને મજબૂત બનાવે છે. તેમણે જણાવ્યું કે અદ્યતન ટેક્નોલોજી અને અનુભવી તબીબોની ટીમ દર્દીઓને



વધુ સચોટ અને સુરક્ષિત સારવાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ડૉ. સુધીર અદાલતીએ જણાવ્યું કે, દા વિન્ચી Xi સિસ્ટમ દ્વારા સર્જરી દરમિયાન વધુ ચોકસાઈ, ઓછો ચીરો અને દર્દીને ઓછી શારીરિક તકલીફ સાથે જટિલ હૃદયની સર્જરી શક્ય બને છે. તેમના જણાવ્યા મુજબ, રોબોટિક સર્જરી બાદ દર્દીઓ ઝડપથી સ્વસ્થ થાય છે, હોસ્પિટલમાં ઓછા દિવસ રોકાવું પડે છે અને રોજિંદા જીવનમાં વહેલા પરત ફરી શકે છે.

હોસ્પિટલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર કમાન્ડર જેલસન કવલક્કટે જણાવ્યું કે, બીજી દા વિન્ચી Xi સિસ્ટમનો ઉમેરો એપોલોની રોબોટિક સર્જરી સેવાઓને વધુ મજબૂત બનાવશે અને વિવિધ વિશેષતાઓમાં મિનિમલી ઈન્વેસિવ સારવારની સુવિધા વધુ દર્દીઓ સુધી પહોંચાડવામાં મદદરૂપ બનશે.

હોસ્પિટલના જણાવ્યા મુજબ, દા વિન્ચી Xi રોબોટિક સર્જિકલ સિસ્ટમ, હાઈ-ડેફિનેશન 3D વિઝ્યુલાઈઝેશન અને અદ્યતન રોબોટિક સાધનોની મદદથી નાના ચીરા દ્વારા સર્જરી કરવાની સુવિધા આપે છે. જેના કારણે ઓછો રક્તસ્ત્રાવ, ચેપનું ઓછું જોખમ, ઓછો દુખાવો અને ઝડપી રિકવરી જેવા અનેક ફાયદા દર્દીઓને મળે છે. હોસ્પિટલનું કહેવું છે કે આ નવા યુનિટની શરૂઆત સાથે ગુજરાત તેમજ પડોશી રાજ્યોના દર્દીઓને વિશ્વસ્તરીય રોબોટિક કાર્ડિયાક સર્જરીની સુવિધા વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

